અને એક દિવસની વાતચીતથી અમારી વચ્ચે ગાઢી દોસ્તી બધાઇ ગઇ મેડમ વેરાની સાથે ત્યાર પછી મને વારવાર મુલાકાત થવા લાગી તેણે મારી સાથે બે કારણોથી મૈત્રી કરી હતી એવુ મારા મિત્રો કહેતા હતા એક તો હુ દેખાવે સુદર અને બીજુ મારી પાસે અઢળક ધન ! ધીમે ધીમે મેડમ વેરા દિલની વાતો પણ કરવા લાગી વાચકોએ સ્મરણમા રાખવુ જરૂરી છે કે કેવળ સત્ય હકીકત મેળવવાનો આ મારો ઢોગ હતો, પરતુ શુ મેડમ વેરા પણ એજ પ્રકારની રમત મારી સાથે રમતી ન હોય ? વાચકોને આપોઆપ આ વાતનુ રહસ્ય આગળ જતા માલમ પડી જશે.

સધ્યાનો સમય હતો. નની નદીના તટપર એકાન્ત ઉપવનની રમ્ય કુજમા બેઠા બેઠા અમે સુખ દુ ખની વાતો કરતા હતા અમારી પાછળ થોડે દૂર ઉચી જગા પર હુર્થન નામનુ જગલ હતુ અમારા પગ આગળથી જ નદીનું કાચ જેવુ નિર્મળ પાણી વહી રહ્યુ હતુ જગલના મઘમઘતા ફૂલોથી નદીનુ પાણી આચ્છાદિત થઇ ગયુ હતુ અને એ ફૂલોપર ભ્રમરનુ ગુજન અતિ કર્ણપ્રિય લાગતુ હતુ મદ, શીતલ, સુગધ પવનનો સ્પર્શ હૃદયમા અપૂર્વ આનદ સચારતો હતો અને પરિણામે મનની વ્યાકુળતા અને પ્રેમની માદકતા કઇક પ્રમાણમા ઉત્તેજીત થતી હતી

એ દિવસે, વેરામા મને અદભૂત સુદરતા માલમ પડી મે તેને કહ્યુ, "તમારૂ આટલુ રૂપ છતા વિધાતાએ મૃત્યુ લોકમા તમને કેમ મોકલ્યા હશે ? તમારા રૂપવહ્નિમા આ સૃષ્ટિના લોકને સળગાવી મૂકવામા વિધાતાએ શો લાભ જોયો હશે ?"

વેરાના હાથમા એક નવલકથાનુ પુસ્તક હતુ મારી વાત સાભળી તેણે તે પુસ્તક દૂર મકી દીધુ મદ અવાજે મને પૂછ્યુ, "આજે મારી આની સ્તુતિ કરવાનુ શુ પ્રયોજન ?"

મે જવાબ આપ્યો, 'રૂપની પ્રશસા કોણુ નહિ કરે ' વેરા ! સાચેજ, હુ તારા કઠસ્વરમા વીણાનો ધ્વનિ સાભળી રહ્યો છુ તને જોઉ છુ તો મન લાગે છે કે સ્વર્ગની કોઇ પરી મારી સમક્ષ આવીને ઉભી છે આજ સુધી ઇગ્લિડમા તારા જેટલી ખુબસુરત સ્રી મે નથી જોઇ"

વેરાનુ મ્હો શરમથી નીચુ વળ્યુ, અને બોલવા લાગી "અહા ! પાગલની માફક તમે શુ બોલી રહ્યા છો ? તમારી આ ખુશામત શા માટે ' તમને ખબર નથી કે હુ પરણેલી છુ ? બે વર્ષ પહેલા મારૂ લગ્ન થઇ ગયુ છે"

મે તક જોઇ સપાટાબધ કહી નાખ્યુ, 'પણ હે વેરા ! તને તારા પતિનો પ્રેમ નથી !"

વેરાએ ચોકીને પૂછ્યુ, 'એની તમને કેવી રીતે ખબર થઇ ? તમને આ કોણે કહ્યુ ?"

મે સભાળીને કહ્યુ "ના, કોઇએ કહ્યુ તો નથી, પરતુ શુ એ વાત જુઠી છે ''

થોડા વખત વિચાર કરી વેરાએ કહ્યુ, "ના, એ વાત જુઠી તો નથી પણ એમા મારો શો વાક ? હુ નવયુવતી છુ, મારો પતિ પચાસની પાસે છે ! તેની અદર અનુરાગ નથી, મનમા ઉત્સાહ નથી મારા પર તેનો બિલ્કુલ પ્રેમ નથી એવા પતિનો હુ શી રીતે પ્રેમ કરી શકુ ' એવા પતિ સાથે રહેવુ મને ભારે દુખદ લાગ્યુ.

એટલે મારૂ યૌવન, રૂપ અને પ્રેમ લઇને યરોપમા ઠેકાણે ઠકાણે રોડી રહી છુ ”

મે કહ્યુ ‘વેરા! તુ મહા અભાગી છે તારી વાત સાભળી પત્થરનુ યે હૃદય પીગળી જાય તારી કહાણી દુ ખપૂર્ણ છે, વેરા! વેરા! મારા જીવનનુ બલિદાન આપતા પણ જો તારૂ કષ્ટ દૂર થતુ હોય તો હુ મારા પ્રાણ સમર્પણ કરવા તૈયાર છુ ”

હવે વેરાએ પોતાની આત્મકથા કહેવી શરૂ કરી દશ મિનિટ મે એની વાત સાભળી તેમા ત્રણ વખત મે મારી આખો રૂમાલથી લુછી વેરાની આખ પણ આસુથી ભીની થઇ ગઇ પોતાની કથા કહેતા કહેતા વેરાનુ મસ્તક મારી ખભા પર ઢળી પડયુ તેની કરુણ કહાણી સાભળી મારુ હૃદય તેના પ્રત્યે સહાનુભૂતિથી ભરાઇ ગયુ

વેરાની કરૂણ કહાણી સાભળતા સાભળતા હુ મને પોતાને ભૂલી ગયો એની કથા મને ભારે લાગી તેણે કહ્યુ “ મારા લગ્ન એક પુરુષ સાથે મારી ઇચ્છા વિરુદ્ધ થયુ મારા પતિનુ નામ કર્નલ ક્રિસ-વરનો છે (એનુ કર્નલ ક્રિવેરનો છે એ હુ જાણતો હતો પણ એને ખબર નહોતી) આ તે ઓસ્ટ્રિયન સરકારના મોટા અમલદાર છે તેની ક્રૂરતા અને દુરાચાર સામે મને તેના પ્રત્યે તિરસ્કાર થયો અને તેને છોડી દઇ હુ ઇંગ્લાંડ ચાલી આવી”

વાત પૂરી થઇ અને વેરાએ રડી ઉઠી મૂકયુ અત્તરથી ભરેલા રૂમાલથી મેં તેની આખમાથી આસુ લૂછી નાખ્યા વેરાના હૃદયમાથી એક દીર્ઘ નિશ્વાસ નીકળી શૂન્યમા મળી ગયો

મે તેને કહ્યુ, “ વેરા તુ આ બધા દુ ખોનુ સ્મરણ ભૂલી જા કેવી રમ્ય સધ્યા! કુદરતનુ કેવુ મનોહર દૃશ્ય! આવા આનદિત સમયે તુ દુ ખનો બોજો ફેકી દે. ”

યુવતીએ વળી એક દીર્ઘ શ્વાસ ખેચીને કહ્યુ, "તમે ફ્રાંસના રહીશ! ફ્રાંસનો યુવક રશિયન જાતિના ગૃહસ્થજીવનના કષ્ટની વાત શુ જાણે? સમાજમા અમારી કેવી અધમ દશા છે તેનુ વર્ણન તમે સાભળો તો દિગમૂઢ થઇ જાઓ!"

મે ઉત્સાહ સાથે કહ્યુ "ઠીક ત્યારે, મને તે ન વર્ણવો? મને તમારા દેશની વાત સાભળવી અત્યત પ્રિય લાગે છે"

'હા તમારા દેશમા નિહિલિસ્ટ નામનો ગુડાઓની કોઇ સમિતિ છે ના? એ બધા વળી શુ કરે છે, કેમ રહે છે? એ જાણવાની મન ભારે ઉત્કઠા છે"

યુવતીને ધ્રાસકો પડ્યો અને પૂછવા લાગી, "તમે શુ બોલ્યા' નિહિલિસ્ટ! નિહિલિસ્ટોની વાતની ભલા, મને શી ખબર! હુ તો ખાનદાન ઘરની સ્ત્રી છુ રાજદ્રોહીઓ સાથે મને શો સબધ? અને એ બધી માથાકૂટમા પડવાની મને શી જરૂર?'

પણ મે તો સાભળ્યુ છે કે "રશિયાનુ બચ્ચુ પણ નિહિલિસ્ટોની વાત બરાબર જાણે છે'

યુવતીએ જવાબ આપ્યો, 'મને ખબર છે, ત્યા સુધી, નિહિલિસ્ટોનુ દળ પૃથ્વી પર સર્વત્ર વ્યાપ્યુ છે જો કોઇ પુરૂષ પર તમે પાશવી અત્યાચાર કરો અને તમારી સામે તે પુરૂષ ફરિયાદ કરે એટલે તેને ન્યાય આપવો તો બાજુ રહ્યો પણ ઉલટુ તેને જ અપરાધી ઠરાવી, દેશનિકાલની સજા ફરમાવો, અને ત્યા તમારા જુલ્મોથી ત્રાહિ ત્રાહિ પોકારે ત્યા મ્હોમા કપડાનો ડુચો મારી તેની છાતી પર ચઢી બેપ્રી મુક્કા લગાવો, ત્યારે તમે માનો છો કે એ નિહિલિસ્ટ દળના માણસો-પેલા નિરપરાધીઓના સ્વજનો-તમને

રહેજમા જતા કરશે ? તમારા પર વેર વાળવા કા તો તે છરી મારી તમારૂ ખૂન કરશે અથવા બોમ્બ ફેકી તમને ઉડાવી દેશે અમારા દેશમા બળવાખોરોની સખ્યા દિન પર દિન વધતી જાય છે તેનુ કારણ માત્ર અમારા દેશની રાજ્યપદ્ધતિ છે"

આ વાત સાભળી હુ હેરત પામ્યો રશિયન સરકારની મુકત કઠે તારીફ કરનારને મ્હોએથી તે સરકારનો આટલો વિરોધ ? હુ તો જોઇ રહ્યો છુ કે તમે નિહિલિસ્ટોનો જબરદસ્ત બચાવ કરી રહ્યા છો ?

યુવતીએ કહ્યુ, "રશિયન સામ્રાજ્યમા એક કાઉન્ટ ટોલ્સ્ટોય છે. તેના સિવાય કોઈ બીજાની મગદુર નથી કે ઝારની વિરૂદ્ધ એક શબ્દ પણ બોલી શકે પણ મને આ વાતોની બહુ ખબર નથી, મને કઇ ભય નથી સાચુ પૂછો તો એક રીતે હુ પણ દેશનિકાલ જ થઇ છુ"

આ તો કોઇ આબાદ ચાલાક ખોપરી માલમ પડી ! અત્યાર સુધી અસખ્ય સ્ત્રીઓને મે જોઇ પણ બુદ્ધિચાતુર્યમા આ તો કોઇ અજબ વિલક્ષણ બાઇ ! આવી સ્ત્રીથી પરાજય પામવામા પણ સુખ અને આનદ હોય છે મને ભૂલાવામા નાખવા, મારા મન પર પોતાનો પ્રભાવ જમાવવા, મારી સહાનુભૂતિ અને દયા મેળવવાની મતલબથી એક પછી એક જૂદી વાત એણે કેહવા માડી સધ્યાકાળ વીતી રાત્રિ પોતાનુ અધકારમય સામ્રાજ્ય પ્રસરાવવા લાગી, પક્ષીઓ કલ્લોલ કરતા બધ થઇ માળામા ભરાઈ ગયા

યુવતીએ એક સીગારેટ મારા હાથમા મૂકી અને બીજી તેણે પીવી શરૂ કરી દીધી સીગારેટ પીવામા પણ તે ભારે નિપુણ જણાઇ-

સીગારેટની લ્હેમા આવી વેરાએ રશિયાના ઝારના અત્યાચારો અને આમ પ્રજાના તેની સામેના આદોલનોનુ વર્ણન સભળાવવા માડયુ. વાહ! સીગારેટ, તારી બલિહારી! યહુદીઓને ઝારશાહીએ ઓડેસામાથી બહાર હાકી કાઢયા તેનુ વર્ણન સાભળી મે એ યુવતીને કહ્યુ, "રશિયન સરકારના સબધમા તમે કોઈ કોઇ વખત જે લખો છો તેમાના એકાદ બે મે પણ વાચ્યા છે"

વેરાએ હસીને જણાવ્યુ, "અહો! મને થોડો ઘણો લખવાનો અભ્યાસ છે વર્તમાનપત્રોમા લખવા મને એક જાતનો આનંદ અને સાથે સાથે થોડી આવક પણ થાય છે પરતુ બધા પોતાનુ વ્યકિતગત રાજનૈતિક વલણ સ્પષ્ટ રૂપમા પ્રસિદ્ધ કરવાનુ નથી ચાહતા હુ પણ નથી ચાહતી જો તમે કોઇ દીવસ રશિયા જાઓ તો તમને માલૂમ પડશે કે રશિયન સરકારની રાજપદ્ધતિની સખ્ત સમાલોચના કરવી કેટલા શેરની વાત છે

ઘડિયાળમા ૭ વાગ્યા અને અમારી વાતચિત બધ થઇ નાવમા બેસી પાદરી સાહેબના બગલા તરફ અમે હકાર્યુ. બગલાની સામા કિનારા પર હોડકુ લગર કર્યુ, અને અમે ઉતરી પડયા.

થોડા વખત મારી જાતપર મને તિરસ્કાર આવ્યો, વિરકિત ઉત્પન્ન થઇ, પણ મને તરતજ સ્મરણ થયુ કે અમે તો રશિયાને મુકત કરવાનુ મહા વ્રત ગ્રહણ કર્યુ છે.

બીજે દિવસે ભોજન વખતે હુ વેરાની પાસેનીજ ખુરસીપર બેઠો ભોજન પૂરૂ થવા આવ્યુ એટલામા એક દાસી વેરાના નામની

એ ચિઠ્ઠીઓ આપી ગઇ એક નાની ચિઠ્ઠી હતી, જે કોઇ સ્ત્રીની લખેલી હોય એમ જણાયુ બીજી ચિઠ્ઠી ઘણીજ લામી હતી તને એક પરબીડીઆમા બધ કરવામા આવી હતી પરબીડીઉ જોતાજ હુ કળી ગયો કે એ પત્ર કોઇ રશિયન રાજકર્મચારીનોજ હોવો જોઇએ વેરાએ એકદમ તે પત્ર ઉપાવી લીધો અને કોટના ખિસ્સામા મૂકી દીધો.

એજ દિવસે સાજને સમયે વાળુ કર્યા પછી અમે ગપાટા મારતા હતા તે વખતે વેરા ત્યા માલમ ન પડી એટ લાગીને તે વિષે પૂછતા તેણે કહ્યુ કે કપડા બદલીને વેગ નદી કિનારા તરફ ગઇ છે

મે તરત તે તરફનો માર્ગ લીધો એ વખતે આકાશ સ્વચ્છ હતુ સર્વત્ર ગભીર શાતિ પ્રસરી રહી હતી નદી કિનારા પર મોટા મોટા લોકોનુ એક મેળાપસ્થાન હતુ હુ ત્યા પહોચી ગયો અને તે સ્થાનની ડાબી બાજુએ ઉભો રહ્યો કોઇનો અવાજ મારા કાને પડ્યો મે કાન માડ્યા મને માલમ પડ્યુ કે વેરા જર્મન ભાષામા કોઇની સાથે વાત કરી રહી હતી

વેરા પૂછતી હતી "તમે મને શુ કરવાનુ કહો છો ?"

અપરિચિત કઠે એક પુરુષ બોલ્યા, "તમે પહેલા જેમ કર્યુ તેમ આ પ્રસગે પણ કામ લો મત્રી સભા તરફથી આજે તમને જે રાજ વાત કહેવામા આવી છે તે બધી મને માલમ પડી ગઇ છે"

વેરાએ કહ્યુ, "મારે જે જાણવાનુ હતુ તે બધુ મે જાણી લીધુ છે"

અજાણ્યા માણસે વ્યાકુળતાથી કહ્યું, "હા, બધું જાણી લીધું ? ત્યારે તો તું ખૂબ હોશિયાર ! ઠીક, ત્યારે કહે, તને શું માલમ પડયું ?"

"મે અત્યાર સુધી રિપોર્ટ તૈયાર કર્યો નથી મંત્રીસભાએ મને આ કામ પર નિયુક્ત કરી છે, તમે મને નથી નીમી."

"સુંદરી મને માફ કરો. કૌતુહલને વશ વર્તી એ વાત હું જાણવા ઇચ્છું છું '

"તમારૂં એ કૌતુહલ હું દૂર નહિ કરી શકીશ તમારૂં કૌતુહલ દૂર કરવું એટલે મારો સર્વનાશ હું સારી પેઠે જાણું છું કે તમે જનરલ પ્રેસરને ત્યાં આ ગુપ્ત સમાચાર પ્રસિદ્ધ કરી દેશો પણ રૂપિયાની જરૂર તમને જેટલી છે, તેથી ઓછી જરૂર મને નથી"

' પરંતુ તું મારા તરફ સંદેહની નજરથી જૂએ છે હું તને કહી રહ્યો છું કે તારે રહેજ પણ બ્હીવા જેવું નથી. હું તારી વાત કોઇને પણ ન કહું "

"હું તમારી વાતો પર વિશ્વાસ કરી શકતી નથી " એટલું બોલી આવેશમાં આવી જઇ વેરાએ કહેવું શરૂ કર્યું, ' તમે મને ફસાવવાજ આવ્યા છો પેલી વખત મે પેરિસમાં તમને એક ગુપ્ત વાતનો ભેદ જણાવ્યો અને તમે મને દગો દઇ એ બીના રાજદરબારમાં રજૂ કરી દીધી, જેને પરિણામે તમારી વાહવાહ બોલાઈ અને બદલામાં પેટ ભરીને ઇનામ મળ્યું ખુદ સમ્રાટ ઝારે એ માટે તમારી તારીફ કરી એ પ્રમાણે મારી મહેનત પર પાણી ફેરવી મફતનો લાભ તમે ખાટી ગયા છો એ હકીકત હું ભૂલી જઇ શકું ?"

" વેરા, તમારી મહેનત પર કેમ પાણી ફેરવુ ? તુ મારી સ્ત્રી છે મારી ઇજ્જત એ તારી ઇજ્જત છે, મારી પ્રશસા એ તારી પ્રશસા છે શુ તુ એમ નથી માનતી ?"

વેરાએ કહ્યુ " હુ તમારી સ્ત્રી છુ ? મે તો તમારી સાથે કોઇ જાતનો સબધ નથી બાધ્યો મારા ઉપર તમારો કશો અધિકાર નથી તે છતા તમે આમ શા માટે મારો પીછો લઇ રહ્યા છો ? તમારી મદદ વિના શુ હુ મારૂ કામ પાર ઉતારૂ એમ નથી ? "

" જરૂર પાર ઉતારી શકે છે પણ મારી સહાયતાથી તુ કઠણમા કઠણ કામ વિના તકલીફે કરી શકે છે "

" જો તમારી સલાહ લઇ મારે કામ કરવુ હોય તો મને ધિક્કાર હજો મે તમારી સાથે લગ્ન કર્યા હતા એ સાચી, પરતુ તમારી સાથે હુ એકે દિવસે રહી નથી, એ પણ સત્ય છે "

પેલા અજાણ્યા પુરૂષે વેરાનુ કહેવુ સાભળી જણાવ્યુ ' મે એક વખત તારો જાન બચાવ્યો હતો તે તને યાદ છે ?"

" હા, યાદ છે, પણ તે કાઢવાની કાઇ જરૂર ? તમે જે કર્યુ એ તમારૂ કર્તવ્યપાલનજ કર્યુ છે, તેથી વધુ કશુ તમે નથી કર્યુ ગમે તે હો પણ હવે હુ અહીં વધુ રોકાઇ શકુ એમ નથી ઘરમા ખબર પડી જશે કે હુ ઘર છોડી કોઇ બીજી જગ્યાએ ગઇ છુ "

ને પુરૂષે કહ્યુ, " તારે મારા હુકમ પ્રમાણે કામ કરવુ જ પડશે. મારી ઇચ્છા છે કે તુ રશિયા ચાલ અને મારી સાથે રહે "

" હ, એમ ? તો પોલ ફ્રિનેસ્કો, તમે સાભળી લો કે હુ અતરમા વાસ્તવિક રીતે તમને ધિક્કારૂ છુ તમારા પ્રત્યે મને લેશ પણ પ્રેમભાવ નથી. અને જ્યા અરસપરસ પ્રેમ નહિ ત્યા સુખ અને

આનંદ ક્યાંથી સંભવે ? હું એક વખત મરણ વહાલું ગણીશ પરંતુ તમારા હાથમાં એક પુતળીની માફક નાચવાનું પસંદ કરીશ નહિ એની તમે ખાત્રી રાખજો ”

એ પુરૂષે ક્રોધથી કંપતા કંપતા મોટા અવાજે કહ્યું “ વેરા, તું બોલે છે તેનું તને ભાન છે ? તરૂ સાહસ બહુ વધી ગયું છે પરિણામની તને ખબર છે ? હું તને ચેતવું છું કે મને વધારે ગુસ્સો ચઢાવવામાં માન નથી હું તને જાનથી મારી નખીશ ”

વેરાએ જવાબ આપ્યો, “ મારે તમારી ધમકી નથી સાંભળવી કારણકે મને તેનો ડર નથી તમારૂ સામર્થ્ય અજમાવવાનો હું તમને પડકાર આપું છું ફરી કહું છું કે તમારી ખ્વાહેશ હું કદીપણ તમારી આજ્ઞા માથે ચઢાવનાર નથી પછી ભલે તેમાં મારૂ મૃત્યુ નિમાયું હોય ”

તે પુરૂષે ભણ્યું “ હવે બહુ થયું વધુ કચકચ કરશે તો પરિણામ સારૂ નહિ આવે તે ધ્યાનમાં રાખજે હજી તું મારું ભનુ ઇચ્છતી હોય, તારો પ્રાણ બચાવવા માંગતી હોય તો મને બધું અક્ષરે અક્ષર કહી દે, નહિ તો તારૂ માથું ધડ ઉપરથી ઉડી જશે અને તારી લાશ આ નદીમાં ફેંકી દઇ ચાલ્યો જઇશ હું જે કહું છું તે પ્રમાણે જ કરવાનો છું, માટે કાંતો બધી વાત મને કહી દે, કાં તો મરવા તૈયાર થઈ જા સાવધાન ! ” આટલું કહી તે પુરૂષ વેરા પર ધસ્યો અને તેની ગરદન પકડી લીધી

વેરા મંદ અવાજે બોલી ઉઠી, “ મને છોડો શું તમે સાચેજ મને મારી નાખશો ? મારું ખૂન કરશો ? તમે કેવા કાયર છો ? એક અસહાય અબળા પર આમ નીચ હુમલો કરતાં તમને શરમ નથી

આવતી ? અરે ! કોઇ અહો છે કે ? આ રાક્ષસના હાથમાથી કોઇ મને બચાવો, અરે ! દોડો મારો પ્રાણ બચાવો ”

છલગ મારી એ બનાવના સ્થળે પહોચી જવા હુ તૈયાર થઇ ગયો. પણ તરતજ થોભ્યો વિચાર્યું કે આ વખતે જો એ મને જોશે તો એમનો બન્નેનો ઝઘડો તો મીટી જશે પરતુ મારા ઉદ્દેશની સિદ્ધિમા ભારે અવરોધ આવી પડશે

મે તો લપાઇને એ બન્નેનો ઝઘડો જોવાનો નિશ્ચય કર્યો વેરાના પાતની ઉમર લગભગ પચાસ વર્ષની હશે પણ તેના શરીરમા પૂરી તાકાત માલુમ પડી હતી અને એને જોતા લમ્પટ માણસ હોય એ જણાઇ આવતુ હતુ તેનો ચહેરો પણ કહેતો હતો કે એ કોઇ ભારે [illegible] મે અગાઉ પણ કર્નલ ક્રિવેરકોનુ નામ સામળ્યુ હતુ [illegible] ના પ્રેમમા પડી નિહિલિસ્ટોની ગુપ્ત વાત રશિયા [illegible] જણાવી દીધી હતી, અને સમ્રાટની કૃપા પ્રાપ્ત [illegible] કહી શકતો કે આવા વિશ્વાસઘાતક આ પૃથ્વી ઉપર [illegible] પડયા હશે ?

મે જોયુ કે કર્નલ પોતાની સ્ત્રીના શરીર પર ચઢી બેસી પોતાના બન્ને હાથેથી તેનુ ગળુ દાબી રહ્યો હતો આ ક્રોધથી ગરજી રહે [illegible] ધીમે ધીમે એ બન્ને નદીની પાસે જતા ગયા વેરાનો આર્તનાદ અને કર્નલની ગર્જના મારા કાને પડી પરતુ એ સ્થાન એવુ એકાન્ત હતુ કે એ શબ્દો મારા સિવાય બીજા કોઇ ન સમજી શકે. થોડી મિનિટ પસાર થઇ હશે એટલામા એક ભયકર [illegible] સંભળાયો પછી સ્મશાન શાતિ પ્રસરી રહી

હુ સીધો નદીના પાણી તરફ દોડયો જાઉ છુ તો ત્યા કોઇપણ નજરે ન પડયુ એ નદીમા પાણી ઉછળી રહ્યુ હતુ નદી કિનારા પર

હુંઢી વળ્યો એકેએક ગુપ્ત સ્થાન તપાસી લીધુ પણ એ બન્ને સ્ત્રી પુરૂષમાથી કોઇનો પ તો ન લાગ્યો, કોઇનુ નામનિશાન ન જણાયુ

હુ પાદરી સાહેબના મકાન પર દોડી આવ્યો અને જાણે કંઇજ બન્યુ નથી કે મને કંઇ ભયકર બનાવની ખબર નથી એવો દેખાવ કરી પાદરી સાહેબના મકાનમાં બધી સ્ત્રીઓ સાથે આનદમાં ભાગ લેવા માડયો

રાત્રિ વીતી ગઇ પરતુ વેરા પાછી ન આવી એકાએક વેરા ગુમ થઈ જવાથી ચારે તરફ હોહાકાર થઇ રહ્યો વર્તમાનપત્રોમાં એના સબધમા તરેહ તરેહની વિચિત્ર હકીકતો પ્રસિધ્ધ થવા માંડી ઇંગ્લેડની ખાનદાન સ્ત્રીઓમા વેરાએ સ્થાન પ્રાપ્ત કરી લીધુ હતું અને વેરાના અકસ્માત કંઇ સમાચાર ન જણાવાથી સ્ત્રી વર્ગમા ભારે ગભરામણ પેઠી, તેઓ વેરા વિના ઉદાસ થઇ ગયાં

મે પાદરી સાહેબનુ ઘર છોડી ચાલ્યા જવાનો વિચાર કર્યો, પણ ત્યાથી હુ જાઉ તે પહેલા વેરાની પેટી, તેનો સરસામાન બરાબર તપાસી લેવાનુ હુ ન ચૂકયો વેરાને કયા રહસ્યનો પ તો લાગ્યો હતો, અમારી કંઇ ગુપ્ત વાતની એને ખબર પડી ગઇ હતી એ જાણવા માટે મારૂ કુતૂહલ ઘણુ વધી ગયુ. પણ એ કુતૂહલ કોઇ ઉપાયે પણ હુ શાત ન કરી શકયો.

લડન જઇને અમારી સમિતિને એ ઘટના સબધી સૂચના આપી. મારી સૂચના મળતાં સમિતિએ આજ્ઞાપત્ર કહાડયુ કે કર્નલ અને તેની સ્ત્રી કયા અને કેવી અવસ્થામા રહે છે તેનો પ તો મેળવવો. એ વખતે એ જાણવુ અમને ખાસ ઉપયોગી થઇ પડયુ હતું કે એડમ કોવલસ્કી અમારૂ ભયકર કાવતરૂ કયાં સુધી જાણી શકી હતી.

એ ધ્યાનમાં લઇ કર્નલ અને તેની સ્ત્રીના ફોટા લંડન અને બીજે સ્થળે મોકલી દેવામા આવ્યા હુ મારા સાથી મિટ્રિ ઇર્ટનોફની સાથે લંડનની સડકો પર ચક્કર મારતો રહ્યો વેરાની શોધમાં હું કેટલીયે જગ્યાએ અથડાઇ આવ્યો પણ અમારી આશા ફળીભૂત ન થઇ તે નજ થઇ લોકસમ ગાર્ડનમા વેરાના મકાન પર પ્રિનવચ સખ્ત નજર રાખવા લાગ્યો હુ જાણતો હતો કે કદાપિ અમારી આંખોમાં ધૂળ નાખી શકે એમ છેજ નહિ, પરંતુ તે બન્નેમાથી એકે જીવતુ હતુ કે કેમ એ પ્રશ્ન મને હરઘડીએ થતો

એક દિવસ સવારે જાગીને જોઉ છુ તો વર્તમાનપત્રમાં ખબર પ્રસિદ્ધ થઇ હતી કે નિની નદિના પાણી ઉપર કર્નલની લાશ તરતી મળી આવી હતી અને વેરા લંડન ચાલી ગઇ હતી આ હકીકતની સત્યતા વિષે પાકી ખાત્રી કર્યા પછી અમારૂ કાર્ય જૂદી દિશામા વળ્યુ, ગુપ્તરૂપે અઠવાડીઆઓ સુધી અમારૂ કામ ચાલુજ રહ્યુ

એ નવેમ્બર મહીનો હતો, એક દિવસ સંધ્યાસમયે કુદરતે વિકાગ સ્વરૂપ ધારણ કર્યું મુસળધાર વરસાદ શરૂ થયો, વીજળીના ચમકાર અને વાદળાંના વડાકા યુધ્ધની યાદ આપતા હતા એ દિવસે વરૂણ દેવની પ્રચંડ યુધ્ધ માટેની ભયંકર તૈયારીઓ જોઇ ઘરની બ્હાર પગ મૂકવાની કોઇની હિમ્મત ચાલી નહિ પરંતુ એજ વખતે અમે ઇસ્ટબર્ગ અને વીચીહેડની નજદીકની પર્વતમાળા ઉપર ભ્રમણ કરી રહ્યા હતા એ વખતે અમને માલમ પડયુ કે સમુદ્ર કિનારે એક આદમી ઘૂમી રહ્યા છે એની આકૃતિ સ્પષ્ટ તો ન દેખાઇ મારી પાસે એક દૂરબીન હતું તે વડે એ પુરુષની આકૃતિ જોવાનો પ્રયત્ન કર્યો બહુ વખત સુધી મારા સાથી મિટ્રિએ એ દૂરબિન દ્વારા

જોયા કર્યું અને બોલી ઉઠયો, "દોસ્ત, અંતે આપણી મહેનત સફળ થઇ આનંદ કર, ખુશ થા, જેને આટલા આટલા દિવસથી આપણે ખોળી રહ્યા છીએ તેજ પેલો માણસ !"

મે પણ ભારે ઉત્કંઠાથી દૂરબીનદ્વારા જોયુ અને વેરા કોવલસ્કિ મુસળધાર વરસાદ માથા પર ઝીલતી ઇસ્ટિબોર્ગ તરફ ચાલી જતી નજરે પડી

અમે બન્ને વેરાની પાછળ પડયા તેની પાછળ પાછળ જતાં અમે જોયુ કે તે કવીન્સ હોટલમા દાખલ થઇ હતી હોટલમા તપાસ કરતા માલમ પડયુ કે વેરા એક મહીનો થયાં આ હોટલમાં મિસિસ ઓક્ષ્ફર્ડ નામ ધારણ કરીને રહેતી હતી કોઇક કોઇક વખત એક ગૃહસ્થ એને મળવા આવતો હતો બે કલાક પછી અમે કૈવેડિઝ હોટલમાથી કવીન્સ હોટલમા આવ્યા અને એક ઓરડી ભાડે રાખી ત્યાજ મુકામ કર્યો અમારી ઓરડી અને વેરાની જગ્યા એકજ લાઇનમાં હતી મે એકદમ મારૂ કામ કરી લેવામાંજ ચિત્ત લગાડયુ

વેરા જમવા માટે રસોડામા ગઇ હતી તે વખતે તેની સામે જવુ મે ઉચિત ધાર્યુ નહિ. થોડા વખત પછી બારીમાથી ડોકીઉં કરી જોયુ કે ભોજન કરી વેરા પોતાના ઓરડામા આવી ગઇ હતી અને અંદરથી બારણુ બંધ કરી દીધુ હતું હુ ધીમે ધીમે વેરાના શયનગૃહમા દાખલ થઈ ગયો

બિલકુલ અવાજ કર્યા વિના વેરાની તદ્દન પાસે જઇ મેં કહ્યુ, "કેમ, મેમ સાહેબ ! આપની તબિયત કેમ છે ! આટલા દિવસ તમારી શોધમા દોડધામ કર્યા પછી આજે તમારી મુલાકાત થઇ"

વેરા તો સૂતી હતી મારો અવાજ સાભળી એકદમ તે બેઠી થઇ ગઇ અને બોલી ઉઠી "મારી મુલાકાત થઇ ? તુ મારી પરવાનગી

વિના છાનોમાનો મારા ઓરડામાં ઘૂસી આવનાર કોણ ? મને બરાબર ખબર છે કે તુ કોણ છે, તારૂ નામ એટન પ્રેઝનવ-એક ભયંકર નિહિલિસ્ટ ! બોલ આ ખરૂ છે કે ખોટુ ? આ ઘડી જ પોલીસને બોલાવી હુ તને ગિરફતાર કરાવુ છુ" આટલુ બોલી વેરા વીજળી વેગે બારણા બ્હાર નીકળી જવા દોડી

પણ દોડીને મે તેનો રસ્તો રોકી દીધો અને બોલ્યો, "મહારાણીજી જોરથી ન બોલો તમારાથી કશુ બની શકે એમ નથી" આટલુ કહી મારા ગજવામાથી કલોરોફોર્મની શીશી કાઢી, રૂમાલ પર તે ખાલી કરી દીધી અને વેરાના નાક પર તે રૂમાલ દાબી દીધો મને આમ કરતો અટકાવવા વેરાએ ભગીરથ પ્રયત્ન કર્યો પણ તેને સફળતા ન મળી થોડી સેકડમાજ તે મારા ખોળામા ઢળી પડી

મે તેને પલગ પર સૂવાડી દીધી ત્યાર પછી તેની બેગ, ટ્ર ક, બીસ્તરો વગેરે સઘળી ચીજો એક પછી એક બરાબર તપાસી મારો આ પ્રયાસ વ્યર્થ ન ગયો ઘણા છૂપા પત્રો અને કેટલાક ફોટા મને મળ્યા નિહિલિસ્ટ સમિતિમા જેટલા જેટલા અગ્રગણ્ય સભ્યો હતા, તેના દરેકના ફોટા તેની પાસેથી મને મળ્યા કાગળ પત્રો વાચતા માલમ પડયુ કે વેરા અમારા પથના એકેએક માણસનુ નામ જાણતી હતી અને અમારા કાવતરાની એને ખબર પડી ગઇ હતી

સઘળા કાગળો મારા હાથમા સભાળીને લઇ હુ વેરાની પાસે ગયો એ વખતે તેનો ચહેરો જોઇ મને ભય ઉત્પન્ન થયો એની છાતીપર હાથ રાખી જોયુ તો તેનો શ્વાસ બધ થઇ ગયલો ! મે રૂમાલ પર જોઇએ તેના કરતા ઘણુ વધારે કલોરોફોર્મ નાખ્યું હતુ તેનુ આ પરિણામ આવ્યુ વેરા જીવતી થાય એવી આશા સ્હેજ પણ ન રહી

અરે ! મે આ શું કર્યું ? પણ હવે હું લાચાર હતો પાડોશીને વેરાના મૃત્યુની ખબર પડે તે પહેલા કવીન્સ હોટલમાંથી હું અગીઆરા ગણી ગયો

પણ એ વખતથી, કલોરોફોર્મની શીશી પર મારી નજર પડે છે કે તરત હું કમ્પી ઉઠુ છુ

પ્રકરણ બારમું.

થોડા દિવસ પહેલાંની આ વાત છે વર નામના સ્થળ આગળ સમ્રાટ ઝાર એલેકઝાંડર અને ઝરીનાની સ્પેશીઅલ ટ્રેનના થોડા ડબ્બા સળગી ગયા હતા, થોડા ભાગી ગયા હતા આજ સુધી સામાન્ય રીતે લોકોની એવી માન્યતા હતી કે આ બનાવમાં નિહિલિસ્ટોનો હાથ હતો પરંતુ એ સબંધી કશો પતો ઝારને મળ્યો નહિ આ દુર્ઘટનાને પરિણામે કિરસાનફ અને આટકારારક નામના બે સ્થળોમેથી છત્રીસ સ્ત્રી પુરષોને પકડી પૂર્વ સાઇબિરીઆમાં દેશનિકાલ કરવામાં આવ્યા બધાને આ વાત જાણીતી હતી પણ કદાચ આ હકીકત બધા જાણતા ન હશે કે એ સ્ત્રીપુરૂષો તદ્દન નિર્દોષ હતા ! પોતાની ઇજ્જતને, ખોટી પ્રતિષ્ઠા બચાવવા ખાતર પોલીસે આ નિરપરાધીઓને ગુન્હેગાર ઠરાવી દીધા હતા પણ એ વિષે સત્ય વાત હજી બ્હાર આવી નથી

આજે એ વાતનું રહસ્ય જણાવવા મે કમર કસી છે નીચેનુ વિવરણ વાચી વાચકોને માલમ પડશે કે કેવી રીતે એ દુર્ઘટના બનવા

પામી, કેવા અણુધાર્યા ઉપાયે સમ્રાટ્ અને સમ્રાજ્ઞીના પ્રાણ બચી ગયા, અને આ કાવતરૂ કેવી રીતે અમલમા મુકાયુ

રશિયન સરકારના ફ દમા ફસાયલા બીજા દેશના કેટલાક ટીકાકારો નિહિલિસ્ટો વિષે બોલાય તેટલુ ભુડુ બોલતા તેમનુ એમ કહેવુ હતુ કે નિહિલિસ્ટોનો માર્ગ બિલ્કુલ ભૂલ ભર્યો છે બોમ્બ ગોળાથી લોકથી સમાજતત્ર અને રાજતત્રમાં સુધારો કરી શકાવવાનોજ નથી, એ આશાજ ફોકટ છે પોતાની માતૃભૂમિનો ઉધ્ધાર કરવા નિહિલિસ્ટોએ જે સાધન ઉઠાવ્યુ છે તે નિદનીય છે, પરતુ તે લોકોનો હેતુ ઉચ્ચ છે, એમા તો મોટા મોટા અગ્રેજ રાજનીતિજ્ઞો અને સમાજહિતૈષીઓને પણ જરાએ સદેહ ન હતો કેટલા ઉદાર સ્વભાવના અગ્રેજો અતઃકરણથી ઇચ્છે છે કે રશિયન પ્રજા આઝાદ બને, ઝારની આપખુદી ધુસરી ફેકી દે અને સ્વતત્ર બને કેટલાક દિવસ પહેલા રશિયામા યાહુદીઓ પ્રત્યે ધાતકી અત્યાચારો ગુજારવામા આવ્યા તેની ખબર ઇગ્લડમા પડતા લડનના મેયરે યાહુદીઓ પર દયા ભાવ લાવી રશિયન ઝાર સામે સખ્ત વિરોધ કર્યો હતો, પરતુ મેયર સાહેબને એ અનુરોધનો શો પ્રત્યુત્તર મળ્યો ? રશિયન સરકારે મેયરનો પત્ર પાછો મોકલ્યો અને સાફ સાફ લખી જણાવ્યુ કે રશિયન સમ્રાટની યહુદી પ્રજા માટે મેયરે માથુ મારવાની બિલકુલ જરૂર નથી, તેણે પોતાનુ કામ સભાલ્યા કરવુ

ગમે તેમ હો પણ નિહિલિસ્ટોને પોતાના દેશને, પ્રાણોથી પ્યારી માતૃભૂમિને ઝારની દુસહ પરાધીનતામાથી કોઇ પણ રસ્તે મુકત કરવીજ હતી આ દુર્દશામા ગરકાવ થઇ પડેલા અભાગી દેશના લાખો માણસો કેટલાં ભયકર કષ્ટો સહન કરી રહ્યા હતા ? ગરીબોને કનડવા

માટેજ કાયદાનો ઉપયોગ થતો, કાલસર્પની માફક ઝારના જુલ્મી કરો નિર્ધન પ્રજાનુ લોહી ચૂસી રહ્યા હતા પ્રજાને એમાથી ઉગારવાનો કોઇ માર્ગ ન હતો ? આ બધા અત્યાચારોને દૂર કરવાનુ સામર્થ્ય તો ખુદ સમ્રાટ ઝારમા પણ ન હતુ કારણ કે રાજસિહાસન પર બેઠેલા એને બધા અમલદારોના કૃત્યોની કયાથી ખબર હોય ? હૃદય હીન, સ્વાર્થાન્ધ, ધર્મજ્ઞાનશૂન્ય મત્રીમડળ લોકોને ચારે બાજુથી ઘેરી લઇ દેશનુ સત્યાનાશ કરી રહી હતી તેથી દેશમા સ્મશાન શાતિ પ્રસરી ગઇ એવુ કોઇ કાર્ય ન હતુ જે કરતા પોલીસ અચકાય ! બે ચાર રૂપિયા ખાતર કોઇ પણ રશિયનને પોલીસ દડ કરી શકતી અને તે પણ કાયદાના નામ હેઠળ ! આનુ નામ કાયદો એટલે વ્યવસ્થિત જુલ્મ નહિ તો બીજુ શુ ? કાયદાના બ્હાના નીચે હજારો સ્ત્રી પુરૂષોને ગિરફતાર કરવામા આવતા, હજારોને દેશ નિકાલની સજા ફરમાવાતી આમ આખા રશિયામાં આપખુદીની રાક્ષસીને ન્યાયના ફારસનુ અર્ધ્ય ચઢાવી સતોષવામાં આવતી રશિયાના ગમેતે ખુણામાં જૂઓ અને દરિદ્રતા સિવાય બીજુ કશુ નજરે ન પડે રસ્તા પર ભૂખે ટળવળતા લાખો સ્ત્રી પુરૂષો અને બાળકોને આળોટતા જોઇને તેમની પાસે પૈસા ચૂસવા માટેજ જેમણે જન્મ લીધો હોય એ હૃદયહીન અમલદારો પોતાને કૃતકૃત્ય માનતા, અને દેશમા એવી સ્થિતિ લાવવા માટે અભિમાન લેતા ! રશિયાના ખુણે ખુણે હાહાકાર થઇ રહ્યો હતો. શાસકોની નાદિરશાહીથી રશિયન સામ્રાજ્યમા સુખ શાતનુ નામ નિશાન ન હોતુ રહ્યુ આવા દુખ-ગ્રસ્ત દેશને બચાવવાનો કોઇ પણ માર્ગ જડે તો નિહિલિસ્ટો પોતાના પ્રાણના ભોગે પણ અખત્યાર કરતા ખુનની નદીઓ વહેવડાવી પવિત્ર વસુન્ધરા માતાને રક્તરજિત કરી નિહિલિસ્ટો પોતાના દેશની આઝાદી

નહોતા ઇચ્છતા પણ ધર્મની વાતોથી પાખંડીઓનું હૃદય પીગળે એ તદ્દન અસંભવિત લાગ્યું ત્યારેજ નિહિલિસ્ટ સંપ્રદાયે ખુનાખરકીના ઉપાયનું અવલમ્બન કર્યું રશિયાનો જે શત્રુ હોય તેના હૃદયમાં ભય ઉત્પન્ન કરવા માટે કોઇપણ સાધનનો ઉપયોગ કરવામાં નિહિલિસ્ટો કશો અધર્મ નહોતા જોતા

સિંહાસને ચઢી બેઠેલી રાજશક્તિઓને જમીનદોસ્ત કરી એ શક્તિઓના ટુકડે ટુકડા કરી નાખવા માટે પ્રથમ સ્વાર્થી અને પ્રજા-પીડક મંત્રીમંડળનો ખુરદો કાઢી નાખવાનો નિશ્ચય થયો અને એમાંજ રશિયન પ્રજાનો ઉદ્ધાર હતો એમ નિહિલિસ્ટ સંપ્રદાયે માન્યું કરોડો મનુષ્યોમાં શાંતિ અને કલ્યાણનું સામ્રાજ્ય પ્રવર્તાવવા દરરોજ સેંકડો નિહિલિસ્ટોએ રાષ્ટ્રસ્વાતંત્ર્યયજ્ઞમાં પોતાની કુરબાની આપવા માંડી, છતાં વિચારહિન અને ટુંકી દ્રષ્ટિવાળા લોકો તેમને નરહત્યાકારી પિશાચના નામથી ઉદ્દેશતા શરમાતા ન હતા

પરંતુ પિશાચ કહો કે ખુની ડાકુ કહો પણ નિહિલિસ્ટો તો સાવચેતી, ધીરજ અને દ્રઢતાથી પોતાનો સંકલ્પ પાર ઉતારવા પોતે દોરેલા માર્ગે ધપ્યાજ જતા હતા અને એ દિવસ આવી લાગ્યો કે લાખો સૈનિકોથી વિંટળાયલો છતાં રશિયન સમ્રાટ અમારાથી કંપવા લાગ્યો ધીમે ધીમે નિહિલિસ્ટોનું બળ વધતું ચાલ્યું સ્હેજ સંદેહ થતાં નિહિલિસ્ટોને સાઇબિરીઆના નિર્જન પ્રદેશમાં દેશનિકાલ થઇ ભયંકર કષ્ટો સહન પડતાં હતાં છતાં એ અશાંતિમાંની જ્વાળા આગ બિલ્કુલ નષ્ટ નહોતી થઇ અંધકારમ પણ એક દિવસ અરુણ ઉગશે અને નજીકનાજ ભવિષ્યમાં અમે એવો પ્રકાશ જોઇશું એવી અમારી દ્રઢ શ્રદ્ધા હતી

મારૂ નામ એન્ટન પ્રેજનવ છે એક વખત, રશિયાના રાજા વિરાજની સેનામા હુ એક વિશ્વાસુ સૈનિક હતો મારા પર દુખની ઝડીઓ વરસી અને મે નિહિલિસ્ટ પથનો અગિકાર કર્યો તે વાચકોને સારી રીતે માલુમ છે મારા જેવા નિહિલિસ્ટો ગણ્યાગાઠ્યા છે એમ માની લેશો નહિ, અમારી સખ્યા નજીવી નથી, અમે જ્યાને ત્યા પથરાઇ રહ્યા છીએ, અને અમને ખોળી કાઢવા મુશ્કેલ છે, નિહિલિસ્ટ કોણ કેવુ છે તે શોધી કઢવુ અતિ મુશ્કેલ છે

આ વખતે લડનની અમારી નિહિલિસ્ટ સમિતિએ પોતાનુ કાર્યાલય મકલ્યુ હતુ 'સોહો' નામના લડન પાસેના ગામમા અમારી સમિતિ હવે આવી હતી અહી પોલીસનો બહુ આવના જતા નહિ

મધ્યરાતના બાર વાગ્યા હતા અમારી સમિતિ પોતાનુ કાર્ય કરી રહતી હતી રશિયાના સમ્રાટની ગાડી ઉથલાવી પાડવા એક ષડયત્ર રચવાનો અમે વિચાર કરી રહ્યા હતા ખુબ વાટાઘાટ પછી અમારો વિચાર ઠરાવમા ઘડાયો

તે દિવસની સભામાં હુ હાજર હતો પાન પેટ્રક પિટર્સબર્ગથી તેજ દિવસે લડન આવી પહોચ્યો હતો, અને તેણેજ તે દિવસે સભાપતિનુ કાર્ય ઉપાડ્યુ લડનમા આગળ પડતા નિહિલિસ્ટોએ કુમિનિસ્ક, આરકનેલ, ખિનેવિચ વગેરેએ—તે સભામા હાજરી આપી હતી

સભાનુ કાર્ય શરૂ કરતા અમારા સભાપતિ મહાશય પેટ્રકે અમને કહ્યુ, "બધુઓ! આપણે સભાળપૂર્વક કામ કરીશુ તો આ રાજશકત પર એવો સખ્ત પ્રહાર કરી શકશુ કે તેને લઇને સારા યુરોપની રાજશકિત ધ્રુજી ઉઠશે રશિયાના રાજેન્દ્રના મનોઓની સત્તા ભાગી જશે, રશિયાનો તાજ ડગમગી ગબડી પડશે શુ

ત્યારે એવા પુણ્ય કાર્યમા હાથ જોડી આપણાથી બેસી રહેવાશે ? શું આપણે ઉદાસીનતા રાખી જોયા કરીશુ ?" "કદિ નહિ, કદિ નહિ" અમે બધાએ એક સાદે જવાબ આપ્યો

પેટ્રફે આગળ ચલાવ્યુ "હુ પણ કહુ છુ, કદિ નહિ, કદિ નહિ એક જીદગી તો બીજી સ્વાધીનતા આપણી સ્વતત્રતા અને આપણી ઇજ્જત માટે જાન નીસારવા આપણે તૈયાર છીએ, સ્વાધીનતા માટે જીવને સોધા કરવા આપણે તત્પર છીએ ભય આપણને છેજ નહિ, મુક્તિને માટે આપણે મૃત્યુને હથેળીમાં રમાડીએ છીએ. વેરા ફોવલસ્કી આપણી કટ્ટર દુશ્મન હતી, આપણે પહેલાં કરતાં વધારે નિર્ભય બન્યા છીએ આપણા દિલમા વ્હાલા વતન માટે સ્વતત્રતા ઝખીએ છીએ, આપણા દેશની સ્વાધીનતા એ આપણો ધ્યાનમત્ર છે પિટર્સબર્ગથી આપણા સાથીઓએ સદેશ કહાવ્યો છે કે સમ્રાટ ઝાર તથા સમ્રાજ્ઞી ઝારીના પોતાનો શિતળ પ્રમાદ છોડી પદર દિવસ પછી બ્હાર જનાર છે"

પ્રમુખ સાહેબે બોલવુ પૂરૂ કર્યું, અને મેજ પર એક નકશો ખુલ્લો કરી દીધો રાજદપતી પોતાના રાજકર્મચારીઓ સાથે રેલ મારફત જે રસ્તેથી જનાર હતાં તે રસ્તા નીચે તેમા લાલ પેસીલથી નિશાન કરવામા આવ્યા હતા એ નિશાનીઓ જોઈ મને સમજ પડી ગઇ કે એ રાજમડળ રેલ્વેને રસ્તે મોસ્કો, રિયાજન, તાન્વમ, આટકરસ્ક, વગેરે સ્થળોથી પસાર થઇ સાન્ટવ જશે, અને ત્યાથી નાવમા બેસી વોલ્ગા નદી ઉતરશે

પછી પેટ્રફ બોલ્યો, "ભાઇઓ! મને લાગે છે કે સમ્રાટને કોઇ નાની રેલ પકડાવી પાડશે પિટર્સબર્ગથી આપણા સાથીઓ આપણને સૂચના આપે છે કે એકાદ બ્રાચ લાઇન પર આપણે આપણુ કામ

કરવુ. મોટી રેલ પર પોલીસો સાવધ પહેરો ભરશે, અને કરડી નજર નાખી આપણુ કાર્ય ઉકેલવા દેશે નહિ આપણે તેથી, આવી નાની રેલ પર કાર્ય જમાવવુ અને પોલીસને છક્કડ મારવી આપણે આપણી કુશળતાથી એ નાની રેલ પર ફાવી શકીશુ, અને વિજય આપણોજ છે

મે પૂછ્યુ, "કયી તદબીરથી સમ્રાટને મારી નાખવાનો આપણે ઠરાવ કર્યો છે ?"

પેટ્રફ પોતાની દાઢી પર હાથ ફેરવવા લાગ્યો. તેની દાઢીના વાળ કેટલાક સફેદ હતા, અને કેટલાક કળા હતા, તેણે મારા તરફ ગૌરવ ભરી દ્રષ્ટિ નાખી અને કહ્યુ, "એ નિર્ણય તો આપણે બધા સાથે મળીને કરીશુ એ વિષે આપણે હનણાને હમણા નક્કી કરી શકીએ એમ નથી એમ છતા એટલુ તો નિશ્ચિત સમજવુ જોઇએ કે એ મહા કાર્ય આપણે પિટર્સબર્ગના આપણા નિહિલિસ્ટ ભાઇઓને નજ સોપીશુ, તેમના પર જેટલી વિપત્તિઓ પડશે તેટલી આપણા પર ન પડે, એટલે આપણેજ એ કાર્ય ઉકેલવાનુ બીડુ ઝડપવુ પડશે આપણે કઇ ગમગીનીમાં ગરકાવ થઇ રાજનીતિના દાવ ખેલતા નથી. આપણી આગળ તો બેજ વાત છે સ્વાધીનતા સર કરો નહિ તો મત્યુના ડાચામા હોમાઓ આપણી પાસે બીજુ કશુ સભવી શકેજ નહિ સ્વતત્રતા અને પ્રાણસમર્પણ એ બે વચ્ચે આપણા કર્મનો પ્રવાહ વહે છે, એ કાર્ય કરો એ કરતા મૃત્યુની સાથે બાથ ભીડો, જેને મૃત્યુના અમૃતની ઓળખ નથી, તેને માટે મરણજ સારી વાત છે. જીવવા કરતા તેનુ મોત વધારે ઇષ્ટ છે

"ખાવુ, પીવુ, અમનચમન ઉડાવવા, અને નિદ્રાની લેન લેવી એ આપણુ જીવન નથી જૂઓ, પણે જૂઓ, તમારા સ્વદેશના ભૂખથી ટળવળતાં માણસો જૂઓ, અત્યાચારથી રીબાઇ અદ્રશ્ય થતા તમારા

દેશબન્ધુઓ જૂઓ, જુલ્મમાં પીસાઇ, કચડાઇ નાશ પામતા તમારા દેશના વતનીઓ જૂઓ, અને જૂઓ તમારા નિષ્ઠુર, હૃદયશુન્ય સ્વાર્થીલા રાજકર્મચારીઓ, જૂઓ તમારી પીડાતી, કચરાતી માતૃભૂમિ, જૂઓ તેની ગુલામી દશા શું એ તમારા ભાઇઓ માટે, એ તમારી જન્મભૂમિ માટે તમે તમારા પ્રાણ વ્હાલા કરશો ? શું તમે આ જુલ્મી ઝારશાહીને નાબૂદ કરવામા તમારા લોહીની કુરબાની ન આપશો ? શું વિપત્તિઓથી ડરી જઇ, તમે પાછા હઠશો ?"

"નહિ, નહિ, કદિ નહિ," અમે બધાએ એક સામટો જવાબ આપ્યો

પછી પેટ્રફ સમ્રાટની ગાડી કયાં કયા થઇને જશે એ વિષે વિસ્તારથી સમજાવવા લાગ્યો એની વાતો સાંભળી મને માલમ પડયુ કે આ વિષયમાં પિટર્સબર્ગથી એને પૂરેપૂરી માહીતી મળી છે ઝાર સાથે પિટર્સબર્ગથી કોણ કોણ આવશે, એની સેવામાં કોણ કોણ નોકર હાજર રહેશે, ગાડીમા કેટલા ડબ્બાઓ હશે, વગેરેથી પેટ્રફ વાકેફ થયો હતો. રશિયાના રાજેન્દ્રને અને તેના મુખ્ય કર્મચારીઓને જે વાતની ખબર ન હશે તે અમારા પેટ્રફને મળી હતી દૂર દૂર લડનના પાટનગરમા બેઠા બેઠા, પદર દિવસ પછી સમ્રાટ ઝાર શુ કરશે તે અમારી જાણમા આવી ગયુ

ટારનિસ્કે કહ્યું, "સમ્રાટને મારવાના અનેક ઉપાયો છે તેની ખાસ ગાડી બે ચાર પૂલો પરથી તો જશેજ જશે રેલના માર્ગમા ઘણા પૂલો આવે છે એ ગાડી જો એકાદ પૂલ પર ચઢી તો તેને ડાઇનામાઇટથી ઉડાવી દેવી, અને જૂઓ આપણુ કાર્ય પાર પડયુ સમજવુ"

પેટ્રફ ગભીરતાથી બોલ્યો, "ના, એમ નહિ આ બન્ને ઉપાયો ઠીક નથી. આ તદબીર જો અમલમાં આણીએ તો બીજી બે ત્રણ

ગાડીઓ બચી જાય અને ન કરે નારાયણ ઝાર બચી ગયેલી ગાડીઓમા હોય તો આપણુ કાવત્રુ બધુ ધૂળમાં મળે આપણે તો એવુ શોધી કાઢવુ જોઇએ કે જેથી આપણુ કાર્ય સિધ્ધ થાય, અને તેમા લેશ માત્ર પણુ સદેહ નહિ રહે"

અમારી ચર્ચા પૂરી થઇજ નહિ. રાત વીતી ગઇ અને પ્હરોડ ફાટયો તો યે અમે એ તો નજ નક્કી કરી શકયા કે આ કાર્ય અમુકને સોપવુ અ... ચર્ચા દરમ્યાન રાત કયા ઓસરી ગઇ તે અમે જાણ્યુ પણુ નથી જયા જાન સાથે અમારે કુસ્તી કરવી છે. ત્યા આવી વાતો તરફ અમારૂ ધ્યાન જાય પણુ કેમ ?

પ્રભાત ઉગ્યુ આ કાર્ય કોને સોપવુ ? વિચાર થયો, ચિનોવિચને પણુ, પાછળથી અમે એ સામે વિરોધ લીધો ખૂબ ચર્ચાઓ ચાલી આખરે અમે ઠેવ્યુ કે ચિઠ્ઠીઓ નાખવી, અને તેમાં જેનુ નામ નીકળે તેને આ કામ સાધવુ ચિઠ્ઠીઓ નીકળી અને નામ ઉઘડયુ તો મારૂજ રશિયાના મહારાજાધિરાજને મારે ઉથલાવી નાંખવા ? તેની ખાસ ગાડીને મારે ગબડાવી મૂકવી ? બસ, મારી સમિતિનો મને હુકમજ થયો, એ પવિત્ર કાય મારે પાર પાડવુ.

હુ આનદની ધૂનમા આવી ગયો આવુ મહાન અને પુણ્ય કાર્ય મારા ભાગ્યમાં કયાથી ! આ કાર્ય પાર પાડવાનુ મને સોપાય એના કરતા બીજુ કયુ મારૂં સદ્‌ભાગ્ય ! હુ પ્રસન્નચિત્તે એ કાર્ય કરવા તત્પર થયો હુ બોલ્યો, રશિયાના રાજરાજેન્દ્રને મારેજ ઉથલાવી પાડવા !

ડિસેમ્બર મહીનો ચાલતો હતો, અને રાત પડી હતી અવરનવર તોફાનો થયા જ કરતાં, તેમા તે દિવસે સધ્યાકાળથી મુશળધાર વરસાદ વરસતો હતો આકાશમાં કાળાં કાળાં વાદળાંઓ જામી ગયાં

હતાં, અને વરસાદ ચાલુ જ રહેવાની આગાહી થતી હતી ઘડિઘડિ વિજળી ચમકારા મારતી હતી, પિટર્સબર્ગની અગાસીઓમાં, તેના મહોલ્લાઓમાં અને આખરે નદીઓના પ્રવાહપર તે ઘડિકભર થનગન નાચતી હતી આ વખતે ઘડિયાળમા એક થયો આજે નિહિલિસ્ટો રગ ખેલવાના હતા તેમનો અભિનય કોઇ દિવસ અટકયો નથી શહેરની નાટક શાળાઓમા પડદાઓ પડી ગયા હતા, હોટેલોમા બારણાઓ દેવાઇ ગયાં હતા, માણસોએ પ્રવૃતિઓ સકેલી હતી, શહેરમા સર્વત્ર નિસ્તબ્ધ શાતિ પથરાઇ હતી, અને આ વખતે નિહિલિસ્ટો પોતાના કર્તવ્યમાં રાસ ખેલતા હતા !

તે ઘોર રજનિમાં રેનેવિરકી નામના મારગપર હુ મદ ગતિએ ચાલતો હતો મારા ષડ્યત્રમાં મદદ કરવાનુ એક મિત્રે મને વચન આપ્યુ હતુ, એટલે તે પણ મારી સાથે પથ કાપતો હતો લડનથી પિટર્સબર્ગ મારા આવ્યાને બહુ તો અ ઘો ક ાક પણ વીત્યો ન હતો હું અહી બહુ મોડો આવ્યો છુ એ વાત ખરી છે, પરતુ અહીંના રસ્તાઓથી હુ સારી રીતે માહીતગાર છુ

વરસાદને લીધે મારા કપડા ભીંજાઇ ગયા છે, સખ્ત ઠડીને લીધે મારૂ અગ થરથર ધ્રૂજે છે, મારા દાંત કચકચે છે. મને બધે સુનુ સુનુ લાગે છે, મને પુષ્કળ થાક ચઢયો છે પાચ દિવસ મે રેલ્વેમાં લાગલાગટ મુસાફરી કરી છે, પાચ ઉપવાસો કર્યા છે નથી મને ખાવાનુ મળ્યુ, નથી મને સૂવાનુ મળ્યુ.

'હોટલ ડી યૂરોપ' છોડી આગળ ગયો એટલામાં મારી નજરે મનુષ્યની એક આકૃતિ આવી સડક પર આ વખતે દિવાઓની ઝાખી રોશની હતી એ ઝાખા પ્રકાશથી હુ જોઇ શકયો કે તે મૂર્તિ સડકની

નજદીકજ હતી એનુ શરીર બહુ ઉંચુ ન હતુ એનો બાધો સ્હેજ વિશાળ હતો મારી સામે એક બે વખત જોઇ તે સામેની ગલીમાં ભરાઇ ગઇ મને આ ઘટનાનુ રહસ્ય સમજાયુ નહિ રાતને વખતે અહી મારી તપાસ કરવા કોણ આવ્યુ હશે ? કોઇએ મારો પીછો તો નથી પકડ્યો ?

ગમે તેમ હો, મારે ચિન્તા કેવી ? આવી આવી ધૂળ જેવી વાતો પર વિચાર કરવાથી મારૂ શુ વળ્યુ ? મારૂ કામ કેટલુ સિદ્ધ થવાનુ હતુ ? હુ ડરૂજ કેમ ? જે કાર્ય માટે મે યૂરોપના પ્રાત પ્રાત ખૂદ્યા, તે કાર્યને સફળ કરવામા મારાથી કેમ ડગીજવાય ? હુ બ્હીને કેમ પાછી પાની કરૂ ? મારે જરાયે ડરવુ જોઇએ નહિ, મારી પ્રતિજ્ઞામાથી મારે એક તસુ પણ ચસવુ જોઇએ નહિ

મે અનેક તર્કવિતર્કો કર્યા, મારા મનમા હિમ્મત આવી, ઉત્સાહ ઉભરાયો મે મારી યોજના પર વિચાર કર્યો જે પાસ લઇ હુ અહી રશિયામા આવી શક્યો છુ, તે પાસમા કઈ ભૂલ તો નથી ? તે બના વટી તો છે, પરતુ તેમા કોઇ જાતની બીજી ખામી તો નથીજ મે તેમાં મારૂ નામ એલેક્ઝેન્ડરોવીચ જણાવ્યુ હતુ મે એમ પણ દર્શાવ્યુ હતુ કે હુ મ્યુનિચમા રહુ છુ અને અને ચાકરી શોધવા માટે પિટર્સબર્ગ જાઉ છુ ઉપરાત મે મારા દાઢી મુછ કપાવી નાખ્યા હતા મારા પહેરવેશમા મે ફેરફાર કર્યો હતો મે મારૂ રૂપ એવુ બદલી નાખ્યુ હતુ કે મારા પરમ મિત્રો પણ મને ઓળખી શકતા નહિ, લડનના ચતુર જાસુસો પણ પારખી શકતા નહિ એટલે મારે કોઇ પણ રીતે ડરવા જેવુ હતુજ નહિ હુ નિશ્ચિત થઇ આગળ ડગલાં ભરવા લાગ્યો

રિવેરકી સ્ટ્રીટની એક સાંકડી ગલીમાં થઇ હુ એક દુકાનની સામે આવી ઉભો ત્યાં એક દરવાજો હતો દરવાજા ઉપરની ચાંપ દબાવી મે અંદર જવાની પરવાનગી માગી

મારી પેટી બહુ વજનદાર હતી આાગણામા મે મારી પેટી મુકી અને જવાબની આતુરતાથી રાહ જોઇ ઉભો અંદરથી એક અપરિચિત આદમી આવ્યો તેણે મને માનપૂર્વક કહ્યુ, ' જનાબ ! પધારીએ ! સીધા અહીંજ આવજો બ્હાર રોકાતા નહિ "

પેટી ઉપાડી હુ અંદર ગયો અનેક ઓરડાઓ વટાવી, હુ એક ન્હાના ઓરડા આગળ આવ્યો એ ઓરડાઓમાં રોશની ઝગઝગતી હતી ઓરડાના ચારે ખુણા પ્રકાશથી ઉજળા હતા ત્યા એક ખુરશી પર બે સ્ત્રી પુરૂષ બેઠા હતા. મને જોતાં તેઓ બન્ને ઉભાં થઇ ગયા, અને મને અભિવંદન કર્યાં

આ પુરૂષનુ નામ આઇવન લિઉરિટગ હતુ દાકતરી કોલેજમા એ અભ્યાસ કરતો હતો મને એનો પહેલાં કદિ પરિચય થયો જ ન હતો અહીં આવ્યા પછીજ એની સાથે મારે ઓળખાણુ થઇ તે નવજવાને મારી મુખમુદ્રાનો બારીક અભ્યાસ કર્યો, દયાભીના શબ્દથી પાસે બેઠેલી રમણીને તેણે કહ્યુ, "માસા, એઓશ્રીને માટે ખાવાનુ લાવ."

આ વખતે પેલી સ્ત્રી પર મેં મારી નજર ફેરવી તે સ્ત્રીએ મારી સામે જોયુ અમારી ચારે આખો મળી અને શાશ્વત સ્નેહ મારામાં ઉછળી આવ્યો મારી લાડકી બ્હેન માસાને જોતા મારૂ હૈયુ કૂદવા લાગ્યુ મારી પ્રાણ પ્યારી બ્હેનને જોતા મારામાં ઉત્સાહનું નવુ પૂર આવ્યુ.

અનેક દિનોથી તલસ્તી મારી આંખોએ માસાને જોઇ. હું ઉછળ્યો, ઉલ્લાસિત થયો, માસાની નજીક જઇ બેઠો

માસાનો ઇતિહાસ અદ્‌ભુત છે અત્યારે માસામા અજબ પરિવર્તન થયુ છે એનુ સૌંદર્ય વૃધ્ધિ પામ્યુ છે, એના મ્હો પર દિવ્ય તેજની છટા છે, એની આખોમા પાક પ્રેમની પવિત્રતા છે એના હૈયામા કોમળતા છે, ઉત્સાહ છે, આનદ અને ઉલ્લાસ છે

થોડીક વાર પછી દુકાનનો માલિક અમારી સગતમાં આવી બેઠો ચા પીતા પીતા મે ત્યાંના અનેક વિષયો પર વાત કરી માસા પહેલા તો ખુબ ધિરજથી વાતો કરતી હતી એના શબ્દોમાં શાંતિ અને સયમ હતાં, એના અવલોકનમા નિપુણ નિરીક્ષણ હતુ, પણ, એની યે ધિરજ ખુટી એની યે શાતિ તૂટી, એનો એ સયમ ગબડયો અમે રશિયન સરકારના અત્યાચારની કથની કહેવા લાગ્યા એ કથની કહેતા અમે સરકારની નિષ્ઠુરતા, સરકારનો જુલ્મ, અને સરકારની શૈતાનીઅત વિષે જયારે કહેવા માડયુ ત્યારે માસાના મ્હો પર ફેરફાર થતો જણાયો. માસાએ પોતાની આખોને ભૂતકાળ તરફ ફેરવી, એના શરીર પર ગુજરેલા જુલ્મોને એણે યાદ કર્યાં. એની આખોમાં ક્રોધ ભરાયો એણે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. એના મ્હો પર રતાશ છવાઇ

માસાએ ધગધગતા ધીકતા શબ્દોમા પોતાનો ઇતિહાસ વર્ણવ્યો એણે ત્રણ વર્ષ જેલ વેઠી એનો અપરાધ કશો હતોજ નહિ, તોપણ નિહિલિસ્ટ હોવાના શક ઉપરથી એ ગિરફતાર થઇ એને સરકારની જેલ કોટડી મળી જેલમા એને વખતસર ખાવાપીવાનુ ન મળે, સૂવાના ઠેકાણાં નહિ, શરીરની બરદાસ્ત નહિ મારી વ્હાલી બ્હેન જેલમાં બિમાર પડી એને ટાઇફોઇડ તાવ આવ્યો, અને મરણતોલ

થઇ ગઇ આવી વિષમ સ્થિતિ જોઇ જેલ અધિકારીઓએ એને જેલ બ્હાર છોડી દીધી આ વખતે નિહિલિસ્ટ સપ્રદાયમા વધારેને વધારે ભરતી થતી હતી માસા એના પર ગુજરેલા અત્યાચારોને લીધે ત્રાસી રહી હતી. સરકારની સામે એનામા જ્વલત આગ ભભૂકતી હતી જેલમાંથી છુટી એટલે માસા વેરની વસુલાત લેવા નિહિલિસ્ટ પથમાં ભળી. પોતાના ઉદર નિર્વાહ માટે એ શિલ્પ કામ કરતી થઇ

મારા સપ્રદાયમાં મારૂ મૂળ નામ કોઇ જાણતુ જ ન હતુ મે મારૂ અસલ નામ છુપાવી રાખ્યુ હતુ, એટલે મારે વિષે ખબર કાઢવામા માસાને ખૂબ હરકત પડી બિચારી માસા તો એમજ સમજતી કે હું સાઇબિરીઆના મેદાનમા દેશવટો ભોગવુ છુ અને તે એમ પણ માનતી કે અમારા પિતા સાઇબિરીઆમાં મૃત્યુ પામ્યા છે. ત્યારે મને પ્રત્યક્ષ જોતા માસાના ઉરમા કેટલો આનદ આપ્યો હશે! અને મે જાણ્યુ કે આજ કાલ એ વાત તો નક્કીજ થઇ ગઇ છે કે લિઉસટિંગની સાથે તેનાં લગ્ન થવાના છે

અમારી વાત હજી પૂરી થઇ ન હતી, એટલામાં દરવાજો ખોલી કોઇ અંદર આવી પહોચ્યુ બ્હાર ગભરાટ ફેલાઇ રહ્યો હતો જોત-જોતામાં તો અમારા ઓરડાનુ બારણુ ઉઘાડી એક યુવક અમારી સામે ખડો થઇ ગયો તેની મુખમુદ્રા ઉપરથી લાગતુ હતુ કે તે પુષ્કળ ગભરાયલો હતો હાંફતા હાંફતા તેણે થડકાતા શબ્દોમા કહ્યુ "નાસો, નાસો, નાસો, રે નાસો. પોલીસ આવી પહોચ્યા છે ભાગો રે ભાગો" તેણે મને જોરથી હડસેલો માર્યો અને કહ્યુ, "બચવુ હોય તો સતાઇ જાઓ. છુપાઇ જાઓ, નહિ તો મર્યા સમજજો પોલીસો આવી પહોચ્યા છે. નાસો, જીવ લઇને નાસો."



માસા ગભરાઇ ગઇ તે બોલી, "એન્ટનટ ભામ વીરા! ભાગ જલદી ભાગ તને કોઇ પકડી જવાનુ !"

પણ ક્યાં હુ ભાગુ ? હુ તો દરવાજા તરફ દોડતો હતો એટલે લિઉસટિગે કહ્યુ, "અરે ! ભાગવાનો વખત નથી બ્હાર નીકળશો તો ગિરફતાર થશો આ ઘરમાં લપાઇ રહો"

"પણ ક્યા ? જગ્યા છે ?" મે પૂછ્યુ મારામાં વ્યાકુળતા આવી ચારે ગમ મે જોયુ, મારી આકુળ વ્યાકુળતાની મને સીમા ન જડી આખરે એક દરવાજો ખોલી મે ભરાઇ જવાની કોશીશ કરી.

એટલે માસાએ કહ્યુ, "ભાઇ ! ત્યાં નહિ, ત્યા નહિ ત્યા તો તરત પકડાઇ જશે આ ખડકીના મકાનના છાપરાની ઓથમાં લપાઇ રહે ત્યા કુદી કોઇથી અવાશે નહિ અને છે વળી અધારૂ ભાઇ ! તું ઝટ કર જા, સતાઇ જા"

લિઉસટિગે કહ્યુ, "તમારી પેટી લઇ મારા ખભા પર તમે ચઢી જાઓ, અને તેમ સહેલાઇથી તમે મોભ પર જઇ શકશો"

મે કશી પણ હા ના કરી નહિ મારી પેટી હાથમાં લઇ લીધી. લિઉસટિગના ખભા પર ચઢયો ખડકીની સામે હું જેવો આવ્યો કે તરત મને ઠંડી હવા લાગવા લાગી મારા અવયવોને તે ઠુઠવવા મડી. મોભ બહુ વિશાળ હતો ત્યા મારા હાથ પગ સકોરી બેસી રહ્યો થોડીક વારમા પોલીસોના પગલાં મારે કાને આવ્યાં

આ વખતે બ્હાર જોરથી વરસાદ પડતો હતો મે મારી પેટીને ખૂબ સાચવીને ગોઠવી, પછી મે બારીકાઇથી જોવા માંડયુ તપાસ કરી તો મને લાગ્યુ કે મારૂ સ્થાન નિર્ભય છે મને કોઇ જોઇ શકે એમ નથી



આ વખતે માસાએ ચાના રકાબી પ્યાલા દૂર કર્યાં, અને ચોપડી વાંચવા પાછળ તે લાગી ગઇ

આ દરમ્યાન પાંચ પોલિસો એ ઓરડામાં આવી પહોચ્યા લિઉસટિગે ઉચુ જોયુ અને તેમને ધારી ધારીને જોવા લાગ્યો તેના પર નજર રાખનાર પારખી શકતો કે પોલીસો અચાનક તેના ઓરડામાં આવ્યા છે તેથી તેને અજાયબી લાગી છે તેના ભાવમાં કૃત્રિમતા ન હતી દરવાજા પાસે તેડી જઇ તેણે પોલીસ કર્મચારીઓને અદબ-પૂર્વક કહ્યુ, "તમારી ઇચ્છામા આવે એટલી વાર ઘરમાં તલાસ કરજો. મને કઇ વાંધો નથી અને, તમને જે ચીજો પર સદેહ હોય તે ચીજોને હુ જાતે ઠોકી ઠોકીને તમારી આગળ બતાવીશ"

પોલીસોએ એક વખત ઘરની ખૂબ બારીક તપાસ કરી, પરતુ કઇ મળ્યુ નહિ એટલે તેઓ આશ્ચર્યમાં પડી ગયા માસા આ વખતે ઉભી થઇ ગઇ પોલીસોની મૂર્ખાઇ અને હાડાઇ જોઈ એના દિલમાં તેમના પ્રત્યે ઘૃણા અને ક્રોધ પેદા થયા તે અટકી, અને ઉભી રહી આ વખતે પોલીસોએ લિઉસટિગને કઇક પૂછ્યુ હતુ, પરતુ વરસાદને લીધે હુ તેમાંથી કઈ સાભળી શકયો નહિ

ગમે તે હશે, તો પણ છત પર બેઠો બેઠો હુ એટલુ તો સમજી ગયો કે સાલિવિગે પોલીસોને જવાબ આપતો હતો, અને લિઉસટિગ ઉભો ઉભો સીગારેટ પીતો હતો, જરૂર પડતી તો તે ઉત્તર આપતો, તોપણ તેના ઉત્તરમાં સરળતા સિવાય બીજું કઇ જણાતુ નહિ

બધાની જડતી લીધા પછી માસાની વારી આવી માસાનો જવાબ સાભળવા માટે મેં કાન માંડયાં. તેણે કહ્યુ "હુ અહીં ફરવા આવી છું બે ત્રણ દિવસ અહીં હુ રહીશ."

આખરે, પોલીસે ઘરની સંપૂર્ણ જડતી લીધી.

તેઓ ઘરના ખુણાખોચરા ખુદી વળ્યા એક તસુ જગ્યા પણ તેઓએ ખાલી જવા દીધી નહિ મારા છત તરફ તેઓએ નજર નાખી એટલે હુ સ કોરાઇ, લપાઇ રહ્યો. અકસ્માત હુ એક પોલીસને જોઇ શકયો, તોપણુ તે તો મને જોઇ શકયો નહિ આ વખતે અ ધારૂ હતુ. હુ તો દમ રોકી ત્યાજ સ તાઇ રહ્યો

આખરે એક પોલીસ બોલ્યો, " ભાઇ ! આપણો શિકાર તો ન જડયો બધી મહેનત પર પાણી ફરી વળ્યુ ચાલો, ચાલો હવે શુ કામ અહીં રોકાઇએ ! "

પછી ઓરડામા ફરી ફરીને પોલીસો બ્હાર ચાલ્યા ગયા તેઓ સરિયામ સડક પર ઉતર્યા ત્યારે હુ મોભ પરથી નીચે ઉતર્યો. એક આફત ટળી તે માટે મે પ્રભુનો પાડ માન્યો પ્રફુલ્લ અ તરે હુ મારી બ્હેન માસા અને લિઉસટિગ પાસે ગયો અમે બધા ખુશખુશાલ થઇ ગયા લિઉસટિગે મને ચેતવણી આપી, " હમણા ને હમણા બ્હાર નીકળશો નહિ હમણા સ્હેજ ખમી જાઓ, હુ બ્હાર સાવધ પહેરો ભરૂ છુ પાછા તેઓ અહીં રખેને આવે ! " એણે ચેતવણી આપી તો ખરી, પરતુ પોલીસો પાછા ન આવ્યા નિરાતે અમે ત્યા બેઠા અને આનદ મન્યો.

રશિયન રાજરાજેન્દ્ર આજે મોરસ્કોની મુસાફરીએ નીકળ્યા હતા. તેમની ખાસ ગાડી પિટર્સબર્ગના સ્ટેશન પર ખડી હતી તેને છ ડબ્બાઓ જોડવામાં આવ્યા હતા પાંચ ડબ્બાઓ તો રશિયાના મહારાજાધિરાજ અને તેમના જીહજુરીઆઓએ રોકયા હતા. એમાં જાસુસોનો સરદાર જનરલ વિગેલા પણ હતો

એન્જીનની પાસેના ડબ્બામાં સમ્રાટ ઝારનુ રસોડુ ગોઠવવામાં આવ્યુ હતુ. અમારા નિહિલિસ્ટો માટે એક પણ કાર્ય કઠણ ન્હોતુ;

એટલે અમારી સમિતિના લિફ્ટિંગ વેશ બદલી એ ઓરડામાં પોતાનો પડાવ નાખ્યો હતો અમે બીજાઓએ રશિયાના રાજાધિરાજની ચાકરી સ્વીકારી હતી એ નોકરી અમે કેવી રીતે મેળવી શકયા તેનો ઇતિહાસ જેટલો લાબો છે, તેટલો અરસિક છે

પરતુ, મારે એટલુ વારવાર જણાવવુ પડે છે કે નિહિલિસ્ટોને કોઇ છક્કડ મારી શકે એમ નથી ઝારની ગાડીને ઉપાડવાને બે દિવસની વાર હતી, તેવામા ઝારના બે રસોઇઆ બિમાર પડયા આ લાગ જોઇ અમે લિફ્ટિંગ વગેરેને રસોડામાં ટેકવી દીધા

આજે રશિયાના રાજવી મોસ્કો જવા ઉપડયા છે! સ્ટેશનના પ્લેટફોર્મ પર કાળી ડગલીવાળા સૈનિકો પહેરો ભરે છે તેમના ખભા પર બંદૂક છે, કેડ પર કટાર છે સમ્રાટ્‌ની સેવાના કેફમાં તેઓ મસ્ત બન્યા છે. ઝારના આવી પહોચતા તેઓએ જય જયકાર ગજવ્યો અને આખા આકાશને ઘેરી લીધુ

આ પહેરો શું કામ? સત્રીઓ આટલા બધા સાવધ કેમ? રખેને કોઇ મહારાજાને ઉથલાવી નાખવાના પ્રયત્નો કરે! રખેને કોઇ તેમનો વધ કરવાનુ બીડુ ઝડપે! અને તેથીજ તીક્ષ્ણ પણ રમતિયાળ આંખે એ પોલીસો સભાળપૂર્વક રોન ફરતા, ને પહેરો ભરતા

ગાડી ઉભી હતી ઉપડવાને બહુ વાર ન્હોતી, થોડીક વાર પછી ગાર્ડે સીસોટી વગાડી અને ડ્રાઇવરે તેનો હુકમ ઉઠાવી એન્જીનમાથી ધૂમાડાના ગોટા કાઢયા, ગાડીને ગતિમા મૂકી

આરભમાં મદ મદ ગતિએ ગાડી ચાલવા માડી, પાછળથી એણે સમીર વેગે ઉડવા માંડ્યુ વાલ્દાઇ પર્વતમાળા તેણે વટાવી દીધી, યુરલ નદી, ને સપાટ તથા ખુલ્લાં મેદાનોને તેણે પાછળ મૂકી દીધા, સુસવાટ કરતી તે હવા વીંજતી આગળને આગળ ધપી.

રસ્તામા સ્ટેશનો આવ્યા સ્ટેશને સ્ટેશને ખડકાયલા પોલીસોએ રશિયાના મહારાજાધિરાજની જય પોકારી તેમના બોલમા અને તેમની ચાકરીમા ઉત્સાહની ઉણપ ન્હોતી. કુદરતના રમ્ય દશ્યોની ઝાંખી કરી, મે મારી આખને આહ્લાદ આપ્યો

સાયકાળ થવા આવ્યો, પવનની સુરખી વાય રહી હતી, અને અમારી ગાડી એકદમ થભી મે જોયુ તો મોસ્કોનુ ધામ આવી પહોચ્યુ અમારી ગાડી અટકી કે તરત હાજર રહેલા સિપાઇઓએ જયધ્વનિ કર્યો, અને લશ્કરી સલામ ભરી

ઝાર મોસ્કો જવાના હતા, તોપણ મોસ્કોમા તેઓ ઉતર્યા નહિ, તેમનો કોઇપણ કર્મચારી પણ ત્યાં ન ઉતર્યો આ શુ ? અમારી ગાડીએ તો ટામ્વજ લાઇન પર પથ કાપવા માડયો

અધારૂ વ્યાપ્યુ હતુ, અને ધડિયાળમા બે વાગ્યા હતા નોકરોનો મોટો ભાગ નિરાંતે ઉઘ કાઢતો હતો રસોડામા લિઉસટીગ, હુ અને બીજા બે જણુ હતા સમ્રાટ્ના ખાણા પર હુ જયારે શરાબ પીરસવા ગયો, ત્યારે મે જોઇ લીધુ હતુ કે ત્યાં એક જાસુસ સભાળ પૂર્વક જાપ્તો રાખતો હતો ગમે તેમ હતુ, તોપણ સમ્રાટ્ના ઓરડામા મે મારી બારીક નજર ફેરવી લીધી હતી

આ વખતે રાજરાણી પોતાના ખાસ ઓરડામાં આરામ લેતા હતાં, અને રાજાધિરાજ પોતાના અમાત્યોની સાથે વાતચિત કરતા હતા પોતાના વાર્તાલાપ દરમ્યાન તેઓ ઘડિક ઘડિક શરાબના ઘૂટડા લેતા હતા, અને મોજ ભોગવતા હતા

રસોડા ઉપરાત એક ન્હાનો ઓરડો હતો એ ઓરડામા મે મારૂ બિછાનુ પાથર્યું હતુ એક દિવસ મે આ ઓરડીમાં ઉઘ લીધી,

અને બીજે દિવસે હુ રસોડામાં રસોઇ કરવા રોકાયો આ વખતે લિઉસટિંગના ચહેરા પર ગભરાટનાં ચિન્હો સ્પષ્ટ દેખાતાં હતા હુ અદર ગયો કે તરત દરવાજાની કમાડ દઇ દેવામાં આવી

દરવાજો વાસી લિઉસટિંગે મને કહ્યુ, "ભાઇ! ભાઇ! બધી બાજી વિખરાઇ ગઇ! હવે આપણા જાન બચવાની આશા ફોગટ છે ભાઇ! બધુ અવળુ થયુ છે!"

લિઉસટિંગને મ્હોડે આ વાત સાંભળી મારા ગભરાટનો પાર રહ્યો નહિ એક ધ્રાસકો નાખી હુ બોલ્યો, "લિઉસટિંગ! શુ કહો છો! બાજી ક્યારે બગડી!'

મને ચોક્કસ લાગ્યુ કે હવે વિનાશ અચૂક છે પ્રાણ પાથરવાની હવે અમારે માટે ઘડિ આવી પહોચી છે

લિઉસટિંગે ઉત્તર વાળ્યો, "હવે, શુ કહુ! બહુ બહુ તો ૧૦-૧૨ મિનિટમા આપણે આ દુનિયા છોડી દઇશુ આપણો વિનાશ જૂઓ, પેલો આવ્યો"

ચૂપકીદીથી હું દરવાજો ઉઘાડી બીજા ઓરડામાં ગયો તે ઓરડામા ખાવા પીવાની વસ્તુઓ રાખવામાં આવી હતી એ પદાર્થોમા હું એક વસ્તુ લઇ ઝનથી લાવ્યો હતો એ ચીજ જોઇ કોઇના મનમા પણ શકા ઉભી થાય નહિ એ વસ્તુ હુ એક વાસણમા ભરી લાવ્યો હતો અમારી સાથે આ ગાડીમા પણ તે વાસણ સાથે આવેલુ હતુ, તેનો આગલો ભાગ કામમા લઇ લેવામા આવ્યો હતો, જ્યારે બાકી રહેલો ભાગ જ્યાં ને ત્યા રખડતો હતો

રાત વીતીને પરોઢીઉ થયુ આ વાત પર હુ ખૂબ ધ્યાન રાખતો થયો. જ્યા પેલુ વાસણ હતુ ત્યા મે મારી દ્રષ્ટિ ઠેરવી

ગાડી ગતિમાં હતી ત્યારે તે ભાગેલા વાસણમાંથી આટા જેવું પડયાં કરતું હતું મેં નોકરને હુકમ આપ્યો અને વાસણ બરોબર મૂકવા જણાવ્યું

હવે હું સમજી ગયો અમારી પાસે હવે ઉપાય નથી વખત બહુ વહી ગયો હવે શું કરવું ? મેં દરવાજો બંધ કર્યો અને મારા મિત્ર લિંઙસિટિંગને સાથે બોલાવ્યો

તેણે મને પૂછ્યું, 'કેમ શું ખબર ? હવે આપણે શું કરવું ?"

અત્યંત ગંભીરતાથી મેં કહ્યું, "ભાઇ ! હવે આપણે માટે એકજ મારગ છે"

લિંઙનટિંગના મ્હો પર વ્યાકુળતા વ્યાપી, તે બ્હાવરો થઇ બોલ્યો, 'કયો ' કયો ? કયો મારગ ' ભાઇ ! બોલને કયો ઉપાય ?" એણે એમ કહી મારા સામે એની રમતચળ આંખ સ્થિર કરી.

'આપણા પ્રાણ બચાવવા માટે આપણે ગાડીમાંથી કૂદી પડવું ?" તેણે સંદેહજનક આશ્ચર્ય સાથે પૂછ્યું

મેં માથું હલાવ્યું અને એના પ્રશ્નનો હકારમાં ઉત્તર વાળ્યો ગાડીની બારી બ્હાર મેં મારી નજર દોડાવી ગાડી અતિ વેગથી દોડતી હતી, સ્ટેશન પર સ્ટેશન એ જોતજોતામાં વટાવી દેતી હતી, ને કોઇપણ સ્ટેશન પર વિરામ લેતી નહિ આમ આગળ પવનવેગે ચિનાના મહારાજાની ગાડી ચાલીજ જતી

મારા સાથીને મેં કહ્યું, "મને આ સ્ટેશનની માહીતી છે અહીંથી આપણું ગુપ્ત સ્થળ અરાઢ માઇલ છેટે છે અહીંથી કૂદી પડી ઝપલાવીશું તો આપણા સ્થાનથી આપણે બહુ વેગળા ન રહીશું પણ આપણે મરણીઆ બની જાન જોખમમાં નાખીએ તેટલી વાર આ આ ગાડી થોડી રોકાવાની !'

મારા સાથીએ કહ્યું, " અરે ! ભાઇ ! ગાડી તો હવા કાપતી ધપે છે, ને તેમા આપણે પડતુ મુકીએ તો આપણા હાડકા યે શોધ્યા જડે ખરાં ! "

મે ઉતર વાળ્યો, " એ તો ઠીક કહ્યું, પણ કૂદવા છતાં આપણે બચી શકીએ ને ? ગાડીમા રહ્યા આપણે જીવનાં જતન કરી શકવાનાં ? તમને કાંઇક આશા છે ? મને તો લાગે છે કે હવે આપણુ મોત નક્કી છે. જૂઓ, જૂઓ પણેથી કાળ ધસે છે, હો ! "

અમારી પાસેના ઓરડામા એક નોકર સીગરેટ ફુકયા કરતો હતો તે ડબ્બાના કમાડ ઉઘાડતો હતો તે સાંભળે તેવી રીતે મે કહ્યું " આપણે વરકી તો આવી પહોચ્યા ભાઈ ! અહીં તો હુ ઘણા દિવસ રહી ગયો છુ, અને એ સ્થાન જોવાનુ મને મન થયુ છે ચાલો તો ખરા જૂઓ સ્હેજ બ્હાર નજર નાખો અહા ! કેવુ સુદર વરકી ! કેમ નહિ ! " અમે અમારા બારણા વાસ્યા અને ખડકીના કઠેશને અઢેલીને સ્હેજ વાર થોભ્યા ગાડી તો પોતાની દોડમાં જરાયે ધીરી ન્હોતી, પવનવેગે તે ઉડતીજ હતી આકાશમાં કાળા ભૂરા વાદળાંઓ ઘેરાઇ રહ્યા હતાં, અને વરસાદની ઝડીઓ પૃથ્વીને પલાળી મુકતી હતી વરસાદની મીઠી છાંટ અમને અડતી, અમારો સાથે ગેલ કરતી, અમારા શરીર પર શીતળતા છાંટતી, પણ ધીરે ધીરે ઠડીનુ જોર વધવા લાગ્યુ અને આખરે તેણે તીરની માફક અમારા અગપર ધાવ કરવા શરૂ કર્યાં અમારૂ એકે એક અગ ઠુઠવાઇ ગયુ, અને ઠરી ગયુ અમારી આસપાસ ભયાનકતાના દોર ચાલ્યા પ્રકૃતિએ ભીષણ સ્વરૂપ ધારી અમને વ્યાકુળ કર્યા પણ, અમારી નિહિલિસ્ટોની આગળ એ બધુ કશી વિસાતનુ નહિ ! અમારે શેની શી પડી છે ? ગમે તે થાઓ ! અમે ભરેલુ ડગ પાછુ ના મૂકીએ

મે વિચાર્યું સમય આવી લાગ્યો ! ' આવો મારી પાછળ ' એમ ધીરી સદ પાડી હુ ચાલતી ગાડીએ મેદાનમા કૂદી પડયો હુ પડયો તો ખરો પરતુ મે ઓછી સાવધાની ન્હોતી રાખી એમ છતા મને આશા ન્હોતી કે આ સાહસમાથી હુ પાછો ઉઠીશ જમીન પર હું પછડાયો, બેહોશ થઇ હું પડયો

ધીરે ધીરે મારામાં ચેતન આવ્યુ મે જોયુ તો મારી આજુ-બાજુ ઉંચુ સુવાળુ ઘાસ ઉભુ હતુ મારા માથામા થતી અસહ્ય વેદના એ કૂળા ઘાસમા લપાઇને મે સ્હેજ શમાવી પરતુ, મારામા ઉઠવાની તો તાકાદ ન્હોતી મારા સાથી, લિઉસટિગ આ વખતે મારી પાસેજ પડયા હતા તે મને જાગૃત થતો જોઇ ઉભા થયા અને મારા મ્હો તરફ ઢળેલી આખે જોવા લાગ્યા આ વિશાળ અને હરિયાળા મેદાનમાં આ ઘડિએ બાળસૂર્યે પોતાના કુમળા કિરણો પાથર્યા ન્હોતાં પણ પરોઢિયુ ફાટલુ હોય એમ દીસ્તુ હતુ, આછુ આછુ અજવાળુ અમારી આગળ વ્યાપતુ અમે જોયુ

પોતાની નમેલી નયણો સ્હેજ ઉચી કરી લિઉસટિગે બોલવા માડયુ તેના દિલમા આ વખતે અજબ તોફાન હતુ. તેના શબ્દમાં ગભરાટ સ્પષ્ટ રીતે જણાઇ આવતો હતો. સાહસનો સચાર કરી તેણે કહ્યુ, "હવે અહી બહુ થોભવુ ઠીક નથી. રાત તો વીતી ગઇ છે, અને પ્રભાત થયુ છે આપણને આ ઝાખા લાગતા ઉજાસમા કોઇ જોઇ લેશે, તો પછી જાન બચાવવાનુ મુસ્કેલ થઇ પડશે"

જેમ તેમ બળ એકઠુ કરી મહા કષ્ટે હુ ઉભો થયો મારી બન્ને આખો પર મે હાથ પ્રસાર્યા અને તરત ભૂતકાળની સ્મરણ-

સહિતા કરવા બેઠો 'ગાડી ક્યા ! ક્યાં ગઇ ગાડી !" હું ઝ્હેબાકળો બની જૂની યાદ ધોળવા લાગ્યો

"ઓ ભાઇ ! તમે જ્યાં, ત્યા હુ મને તો કઇ ભાન નથી ગાડીની મને શી ખબર ? મે તો તમારી સાથે ગાડીમાંથી પડતુ મૂકયુ હતુ ચૂલામા પડી ગાડી, હવે તેની શી ગોખણી ? જ્યાં છીએ ત્યાંજ સારા છીએ મરતા હોને મૈં ગાડીની વાત જૂઓ, આમ જૂઓ આપણા કપડા અહી પડયા છે, આપણા સહકાર્યકર્તાઓએ આપણે માટે તે અહી નાખ્યા છે હવે આ કપડા ઝટ પહેરી લ્યો, વખત તો તીવ્ર વેગે ધસે છે, ઝટ કરો."

અમે બન્નેએ કપડા બદલ્યા અને ફકીરનો વેશ લીધો અમે અમારા નવા વેશમાં કઇ ખરાબ ન્હોતા લાગતા અમારો જૂનો પોશાક અમે ઘાસના ગુચ્છમા સતાડયો અને તેના પર પત્થરના મોટા મોટા ઢેફાઓ લાવી મૂકયા નવી પાસ ત્યાર પછી અમે મેળવી અને બીજે રસ્તેથી અમે ચલતી પકડી અમારા મિત્રોને માટે અમે અમારા જૂના પરવાનાઓ અમારા જૂના પોશાકમા છુપાવી રાખ્યા હતા તે પર રશિયન સમ્રાટના મહા અમાત્ય જેલેરકીન પાલનિકની મ્હોરછાપ અને સહી હતી

કુમળાં ઘાસોના ખેતરો વટાવી અમે ઉજ્જડ ભૂમિમા આવી લાગ્યા આ ધરતી પર ન તો ઝાડ ન તો ઝરો મળે, વિસામો લેવા માટે અમને સ્થળ જડે નહિ માથે ધકતો સૂરજનો પ્રખર તાપ, અને પગ તળે અર્ગનઝરતી ભૂમિ, તેમાં અમારે ચાલ્યાજ કરવાનુ ! પરસેવાથી અમારાં શરીર લબઝબ થઇ ગયા, ઉકળાટથી અમે ત્રાસી ગયા, આખરે આકીબાદ નામના જૂના પણ નાનકડા શહેરમાં અમે આવી પહોચ્યા

એ શહેરના પાદરી સાહેબે અમારે માટે વાસની સોઇ કરી એ પાદરી અમારાજ સંપ્રદાયના હતા, એટલે એમણે અમારે માટે એક ગાડી રખાવી મૂકી અમે તેના પર સવારી કરી મુસાફરી આગળ લંબાવી જારીટઝાન લિપેસ્ટ રેલ્વેના એક નાના સ્ટેશન પાસેના ઝીર્ઝાનોવસ્તાઇ નામના ગામમા અમે આવી અટકયા

ત્યાર પછી અમે રેલગાડીનો આશરો લીધો જૂદા જૂદા મથકોમા થવડી અમારે કીવ્ડ પહોચવુ એવો ઇરાદો હતો અમારા મારગમા કોઇક કોઇક ર ગ ા પ પોલીસોએ પરવાના જોવા માગ્યા, પરતુ પરવાના ચોકસ હતા, તેમા કશી ગરબડ ન્હોતી પોલીસોની સ દેહભરી આખો પાસો જેઇ નિરાશામા નીચે નમી પડતી આમ છતાં, અમારા દિલમા તો રશિયન મહારાજાધિરાજની ગાડી વિષે ઉત્સુકતા ઉછળી હતી અમારી આખો ને સમાચાર વાચવા માટે તરસી બની તલસતી હતી હજી સુધી અમે અમારી આતુરતાને સ તોષી શકયા ન્હોતા અમે મનમા ચિ તવતા કે સમ્રાટ રાજવી પર કઇ આફત આવી હોય તો છાપામાં ખબર આવ્યા વિના રહેજ નહિ

એ ખબરને મેળવવા માટે અમે કોઇક કોઇક સ્થળે વર્તમાન પત્રોની શોધ કરી પરતુ તેમા અમને સફળતા મળી નહિ. પણ આખરે અમે એક મોટા સ્ટેશને જઇ પહોચ્યા, અને ત્યા અમને ‘મોરકો ગેઝીટ’ અને ‘ડ ડી સત્તા’ નામના વર્તમાનપત્રો ખરીદવાની તક મ ી અમારી આતુરતા એ છાપાંઆ મટાડી શકયા નહિ રશિયાના રા રાજેન્દ્રની મુસાફરી વિષે એમા કશુ લખાયુ જ ન્હોતુ નિરાશામાં અમે બીજા પત્રો વેચાતા લીધા પણ આશા સફળ થઇજ નહિ, અમારી આતુરતામાં ઉલટો વધારો થયો

પણ, મે એનુ કારણ શોધવા મથન કર્યું એક પણ છાપામા ખબર ન મળે એનું શુ કારણ ? મારી ઉત્સુકતા કેમ શમાવુ ? મેં ખુબ ચિન્તન કર્યું તો મને લાગ્યુ કે રશિયન રાજાધિરાજે જાતેજ એ સમાચારો પ્રગટ કરવાની બંધી કરી હશે ગમે તેમ પણ રશિયન સમ્રાટને ગભડાવી મૂકવાનું અમારૂ ષડ્યંત્ર નિષ્ફળ તો ન જાય !

અમે મુસાફરી ચાલુજ રાખી હતી માર્ગમાં અમારા પર આપત્તિ-વિપત્તિઓની કશી ખામી ન્હોતી અનેક મુસ્કેલીઓને હડસેલી મૂકી અમે બરોબર વખતે લંડન પહોચ્યા

એક દિવસ 'ઓકલે ગાર્ડન્સ'માં અમારા મુકામ પર હુ એક આરામ ખુરશી નાખી બેઠો હતો અહી અમારા સરદાર પેટ્રફે મારા હાથમા 'ટાઇમ્સ'નો એક અંક મૂક્યો, અને તેમા પ્રગટ થયલો એક તાર વાચવા મને સૂચવ્યુ

'ટાઇમ્સ' પત્ર મ વાચવા માડયુ તેના મોસ્કોના ખબરપત્રી તરફથી પેલો તાર મૂકાયો હતો તેના મથાળા ઉપર હતુ "રશિયામા ભયકર ઘટના ! રશિયાના ચક્રવર્તીના જાન પર હુમલો ! આખરે બચી ગયલુ રાજકુટુબ"

મથાળુ વાંચી હુ તારની વિગત ઝીણવટથી જોવા લાગ્યો તેમાં લખ્યુ હતુ, "વરકીથી નીચેનુ સમાચાર આવ્યા છે ત્યા એક ભય-કર ઘટના બનવા પામી કે રશિયાના રાજરાજેન્દ્ર, તેમની સમ્રાજ્ઞિ, તથા તેમનુ કર્મચારી મડળ સેટપિટર્સબર્ગથી મહેલ કરવા નીકળ્યુ હતુ એમની ગાડીના ફૂરચા ઉડી ગયા છે, પરતુ આશ્ચર્યની વચ્ચે રશિયન મહારાજ બચી ગયા છે ગાડીનો એકેએક ભાગ નાશ પામ્યો છે, તેમા ઓગણીસ નોકરો માર્યા ગયા છે એના હજી પત્તા લાગતા નથી અનુમાન કરતાં જણાય છે કે ગાડીમા કઇક વિસ્ફોટક પદાર્થ

હોવો જોઇએ અને તે પદાર્થના ફાટવાથી આ ભયકર બનાવ બનવા પામ્યો હશે એક ડબ્બાની નીચેથી પદાર્થ ગળી પડયો હતો અને તે ખૂબ જોરથી તે માટીની અદર ધસી પડયો હતો એજ મોટો પૂરાવો કહી શકાય જે જગ્યા પર તે પદાર્થ માટીમા ધસી ગયો હતો તે જગ્યા આગળ હમણા એક મોટુ બાકુ પડયુ છે હજી સુધી આ દુર્ઘટના વિષે પૂરેપૂરી ખબરો મળી નથી, કારણુ કે રશિયન મહારાજાધિરાજે તે ન પ્રકટ કરવા આના આપી છે અત્યારે તો અનેકને ગિરફતાર કરવામા આવ્યા છે, પરતુ કોણુ અપરાધી છે તે શોધી કાઢવુ બહુ મુશ્કેલ છે તેની તપાસ તો ચાલે છે"

હુ સમજી ગયો અમારા લોકોનો બેડો પાર પડયો ગમે તેમ હોય, તોપણુ ચીનઇ માટીના પેલા વાસણે તો ગજબ કરી, રશિયાના મહારાજાને અને મહારાણીને ઠીક સ્વાદ ચખાડયો! એ વાસણુમા વિસ્ફોટક પદાર્થ રાખવામા આવ્યો હતો, અને તે વાસણુને બે નળીઓથી સાધવામા આવ્યુ હતુ એ નળીઓ વાટે પેલો પદાર્થ વહેતો હતો એથી એ વાસણુ જો આડુ અવળુ રાખવામા આવે તો ચોવીસ કલાકની અદર તે આજુબાજુઓની વસ્તુઓને ઉરાડી મૂકે અને ભયકર ઉત્પાત ફેલાવે પરતુ એ વાસણુને જો ભૂલેચૂકે સીધુ જ રાખવામા આવે તો ફક્ત પદર મિનિટમા બધી ચીજોના ફૂરચા ઉડી જાય, અને સર્વનાશ થઇ જાય આ બધી તરકીબોથી અમે વાકેફ હતા, એટલે એ વાસણુને ગોઠવવામા અમે કઇ જેવી તેવી સાવધાની ન્હોતી રાખી

અમે જ્યારે ગાડીમાજ હતા, ત્યારે એ વાસણુ સીધુ થઈ ગયુ હતુ, એની નળીઓ ફાટી હતી, અને વિસ્ફોટક પદાર્થ ધીરે ધીરે ગળતો હતો. એ પદાર્થ ધીરે ધીરે ગળતો હતો, છતા ધરતી પર

પડતાં તે એકદમ અંદર ધસી જતો હતો તેના પડવાથી અત્યાર સુધી ભારે ભયાનક પરિણામ આવ્યું ન્હોતું, એ સ્થિતિ જોઇનેજ અમે ગાડીમાંથી પડતું મુકયું હતું હવે તેની કથની ફરી કહેવાની શી જરૂર છે '

આજે તો ભલેને સમ્રાટ બચી ગયા! એમને પેલા વાસણે સ્વાદ તો આખરનો સ્વાદ ચખાડયો હશે! અરે! એમની ગાડીના ડબ્બાઓ કોઇક સ્થળે તૂટી પડયા છે, પાણીમાં ડુબી ગયા છે, અને અગ્નિની જ્વાળાઓમાં ખાખ થઇ ગયા છે તેમાં ઓગણીસ આદમીઓના ભોગ લેવાયા! માનવીની લીલા પૂરી થઇ! બિચારા નિર્દોષ તો માર્યા ગયા!

ઓગણીસ નિરપરાધી પુરૂષો માર્યા ગયા! અને તે મારેજ હાથે! મારા દિલમાં આ વેદનાએ ડંખ દેવા માંડયા પણ મે આખરે આત્વન કર્યું, ' આમ દુખી થયે શું લાભ? આપણે માટે તો પૃથ્વી રસાતાળ થઇ જાય તો પણ પ્રતિજ્ઞા ન છોડાય આપણે આપણા સંકલ્પમાંથી કેમ ડગીએ! ચાહે તે થાય, કંઇ ફીકર નહિ "

પ્રકરણ તેરમું

સાયંકાળ થયો છે, સૂર્યનારાયણ ધીરે ધીરે સંતાતો સંતાતો સાગરમાં ડૂબે છે. રમ્ય સંધ્યાની પાછળ કાળી ઘોર રાત પોતાનાં શસ્ત્રો ધસે છે. મંદ મંદ હાસ્ય કરતો ચંદ્ર આકાશ પર આસ્તે આસ્તે ચઢતો આવે છે. તારાઓમાંના થોડાક જુથ ઝબૂકે છે. શહેરોની અશાંતિ શમી જાય છે, શાંતિનું રાજ્ય ચોમેર પથરાતું જણાય છે.

એ વખતે 'ઓકલે ગાર્ડન્સ'ના માર્ગ પર રોશની સળગતી હતી. હું મારા ઓરડાની એક બારી આગળ આરામ ખુરશી પર બેઠો હતો. મારા ટેબલ પર સંકેતમાં લખાયલો એક પત્ર પડયો હતો. મેં તે પત્ર ઉપાડયો અને હું તેને વાંચવા લાગ્યો. તે કાગળ પેટ્રોફ પર હતો. એમાં લખ્યું હતું, "આવતે મંગળવારે નિકોલા કેસાટ્રકિન લંડન આવશે. એ ગૃહસ્થ આપણી સમિતિના ઉત્સાહી સભ્ય છે. એણે રશિયાની સરકારના અનેક જુલ્મો વેઠયા છે. બબ્બે વખત એણે કારાવાસ ભોગવ્યા છે, અને ત્રીજી વખત જેલના દરવાજા તોડી તે ભાગી આવ્યા છે. એ ભાઇને તમારી તરફ મોકલવામાં આવ્યા છે. તેઓની પાસેથી સારી મદદ મળી શકે એવી આશા છે.

આ ગૃહસ્થમા સાહસ છે, શ્રમ કરવાની અજબ શકિત છે, અને અનેક ભાષાઓનુ એને જ્ઞાન છે એ ગરીબ નથી, એની પાસે સારા સાધનો છે, એટલે આપણી સમિતિ તરફથી એને કશુ આપવાનુ આપણે સ્વીકાર્યું નથી એમની સાથે કાગળ છે, તે તેઓ લઇ તમારી પાસે આવશે "

આ કાગળ પર સોલેમન ગોલ્ડસ્ટિન એલેકઝાન્ડરરોસ્તો વજેફની સહી હતી હુ ફરીને ફરીને એ કાગળ વાચવામા રોકાયો અને પછી સીગારેટના ધૂમાડા કાઢવા લાગ્યો પેટ્રફ કોઇક કામસર બ્હાર ગયો હતો, એટલે આવનાર નિકોલાને મારે આવકાર આપવો જોઇએ, તેમને માટે બધી સોઇ કરવી જોઇએ

નિકોલામાં અદ્ભુત સાહસ છે કોઇ રાજકર્મચારીને ઠાર કરવા માટે અમારી સમિતિએ ષડ્યત્ર ગોઠવ્યુ હતુ તેના મુખ્ય કાર્યકર્તા તરીકે એજ નિકોલાની નિમણુક કરવામા આવી હતી નિકોલા ખતી છે એણે એક કામ માથે લીધુ તો તે પુરૂ કર્યા સિવાય અટકે જ નહિ

પણ હું તો ચિન્તાના સમુદ્રમાં ડૂબી ગયો સીગારેટના ધૂમાડા માથી મને કઇ અજબ કલ્પનાસૃષ્ટિ જણાઇ એ વખતે કોઇકે એકદમ આવી મારા દરવાજા પર ઘટડી વગાડી ઘટડી વાગ્યા પછી હુ તો બે ત્રણ મિનિટ જ્યા ને ત્યાં નિશ્ચેષ્ટ પડી રહ્યો, પણ પાછળથી મે સાભળ્યુ કે પેટ્રફ અને ગ્રિનેવિચ કોઇ મહેમાનને રશિયન ભાષામા આવકાર આપતા હતા થોડીક વાર પછી તો તે બધા મારા ઓરડામા આવી પહોચ્યા

મેં ઉઠીને બધા સાથે હસ્તધૂનન કર્યું આટલા વખત સુધી ઓરડામા બત્તી સળગાવવામાં આવી ન હતી. ગ્રિનવિચે બત્તી જલાવી

અને મે આવેલા સદ્‌ગૃહસ્થ તરફ નજર નાખી દૃષ્ટિ કરતા એક નાના કદનો, ભરાવદાર, સ્થુલ શરીર વાળો આશરે પાંત્રીસ વર્ષનો આદમી માલમ પડયો એની મુખરેખા પરથી જ એ કોઇ પ્રતિષ્ઠિત ગૃહસ્થ હતો એમ સ્પષ્ટ તરવરી આવતુ હતુ એણે પોતાનો લાંબો ઝબ્બો બાજુ પર કહાડી મૂક્યો અને સગડી પાસે જઇને એ તાપવા બેસી ગયો ત્યાર પછી થોડો આરામ લઇને એણે પોતાના ખીસ્સા-માથી એક પત્ર કહાડયો અને પેટ્રફના હાથમાં સરકાવી દીધો

થોડીવાર પછી અમે બધા ભોજન લેવા બેઠા વાતચિત ચાલી ન ચાલી એટલામા મને માલમ પડી ગયુ કે કેસાટકિન ઘણો મોજીલો આદમી છે વાતચિત કરવામાં એ અતિ નિપુણ છે નવગઠ્ઠની નિહિલિસ્ટ સમિતિ પોતાના વિદ્રોહનુ કામ કેવી યુક્તિપ્રયુક્તિથી ઉકેલી લે છે એનું સક્ષિપ્ત બ્યાન એણે અમને કહી સભળાવ્યુ મે એને જ મ્હોડેથી સાભળ્યુ કે એ લોકોની કોશિશથી જ પ્રજામા વિદ્રોહનો ભાવ ખૂબ ફેલાઇ ગયો છે રશિયાના રાજ–કર્મચારીઓના અનુચિત કાર્યોની ચર્ચા કરતાં એનુ સારૂ યે મુખમડળ ક્રોધાગ્નિથી ભભુકી ઉઠતું હતુ આગળ વધીને એણે જણાવ્યુ કે રશિયાની સરકાર પ્રજા ઉપર જે અત્યાચાર અને જુલ્મ ગુજારી રહી છે, પ્રતિદિન જે અન્યાયી આચરણો કરી રહી છે, દરરોજ પ્રજાની માલમિલ્કતનુ જે રીતે શોષણ કરી રહી છે તે, તથા આટલા દુરાચાર કરવા છતાયે રાજ્યની ! તિજોરીની દશા કેવી દુખદ છે તે સબંધીના ભોપાળાં જે ઉઘાડા પાડવામા આવે તો એને સરકાર જે શિક્ષા ફરમાવશે એ શિક્ષા આગળ નિહિલિસ્ટોનુ ષડ્‌યત્ર કાઇ વિસાતમાં નથી

નવગરદના સૈનિકોમા રાજદ્રોહ ફેલાવવાના કારણસર તેમને કેદમાં નાંખવામાં આવ્યા હતા તથા ને કેદમાથી તેઓ શી રીતે છૂટા થઇ આવ્યા એ જાણવાની ઉત્કંઠા અમે જાહેર કીધી

અમારી આ ઉત્કંઠા સાંભળતાંજ એમનુ મુખમંડળ ઉત્સાહથી ઝળકી ઉઠયુ અને પોતાના પરાક્રમની કથની શરૂ કરી "એ ઘણી અટપટી કથા છે જેટલી એ અટપટી છે તેટલીજ એ ભયંકર છે પહેલા તો હુ છેક હતાશ થઈ ગયો પણ એ નિરાશામાથી મારામા અદ્‌ભુત સાહસ પ્રગટયુ હુ સ્કાલસેન્નવર્કમાં કેદી હતો ત્યાનુ કાળમીંઢ અને તિમિરપૂર્ણ કેદખાનુ કેટલુ ત્રાસદાયક છે એની પેટ્રફને જાત માહિતી છે"

એની વાત સાભળતા પેટ્રફે કહ્યુ "હા, હું બહુ સારી રીતે જાણુ છુ મારા પ્રાણથી પણ વ્હાલી મારી પત્નીએ અને મે એ કેદખાનાની યાતનાઓ સહન કરી છે મારી પત્ની એ નિર્જન જેલમાં ગાડી થઇ ગઇ એની એ ઉન્માદ અવસ્થા દૂર નથી થઈ અત્યારે પણ એ ગાડપણને લઇને એ ક્રાસનોજમાં સેલ્લાના ગાંડાની હોસ્પિટાલમા પડી પડી સડે છે"

કેસાટકિને આગળ ચલાવ્યુ "બરાબર છે ત્યાં જેટલા કેદી તરીકે પૂરાયા છે તેમાના મોટા ભાગને મે પાગલ થઇ ગએલા જોયા છે. હું જાતે પણ બહુ દિવસના એકાન્તથી ધીરે ધીરે અરધો પાગલ થઇ ગયો હતો મે જોયુ કે આમ મૂગો બેઠો બેઠો જો હુ મારા નસીબ પર જ શાપ વરસાવતો રહીશ તો હું પણ થોડા વખતમા ગાંડો થઇ જઇશ આમ વિચાર લઇને મે મારા મનની એકાગ્રતા કરવા માડી અને કાવ્ય રચવાનુ શરૂ કર્યું. મહિનાના મહિના સુધી મારે માટે

આ કાવ્ય રચવાની પ્રવૃત્તિ સિવાય બીજુ કોઇ પણ કામ રહ્યુ હતુ નહિ કાવ્ય રચના મારા જીવનની આશાઝરણી હતી મારી બનાવેલી કવિતાઓ હુ મ્હોડે જ રાખતો, કારણ કે ત્યાં લખી લેવાની કોઇ પણ સામગ્રી હતી જ નહિ. આ કામમા મને થોડી ઘણી શાન્તિ મળતી હતી ખેર ! પરતુ મને છેવટે ત્યાથી ભાગી નીકળવાની તક મળી ગઇ વાત આ પ્રમાણે બની—મારા ત્યા રહેવા બાદ થોડા દિવસમા સેટપીટર્સબર્ગમાથી કેટલાક સાધારણ કેદીઓ ત્યા આવ્યા આ કેદીઓના આવવાથી જગા ઘણી સાંકડી પડી મને કેટલાક કેદીઓ સાથે બીજી જેલમાં ખસેડવામા આવ્યો મને જે જેલમાં રાખવામા આવ્યો તે બરાબર સાચવવામાં આવતી ન હતી એ જેલખાનુ નદીના એક કિનારા પર ઉભુ કરવામા આવ્યુ હતુ. ઓરડાની બારીએથી નદીનો પૂલ સાફસાફ દેખાઇ આવતો હતો પૂલ તો ઘણો નીચો હતો છતા બારીની પાસે જ એક નળ હતો બહુ જહેમત ઉઠાવ્યા પછી એ નળની સહાયતાથી નીચે જઇ શકાય એમ હતુ

આવી હાથમાં આવી પડેલી સુદર તક જવા દેવી મને ઠીક ન લાગી. એક દિવસ શાન્ત રાત્રિમા બારીની જાળીને તોડીને પેલા નળની સહાયતાથી હુ નદી પરના પૂલ ઉપર ઉતરી ગયો આવી બહાદૂરીથી જેલમાથી છટકી જવાથી મારૂ મન ખૂબ પ્રફુલ્લિત થયુ. પરતુ મે મારા મનને પૂછ્યુ —"તને કોઇએ ભાગી જતા જોયો તો નથીને ?

હુ ન્હાસી તો છૂટયો મને કોઇએ જોયો તો નહિ મને છટકતો જોઇ જનાર કોણ હોવાનો હતો ? નહિ, હુ કોઇની આખે ચઢયો નથી. હુ બધાની નજર ચૂકવી ભાગ્યો છુ. મને ત્યારે કોણ જોઇ શકે ?

હુ ભાગ્યો ત્યારે તો કોઇએ મને નથી જોયો એની મને પૂરેપૂરી ખાત્રી છે, પરતુ મારા ન્હાસી જવા પછી સત્રીઓને આ સમાચાર પૂગી વળ્યા મારી શોધ કરવા માટે તેઓએ માથાફોડ કરી, અને મારી પાછળ પોલીસોની ટુકડી છોડવામા આવી

હુ તો વનવનમાં ભટકતો ચાલ્યોજ જાઉ, એવામાં ઘોડાના દાબડાના અવાજ મારી સમીપ અથડાયા હુ ચેત્યો, દોટ મુકી ઝાડના ઝુડોમા સતાઇ ગયો પોલીસના આદમીઓ ત્યા આવ્યા પણ મને ક્યાયે તેઓ ગોતી શકયા નહિ આખરે ત્રાસી ત્રાસીને તેઓને નિરાશા મળી, હતાશ થઇ તેઓએ પોતાના પગના વાળ્યા જેલની કોટડીઓમા જેમને પગે પડી કેદીઓ અરજ ગુજારે, ને જેમની દયા પર તે જેલીઓ પોતાનાં જીવન જીરવે તે શૂરા ને કાબેલ પહેરેગીરો જગલી ભયાનકતામા અને ઝાડોનો ઝાડીમા ગભરાઇ ગયા ! તેમની બુદ્ધિ ત્યા કામ કરી શકી નહિ ! અરે ! ભારે હૃદયે તેઓ બિચારા પાછા ફર્યાં વનના વૃક્ષોની રાજીઓમાથી મે બારીક નજરે તેમને પાછા વળતા જોયા, ને મારા અતરને રહેજ ટાઢક ઠારી

તેઓ પાછા ફર્યા તેમના દિલમાંથી હોસ ઉડી ગઇ હતી, તેમના મુખ પરથી પ્રસન્નતા ઓસરી ગઇ હતી થોડીક વાર મે તેમને જોયાજ કર્યા આખરે એક પછી એક, વીસ સિપાઇઓને મે જગલ બ્હાર પસાર થતા નિહાળ્યા તેઓની સળગ ટુકડી જ્યારે બ્હાર નીકળી ગઇ અને જ્યારે મને એવી પાકી ખાત્રી થઇ ત્યારે મે એ ગુચવાયલા ઝાડોની ગુફા છોડી ખુલ્લી ભૂમિમા પગ મુકયા, અને, પાસે વહેતી નદીના તીરે જવા, લપાતાં લપાતા મે મારી કુચ આદરી

એ નદીના કાંઠે હુ ગયો ત્યા, માછીમારો પોતાની હોડકી નીરમા તરાવતા હતા મારી પાસે આ વખતે રોકડમા પાંચ સાત

રૂપિયા હતા માછીઓના ટંડેલને મે કહ્યુ, ' જો મને પાર ઉતાર તને કાઇ ઇનામ આપીશ ' મારી વાત સાભળી તે માછી હસ્યો તેણે કહ્યુ, ' નઈ સા'બ, કાઠા પર જવાની કેમ વાત કરો છો ?" મે ટુકમાજ સમજાવ્યુ, ' મારે અગત્યનુ કામ છે,

મારી સીધી વાત તેને ગળે ઉતરી નહિ તેણે મારી સામે સ દેહ-ભરી દૃષ્ટિ નાખી સ્હેજ ભારપુર્વક તે બોલ્યો, ' એમ નહિ સા'બ, ઠીક ઠીક બોલોને '

મે અકડાઇથી કહ્યુ, " હુ મજૂર છુ, ને ટીસટીનમાં મજૂરી કરૂ છુ, "આ ઉત્તર તેને સ તોખી શકયો નહિ તેણે મને વારી વારીને અનેક પ્રશ્નો પૂછ્યા, આખરે મને કટાળો આવ્યો મેં કહ્યુ, " આમ વખત કાઢયે શુ વળે ? આટલે હુ પાર ગયો હોત"

ટડેલ મારી તોછડાઇ જોઇ ફરી પાછો હસ્યો વળી મને સવાલોથી તે ગનરાવવા લાગ્યો હુ તો આકરો થઇ ગયો છેવટે મે કહ્યુ, "જો સાભળ હવે હુ સાચુ કહુ છુ નથી હુ મજૂર, નથી હુ ટલીઓ, હુ છુ રાજદ્વારી પુરૂષ જેલની દિવાલો તોડી હુ ન્હાસી આવ્યો છુ અને મારે હવે કયાક પણ સતાઇ જવુ છે." આ સ્પષ્ટ કથને તેના પર કાઇક અસર કરી તેણે પોતાની આખો પ્હોળી કરી, ને આતુરતાથી મારી પાસેથી વધારે ખુલાસો માગ્યો મે ફાવે તેવો ખુલાસો આપી તેને રીઝવ્યો આખરે તેણે ફોડ પાડતાં કહ્યુ, જૂઓ, ભાઇ ! હુ જાતે તો તમને પેલે કાઠે ન લઈ જાઉ મારો છોકરો તમને પાર ઉતારશે પણ જોજો, આટલી વાત યાદ રાખજો. ત્યા, તમારે માટે સતાવાનુ સ્થાન છે બ્હીતા નહિ, કાયરતા રાખ્યા વિના તમે તમારૂ કામ કરજો, પરતુ, ભુલચૂકે તમે કોઇને પણ કહેશો નહિ કે તમે આ કીસ્તીમા બેસી પાર ઉતર્યા છો અમારી આખો

હજી તો જ્યારે જુવાનીના જોમથી રમતી હતી, ત્યારે આ જલમાર્ગે અનેક નાવડીઓ અમે જોયલી, પરંતુ, હવે આ એકજ હોડકું ભૂસાતું સ્મરણ તાજું રાખે છે"

તેણે મારી સાથે આટની વાત કરી તેના બોલ શુદ્ધ જણાયા. તેણે બીજી બાજુ ફરી બમ પાડી, ને તેની પાસે એક કદાવર છોકરો આવી ઉભો

"જાનો અલ્યા, એમને પેલે પાર ઉતારી આવ" વૃદ્ધ ડોસલે કહ્યું પેલા નવજવાન ખનાસીએ આંખો નમાવી, ને અણુસારો કરી હોડી પર ચઢવાનું મને સુચવ્યું

હોડીમા ને હોડીમા મે રાત વીતાડી હું બેઠો હતો, ત્યારે ચોપાસ અંધકાર પ્રસરતો હતો, પણ મારી ઉતરવાની ઘડિએ અંધાર અલોપ થતું હતું ને અરૂણનો ઉદય થતો હતો સવારના બાળસૂર્યની હજી પધરામણી ન્હોતી થઇ તેના આગમન માટ, ને તેના સત્કાર માટે તો તૈયારીઓ ચાલતી હતી હજી હમણા તો વ્હાણું વાયુ હતુ ને સૂર્યરાજની છડી દૂર દૂર પોકારતી સંભળાતી હતી હું તેવા રમ્ય કાળે કાંઠે ઉતર્યો અને પાસેની ઝુંપડીમા મુકામ કરી રહ્યે

પછી તો સૂરજ ઉગ્યો ને આથમ્યો રમણીય સાયકાળે ત્યા મુંઝ ગતા પોંગરી ને શીતળતાનો સંચાર કર્યો પ્રકૃતિનુ સૌંદર્ય મોહક હતુ ને આહ્લાદક હતુ, પણ મારા પેટમા કુવા પડયા હતા તેની કોણ પરવા કરે ! મારી અવસ્થા અત્યારે કેટલી બધી વિષમ ! મારી મુશ્કેલીઓનો ક્યાથી પાર આવે ? ચાહે તેટલું સૌદર્ય ફાલતુ હોય પણ પેટના ઘાવ આગળ શુ કરૂં ?

મારી ઝુંપડીની નજીકમાં એક ગાઢ વન હતુ એ જંગલને વટાવી કોઇ ગામ શોધી કાઢી, મારા પેટને ભાડું આપવાનુ મને

સૂઝયુ અનેક અડચણો સાથે બાથ ભીડી, હુ વગડો ઓળગી ન્હાન-કડા ગામમા પહોચ્યો એ સમયે તો રાતના દોર ચાલતા હતા અધારામાં એક ઝુપડુ મારી અડફટમા આવ્યુ તેનો ટેકો લઇ હુ આગળ ગયો તો નુ બારણુ મને જડયુ, બારણાને જોરથી હચમચાવી જોયુ, તોપણ કોઇએ મારી દાદ સાભળી નહિ ને બ્હાર કોઇ આવ્યુ નહિ મારા મનોરથ ત્યા અફળ ગયા પાસેના કોટડાઓ નજદીક મે આટા મારવા માડયા, ને હાથ આવ્યા તે બારણાઓ ઠોકી જોયા પણ, હાય! મારે નસીબે બધે સ્થળેથી પેલો એકજ મુગો ઉત્તર!

પણ, હુ ડગુ કેમ? રશિયાની રાજસત્તાને હચમચાવી મૂકવાની તમન્ના રાખનારો નિહિલિસ્ટ ડગે કેમ! ફરી એકવાર એક બીજુ ઝુપડુ નવી કઢયુ, ને ત્યા મે ઠોકયા મારે નસીબે અદરથી મને ઉત્તર મળ્યો મે પૂછ્યુ, 'ગામના મુખી ક્યા છે?"

અબળાએ ઝુપડા મે મા ઘર શોધી કઢયુ ને ઘરના દ્વાર વાસેલા હતા તેમ મ મોટે સાદે બા પાડયો, એટલે ઘરમાથી એક સ્ત્રીએ આવી બારણા ઉઘાડયા અને તે મારી સામે ખડી થઇ મે તેને મુખી વિષે ખબર પૂછી તેણે આશ્ચર્યચકિત આખે મને જોયા જ કીધો છેવટે, મારુ કૌતુક ટાળવા તેણે કહ્યુ "હુ જ મુખી છુ તમ જેની તપાસ કરો છો તે હુ જાતે જ છુ બોલો, તમારે શુ કહેવુ છે?" ઉત્તર સાભળી હુ તો ભારે વિસ્મય પામ્યો ને ગણગણ્યો, "અરે! સ્ત્રી મુખી! ગજબ થઇ!"

થોડીક મિનિટો સુધી મે તો એક સ્વર પણ ન કાઢયો નીચુ જોઇ હુ તો મારુ માથુ ખજવાળવા લાગ્યો પેલી બાઇએ મારો ભાવ પામી લીધો તેણે મને સમજાવવા માડયો, "ભાઇ! અહીં તો મજુરી કરે તે મુખી, પછી ભલે તે હોય સ્ત્રી કે પુરૂષ હુ મહેનત મજુરી

કરી મારૂ જીવન વીતાડુ છુ હુ તો થોડીક વાર સુધી આ સાંભળી મુંગો રહ્યો, પણ પાછળથી મે એક ગપ છોડી મે કહ્યુ, "હુ તો પિટર્સ બર્ગના એક ધનવાનનો લાડકવાયો છોકરો છુ મને તો બ્હાર ફરવામ મઝા આવે છે, એટલે મારા દોસ્તોને લઈને હુ ગમ્મત માટે ગામ-ગામ રવડુ છુ રસ્તામા અમે સધાએ ચમચમીને દારુ પીધો હુ તો તદ્દન બેહોશ થઇ ગયો મારા સાગરીતોએ મને એ હાલતમા છોડી દીધો હુ તો અટૂલો પડયો છુ ક્યા ગયા હશે મારા દોસ્તદારો ' અરે ! મને આફતમા નાખી કયા ભમતા હશે !"

મારી ગપ સાભળી તે સ્ત્રી દયાથી ભીંજાઇ, તેનુ હૈયુ પીગળ્યુ તેણે મને રાતવાસો આપ્યો, ને ઠીક રીતે મને ભોજન ચખાડયુ, આરામથી મે રાત ત્યા કાઢી

બીજે દિવસે સવારે, એક હોડી ભાડે કરી હુ પિટર્સબર્ગ પહોચ્યો મારા મિત્રોએ ત્યા મને છૂપાવી રાખ્યો પોલીસોએ મારી ખૂબ તલાસ કરી, પણ મારો પતો તેઓ મેળવી શક્યા નહિ થોડક દિવસ પછી આ ગડમથલ શમી ગઇ ને મે રશિયાની સીમા વટાવી પછી હુ અહિ આવી પહોચ્યો

આવ્યો તે રાતે, હુ કૈસાટકીનના મકાનમા સઇ રહ્યો તે પુરુષ મહા ચતુર હતો એની લાગવગથી જોત જોતામા, એણે લડનમા અનેક મિત્રો મેળવ્યા હતા અમારી મડળીમા કોઇક વખત જલ-સાઓ થતા અને નાટકો ભજવાતા કૈસાટકીન તે નાટકોમા બહુ સુદર અભિનય બતાવતો બ્હારના લોકો અમને ફ્રેચ ધારતા કે કોઇ બીજી પ્રજાના આદમીઓ કલ્પના, પરતુ અમે નિહિલિસ્ટ છીએ, એ તો કોઇ પણ કળી શકયુ નહોતું

એક વખત અમે નાટક કરવાની તૈયારી કરતા હતા તે નાટકમાં મે એક રાજકર્મચારીનો પાઠ લીધો હતો આગલી રાતે અમે નાટકનુ 'રિહર્સલ' કર્યું હતુ, અને તે પ્રયોગમા રાતે બાર વાગી ગયા હતા પગે ચાલી હુ મારા મુકામ પર આવવા નીકળ્યો હુ જ્યારે વેસ્ટ એન્ડ કપની આગળથી પસાર થયો હતો, ત્યારે રાત્રિ મને સુખસ-ચારક લાગી હુ એ આનદની લ્હેરમા કેનસિ ગટન ગોર નામક મથક આગળ ચાલ્યો ગયો તે સ્થાનની નીરવ શાતિમા કોઇક કોઇક વખત ચોપદારોની આલબેલથી કે પક્ષીઓના ચીચવાટથી ભગાણુ પડતુ અને અધારૂં એટલુ હતુ કે હુ કોઇને પણુ તે સ્થળે પિછાની શકુ નહિ, તેમજ કોઇ બીજુ મને જાતને પણુ ઓળખી શકે નહિ મેં મારો જૂનો પોશાક બદલ્યો હતો, એટલે મને કોઇ શોધી શકે નહિ તેમા આશ્ચર્ય બહુ તો નથીજ

મે અડધા કલાક સુધી મારી મુસાફરી ચાલુ રાખી મારી આખ એકાએક જાગૃત થઈ ગઇ મને લાગ્યુ કે હુ તો રસ્તો ચૂકી ગયો છુ ને કેનસિ ગટનના બજારમાં આવી પડયો છુ

મે વ્યાકુળ આખે ઉપર નીચે જેયુ મારી સામે એક ઉંચુ આલીશાન મકાન ઉભુ હતુ તેમા રોશની ઝગઝગી રહી હતી છેક ઉપર એક અગાશી શોભતી હતી એ રોનકદાર મકાન કોઇ પૈસાદારનુ હોય એમ મને લાગ્યુ એ ઘરની આસપાસ બીજા ઘરો હતાં, પરતુ તે બધામા દીવાઓ બુઝાઇ ગયા હતા, ને પ્રકાશ હોલવાયા હતા આ દેખાવ જેઇ હુ બબડયો "આ બધા ઘરો સૂતાં છે, ને આ એક અડોલ મકાન રોશનીથી ઝગમગતુ જાગતુ ઉભુ છે"

થોડીક વાર સુધી તો મે એ મકાનને જેયાજ કર્યું પરતુ પાછળથી એ ઘરમાથી કાઇક અવાજ આવ્યો એ શબ્દો સાભળી હુ

તો ચોકી ગયો મે મારા કાન સાવધ કર્યા, ને એક ધ્યાને તે શબ્દ-પાત સાભળવા માંડયા આખરે, મને માલમ થયુ કે એ અવાજમા બ્હીક હતી ને ત્રાસ હતો

હુ હજી તો વિચાર કરૂ છુ, એટલામા મે મેડી પગનો એક ઓરડો ઉઘડયો, અને એક નોકર બહાર આવી ઝરૂખામાં ઉભો. તેણે મને કહ્યુ, " મહાશય ! બે ચાર મિનિટ તો અદર પધારો, મારા શેઠે મને હુકમ આપ્યો છે કે કોઇ ભલા માણુસને મારે શોધી કાઢવા, ને શેઠ આગળ રજૂ કરવા મે ન્હોતુ ધાર્યુ કે આ રાતના વખતે તમે મારી ભીડ ભાગશો "

આવા વિચિત્ર શબ્દો સાભળી હુ તો અચરજ પામ્યો મે કહ્યુ, " અરે ભાઇ, તારા શેઠને ભલા માણુસની શી ગરજ પડી ? અને તે આવી ઘોર રાતે ? કઈ જાણ્યા વિના હુ તો અદર નહિ આવુ "

નોકરે ભારે અદબથી કહ્યુ, " મહાશય ! મારા માલિકની પુત્રી મરણ પથારીએ પડી છે અને મારા શેઠે મને કોઇ ભલા આદમીને લાવવાનો હુકમ આપ્યો છે મારા જેવા પામર એમા શુ સમજે ! હુ તો આખરે નોકરજ, મને કહ્યુ તે મારે કરવાનુ, બીજુ હુ શુ સમજુ ? "

મને ખાત્રી થઇ કે આમા પેચ જેવુ કઇ નથી, એટલે પેલા નોકરની પાછળ હુ ચાલવા લાગ્યો મારા મનમા એમ હતુ કે 'લાવ અહી શું કૌતક હશે, તે તો જોઇ આવુ "

નોકરની સાથે હુ એક ન્હાનકડા ઓરડામા ગયો તે ઓરડાનો ઠાઠમાઠ મોહક હતો, અને તે જોવામા મે મારૂ મન વળગાડયુ થોડીક વાર પછી નોકરે મારી રજા લીધી, અને પોતાના શેઠને તેડવા તે

ક્યાંક ગયો આ પછી, પડદાની પાછળ મે કઇક જૂદુ જ જોયુ બે માણસોના પગરવ મારે કાને આવ્યા, ને જોતજોતામા તેઓ પાસેના ઓરડામા ચાલ્યા ગયા મને થયુ આ ક્યાંથી આવ્યા હશે ! મારી વિચારમાળા ચાલતી હતી, એટલામા પેલો નોકર એક ઘરડા માણુસને લઇ મારી આગળ હાજર થયો મારી અજાયબીનો તે વખતે પાર ન રહ્યો મે જાણ્યુ ' આજ વૃદ્ધ પુરૂષ ઘરનો માલિક હશે '

એ બુઢ્ઢા માણુસે સુદર ને સ્વચ્છ પોશાક પહેર્યો હતો પણઆ આવેલો માણુસ આવા કપડા કેમ પહેરી શકતો હશે, તેની મને સૂઝ પડી નહિ એના વસ્ત્ર આવા કિમતી ને ભારે હતાં, તોપણ એની કાયા દુબળી હતી, બનું કદ ન્હાનુ હતુ, એના મ્હો પર કરચળીઓ પડી હતી, ને એની આખોમા કૃત્રિમ તેજ ચમકતુ હતુ એ ઘરડા પુરૂષે મને જે રીતે વદન કર્યાં તેથી તો મારા આશ્ચર્યની સીમા રહી જ નહિ

પછી નોકરે મ્હો ખોલ્યુ ને બોલ્યો, " આ મારા શેઠ સાહેબ " આ ઓળખાણુ કરાવ્યા પછી શેઠને સલામ ભરી નોકર ચાલ્યો ગયો મે શેઠ સાહેબને નીચે વળીને સલામ કરી ને તેણે ને ઝીલી

નોકર ચાલ્યો ગયો, ત્યાર પછી શેઠે મને કહ્યુ, " મહારાય ! આ દુનિયામા માણુસની કઇને કઇ તો કિમત હોય છે તમે મારા વિચાર સાથે મળતા થાઓ છો ને ' હુ જોઇ શકયો કે એનામાં ચચળતા હતી અને એ ચચળતા એની ઉંડી ગયલી આખો પરથી મ્હેજે દીસી આવી

આ પુરૂષનો આવો લુખો સ્વર સાભળી, મને તે મારા મનમા કઇ કઇ થઇ આવ્યુ આ કોઇ દિવાનો છે કે શુ ? આ શુ લવત્રી

કરે છે ? કઇ કાતરીઉ ગેપ છે ? આવાને ત્યા આવી મે કેવી મૂર્ખાઇ કરી ! મારી બુદ્ધિ કેવી ટુકી ! હવે શુ ? શુ કરૂ ?

મારા મનમા આવી ગડભાજ ચાલી હતી ને મે પાચ છ કદમ પાછળ હઠવાનો વિચાર કરી લીધો, પાછો હટી પણ ગયો પાછળ ખસી મે ન્હાસી છૂટવાની બાજી રમવા માડી, પણ પેલો માણુસ મારો મારગ રોકી ઉભો રહ્યો તેણે કહ્યુ, " કેમ ! મહેરબાન ! ડર લાગ્યો શુ ' અહી વળી બ્હીવાનુ શુ ! તમે એમ માનો છો કે હુ તમને ખાઇ જઇશ ? આમ શુ કરો છો ? મારા સવાલનો જવાબ આપશો ને ? "

" તમારો મત થોડોક ખરો છે દુનિયામા જેટલી જેટલી વસ્તુઓ વેચાયલી છે, તે બધી તેની સાચી કિમ્મત પ્રમાણેજ ખરીદાય છે, એમ માનવા હુ ના પાડુ છુ, " મે સદિગ્ધ ઉત્તર વાળ્યો

મારો જવાબ સાભળી પેલા માણસને હસવુ આવ્યુ હસતા હસતા તે બોલ્યો, " અરે ! તમે મારા કહેવાના અર્થને વળગી રહ્યા છો મારો ભાવ શુ છે તે નથી કળતા અને તમે ગોટાળો ઉભો કરો છો હુ જાણ છુ કે માણુસની માણુસાઇ જેઇ કિમ્મત કરવામા નથી આવતી પણ તમે શુ એમ ન માનો કે માણુસને પૈસા ખવડાવીએ એટલે બધુ કામ પાર પડે ? "

મે માથુ ધુણાવ્યુ, ને કહ્યુ " કામ પાર પડી શકે ! બનવુ અસભવિત નથી પણ, મને તમે ખુલ્લે ખુલ્લુ કહી દો મને અહી તેડવી, મારી પાસે શુ કામ કઢાવવુ છે ? મને તો આ બધુ જોઇ કઇ ગમ પડતી નથી બધા પડદા ખોલી મને ખુલ્લે ખુલ્લી રીતે સમજાવી દો આ બધાનો ભેદ શુ છે તે મારે જાણવો છે "

મારાં વચનોમાં રહેલી સખ્તાઇ બુઢ્ઢો પારખી ગયો તે થોડીક વાર મુંગો રહ્યો, અને મૌન તોડી તેણે કહ્યું, "મહાશય! જૂઓ હું જબરી આપદામાં આવ્યો છું તમારે મને મદદ કરવી પડશે" એના છેલ્લા શબ્દો સ્હેજ ધીમા હતા એ બોલી રહ્યો એટલામાં તો એના મ્હો પર દગીના પથરાઇ, ને થોડીક વાર પછી તો એણે હૃદયભેદક ચીચીઆરી પાડી આ કરૂણ દશ્યે મારૂં દિલ ભીંજવ્યું ને મને વધારે મુઝવણ થઇ, તોપણ આ વરડા માણસની દશા મારા અંતરને પલાળતી હતી તે સામે હું અખાડા કરી શકયો નહિ મને લાગ્યું કે આને કંઇ માનસિક આઘાત લાગ્યો હોવો જોઇએ અને એનું દુ:ખ અસહ્ય હોવું જોઇએ આખરે કોમળ સ્વરે મેં કહ્યું, "લાટ સાહેબ! તમને કંઇ મદદ કરીશ તો મારી જાતને હું સુખી સમજીશ"

મારા જીવતા શબ્દોએ એની મુખાકૃતિ પલટી નાખી એના મ્હો પરથી વ્યગ્રતા દૂર થઇ, નિરાશા ન્હાસી ગઇ, ને ફરી પાછો તે પ્રસન્ન થયો એના બોલમાં આ વખતે ઉત્સાહ ભરી તે બોલ્યો, 'બાપ! બહુ પાડ! તમને મેં જતા અટકાવ્યા તેથી તમને કેવું સાલતું હશે!

મેં કહ્યું, "ફીકર નહિ તમારે જે કહેવું હોય તે મને કહો. તમે કહેશો તે કરવા જેટલી મારી પાસે તાકાદ તો હશે"

તે બહુમાએ પોતાની સ્થની કહેવાનું શરૂ કર્યું તેણે મને કહ્યું, 'તમને હું બધી વાતો કહું તે પહેલાં મારે તમને મારૂં નામ જણાવવું જોઇએ એની વાત સાંભળી તમે જાતેજ તેનો મર્મનો તાત્પર્ય શોધજો મારૂં નામ અર્ન વોન્સટૉર્ફ છે"

અર્ન ઓફ વોન્સટૉર્ફ! કોણ? અર્ન ઓફ વોન્સટૉર્ફ! આ શું! આ તો ઇંગ્લન્ડનો મશહૂર રાજનીતિજ્ઞ! એણે રાજનીતિના નીર

કેવાં ડહોળ્યાં છે! અર્લ ઓફ વોન્સફૉર્ડ! રશિયાના ઝારની એના પર રહેમ હતી! સમ્રાટના રાજદૂતો એને રીઝવતા હતા! આ વોન્સફૉર્ડ! અજબ થઇ! એની સાથે મારે કયા પાનો પાડવો! મારા આશ્ચર્યનો તો આ વખતે પાર રહ્યો નહિ. આશ્ચર્યની સાથે મને ચિન્તાએ ઘેર્યો મારા ભાવ પારખી લઈ પેલો ઉમરાવ બોલ્યો, "સાંભળો, ભાઇ! મારી એક દિકરી છે તેને જીવલેણ રોગ લાગુ પડયો છે એ બચે એની મને લેશ માત્ર આશા નથી દાકતરોએ પણ હવે તો આશા મૂકાવી છે અરે! મારી દિકરી! જુઓને, એની એક ઇચ્છા છે, અને તે ઇચ્છા પૂરાય તો એનો અંત શાંતિથી આવે એ રાંકડી છોકરી આરામથી જીવનની અવધ કાઢે!"

'ત્યારે તમે મારી પાસે શું કરાવવા માગો છો,' મે પ્રશ્ન પૂછ્યો "તમે તે છોકરીની સારવારમા મને રાખવા ઇચ્છો છો? ભગવાનનુ ભજન સંભળાવવા મને રાખવો છે? એવુ કામ કરવામાં મને તો ખૂબ ડર છે, શુ કરૂ?"

અમીર બોલ્યો, "ના, ના મારી પુત્રી તો ધર્મિષ્ઠ છે એના કાને તો પ્રભુના શબ્દ ગુંજયાજ કરે છે મે કઇ તમને એ ભકિત માટે નથી બોલાવ્યા?"

આનો આવો અસ્પષ્ટ ખુલાસો સાંભળી મે કહ્યુ, "મરણની પથારીએ પડેલી બાળા માટે ભગવત્ સ્મરણ સિવાય બીજુ શુ કામ કરવાનુ? મને કહો ને ત્યારે, મારે શુ કરવાનુ છે?"

"વાત તો સાચી છે મારી છોકરીને સનેપાત થયો છે તે હુ સમજુ છુ તમે મને હમણાજ કોલ આપ્યો છે કે તમે મને કોઇ પણ જાતની મદદ કરશો તેમા પાડ નથી તો પછી .."

હું વચ્ચે બોલી ઉઠયો, " પણ, કહોને શું છે ? તો પછી. શું કહો છો ?"

તેણે પોતાનું વાકય પૂરવા માંડયું, " મારી દિકરી સાથે તમે લગ્ન કરો "

લગ્ન કરો ! આ શબ્દો સૂણી હું તો બ્હાવરો બની ગયો. મરવા પડેલી છોકરી સાથે લગ્ન કરવાં ! આ શું ? આ માગણી કેવી ? આમાં મારે મદદ કેવી આપવી ! આ ઉમરાવ શું લવે છે ? એના બોલવાનો ગળ શું છે ? હું તો આવી બ્હેબાકળી સ્થિતિમાં મુંઝાઇ ગયો મારી આંખમાં આ વખતે આશ્ચર્ય ઉભરી આવ્યું, ને બોળે બોળે ઉભો રહ્યો છતાં, પેલા ઉમરાવની સામે મેં તીણી નજર નાખી

" મારૂં કહ્યું તમે માનશો નહિ તો પસ્તાવું પડશે, " ઉમરાવે બળતામાં ઘી હોમતા કહ્યું

મેં તો જવાબ પરખાવ્યો, " ગોળ ગોળ વાતમાં મને સમજ નથી પડતી, તમે ખુલ્લી રીતે કહો "

તે ઉમરાવે મને સમજૂત આપતા કહ્યું, " સાંભળો, આજથી કેટલાયે દિવસ પર પિટર્સબર્ગમાં અમે રહેતા હતા ત્યાં હું બિમાર પડયો. મારી માંદગીથી હું ઉઠયો, એટલે હવાફેર જવાની જરૂર પડી, અને ફ્રાન્સના દક્ષિણ પરગણામાં હું ગયો. હું રશિયા છોડી ફ્રાંસ ગયો એટલામાં આ મારી છોકરીએ એક રશિયન યુવકની સાથે સ્નેહ બાંધ્યો મારી લાડકી બાળા તે જવાનની પાછળ ગાંડી બની ગઇ. પછી હું પાછો રશિયા ફર્યો ને મારી પુત્રીને લઇને હું ઇંગ્લાંડ આવ્યો મારી દિકરી ઈંગ્લંડમાં આવી છતાં પેલા યુવાન પરથી તેની પ્રીત જરાયે છૂટી નહિ તેના વિજોગથી તેનું હૈયું કકળતું રહેતું, ને હરહમેશ તે પોતાની આંખમાંથી આંસુની ધારાઓ રેલવ્યા કરતી આ

વિરહવેદના એવી તો વધી પડી કે એ દિવસે દિવસે વધારે ગળાતી ચાલી, શૂન્ય બનતી ગઇ; આખરે તે દિવાની બની ગઇ ।"

આ પ્રસ્તાવ સાંભળી મારી અજાયબીનો પાર રહ્યો નહિ મે પૂછ્યુ, " ત્યારે, તમારી છોકરી સાથે પેલો યુવક ન પરણે ?"

"ક્યાંથી પરણે ?" તેણે સદેહ જનક પ્રશ્ન પૂછ્યો અને કહ્યુ, " હવે તો તે જુવાનીઓ ક્યાંક લપાઇ બેઠો છે તેનો પત્તો પણ મને નો જડતો નથી એ યુવાનને મે ખૂબ હુઢયો, પણ હજી મે એને શોધી કાઢયો નથી અરે ! આજે જ જો તે મારા હાથમા આવે તો મારી છોકરીનો હાથ તેને આજે જ સોપી દઉં, પણ, ભાઇ મારી છોકરીની અત્યારે વિચિત્ર દશા છે એ દશામાં એના લગ્ન જો ગમે તેની સાથે કરી દેવાય તોપણ તેમાં કશી નડતર આવે નહિ અરે ! પણ સવાલ એ છે કે મારી એ ઘેલી પુત્રી સાથે લગ્નની ગાંઠ કોણ વાળે !"

તે અમીરે પોતાનુ બોલવુ પૂરૂ કર્યું કે તરત તેણે એક પાકીટ ઉઘાડયુ, ને મારી આગળ રૂપિયાની થેલી જમાવી દીધી તેણે રૂપિયાની એક એક નોટ લઇને તેનો હિસાબ ગણ્યો તો મને જણાયુ કે એ રકમ પાત્રીસ હજાર રૂપિયાની હતી રૂપિયાની આ ઢગલીમાંથી પેલા ઉમરાવે મારી સન્મુખ ત્રીસ હજાર રૂપિયા મુકયા ને મને કહ્યુ, "તમે જો મારી દિકરી સાથે લગ્ન કરશો તો આ બધા રૂપિયા તમને કન્યાદાનમાં હુ ભેટ કરીશ "

ત્રીસ હજાર રૂપિયા ! અહા ! કેટલા બધા ! માણસ આ લાલચથી ભાગે ખરો ! કયો આદમી આ મોકો જતો કરે ! લક્ષ્મી ચાલ્લો કરવા આવે ત્યારે કપાળ ધોવા કોણ જાય ! અને હુ એક મુફલીસ ! પૈસા વિનાનો પામર ! આટલી રકમ મળે તો મારા ભવની જ જાળ ટળે !

અને, આ છોકરી છે ગાંડી ગાંડી સાથે પરણીશ તો એ ગાંડીની ડાગળી ઠેકાણે આવશે. અરે ! આરામથી આ લોકને તો છોડી જશે ! ને એ બહુ બહુ તો દસ દિવસની મહેમાન ! એને હુ ચાહતો નથી, તેથી શુ ? એને પરણવામાં શો બાધ ? આ કાળી રાતે મે શુ કર્યું તે કોણ જાણી શકવાનુ ? લાવને ત્યારે આ તક સાધી લઉ !

મારા મનમા હુ આવા વિચારો ઘોળતો હતો, એટલામા તે અર્લ બોલી ઉઠયો, "ભાઇ સાહેબ મારી કન્યાનુ મગજ ખસી ગયુ છે, એ વાત સમાજમા બ્હાર ન પડે ! એની પરિચારિકાઓ અને મારો કુટુબ કબીલો આ વાત જાણે છે, તો પણ તેઓ એને છુપાવી શકશે, મને આટલો તો વિશ્વાસ છે બીજુ શુ કહુ ?"

વળી, પાછો હુ ચગડોળે ચઢયો આ છોકરી મરી તો જવાની છે, ત્યારે આ ઉમરાવ ત્રીસ હજાર રૂપિયાનું પાણી શુ કરવા કરતો હશે આની પાછળ કઇ ભેદ તો ન હોય ? શુ હશે ?

મારી મનોદશા જાણી જઇ પેલા અર્લે કહેવા માડયુ, "અરે, વિચાર શુ કરો છો ? ઝટપટ નિર્ણય કરો વિવાહનુ કાર્ય કરવા માટે પાદરી હાજર છે બધી ગોઠવણ તૈયાર રાખી છે આમા તમે ઢીલ કેમ કરો છો ? તમને રૂપિયા ઓછા પડે છે ? લો, બીજા પદર હજાર આપુ છુ હવે માની જાઓ, નકકી ઠરાવ પર આવો."

એક પાગલ છોકરી સાથે પીસ્તાળીસ હજાર રૂપિયા લઇ લગ્ન કરવા એમાં નૈતિક ગુન્હો હશે ? અને ભલેને હોય ! લોકો ભલેને મારા પર તિરસ્કાર વરસાવે ! પણ, આ મોહમાંથી મારાથી નથી છટકાતુ કેમ કરી છટકુ ! આવા વિચારો ડહોળ્યા પછી રૂપિયાની ચોકડી મેં મારા હાથમાં લીધી ને રૂપિયા ગજવામાં નાંખ્યા

અને ! આ રીતે મેં આત્માને વેચ્યો ! બીજા ક્ષુદ્ર લોકો કરે તેવું મે કર્યું ! મે શુ કર્યું !

અને તેવામા કમાડ ખખડયા ને ઉઘડયા, પાદરી સાહેબ અદર આવ્યા.

તે પાદરીએ કહ્યુ, "કેમ સાહેબ ! લેડી મિડલર સાથે તમે લગ્ન કરવા રાજી છો ?" 'હા' મે સકોચાઇને જવાબ આપ્યો મારૂં દિલ મને ડખતુ હતું, પણ મારો લોભી હાથ મારા ગજવા પર ચોંટી રહ્યો હતો

'ત્યારે આવો મહાશય !' પાદરી સાહેબે મને નિમત્રણ આપ્યુ અને હુ પાદરીની પાછળ પાછળ ગયો

પછી અમે એક ઓરડામા ગયા તે ઓરડામા ફુંળો પ્રકાશ ફેલાયો હતો એના એક ખુણામાં એક ખાટલો પડયો હતો અને તે ખાટલા પર એક આદમી સુઇ રહ્યુ હતુ એના આખા અગ પર વસ્ત્રો ઓઢાડયા હતાં અને તેને ઓળખી શકાય એમ ન હતુ આ માંદી વ્યકિતના બિછાના પાસે અમે બધા ચૂપચાપ બેસી ગયા

થોડીક મિનિટ પછી પાદરી સાહેબે પેલી વ્યકિતના વસ્ત્રો ખસેડવા માંડયા તેનુ મ્હો ખુલ્લુ થયુ એટલે મને સમજ પડી ગઇ કે આજ મારી ભાવી પત્ની, અને મારો સદેહ ન વધે તેટલા ખાતર પાદરીએ કહ્યુ, "મહેરબાની કરી તમે આનો હાથ ઝાલો "

યત્રની માફક મે પાદરીનો હુકમ અમલમાં મૂકયો અર્લની આજ્ઞા પ્રમાણે પછી લગ્નવિધિ શરુ થઇ પાદરીએ મત્રો ગણ્યા, અને અમારા હાથ મેળવી આપ્યા આ દરમ્યાન હું જોઇ શકયો કે પેલી યુવતીને કોઇ પણ જાતનો ઉદ્વેગ ન હતો, કે કોઇપણ જાતનો

મુઝારો ન હતો પાદરીએ અમારા લગ્નકાળે મને મારૂ નામ પૂછ્યુ અને મે કહ્યુ "વ્લેડિમર મર્ડિનફ" વાંચક જોઇ શકશે કે આ મારૂ નામ છેજ નહિ આતો મે બનાવટી નામ ગોઠવી દીધુ

પણ મારા નામનો ઉચ્ચાર સાનળતા પેલી રમણી ચોકી ઉઠી, અને અસ્પષ્ટ અવાજે કઇક ગણુગણી એ બબડી હતી તે કોઇ બીજુ સમજી શકયુ ન હશે, તો પણ એની રશિયન ભાષા મે સ્હેલાઇથી સમજી લીધી.

જેનુ મે પહેલાં ન્હોં પણ ન્હોતુ નિરખ્યુ, જેનુ મે કદિ અતર પણ નથી તપાસ્યુ તેની સાથે મારા લગ્ન થયા ! દુનિયાની નજરે હુ એ અપરિચિત સ્ત્રીનો સ્વામી થયો !

પેલી રમણીનો સુકુમાર હાથ હજી તો મારા હાથમા હતો. તેનો હાથ બરફ કરતાં યે વધારે ઠડો હતો, એના શરીર પર મને તો ઉકળાટનુ એક ચિન્હ પણ ન જણાયુ ત્યારે મે રૂપિયાના લોભમા કેવો અન્યાય કર્યો ! મારા અતરને મે કેવુ છેતર્યું !

અર્લે કહ્યુ, "ચાલો ત્યારે, નીચે જઇએ લગ્ન કરાર પર હવે સહી મૂકો " આ આજ્ઞા પ્રમાણે હુ તો અર્લ સાહેબની સાથે સાથે નીચેના ઓરડામા ગયો ત્યા પુસ્તકોના કબાટો ગોઠવ્યા હતા, અને ત્યાંજ લગ્ન કરારની પોથી હતી પાદરીએ મારા હસ્તાક્ષર લીધા અને મધુર શબ્દોમાં મને આશીર્વાદ આપ્યા એ આશીર્વાદમાં મને જાતને કાંઇક સદેહ જણાયો ને મશ્કરી લાગી

પાદરીએ મને લગ્નનુ પ્રમાણપત્ર આપ્યુ ને નોકર દારૂની બાટલીઓ લઇ હાજર થયો અમે બધાએ દારૂ પીધો ત્યાર પછી અર્લ મને મારી નવવધુ પાસે લઇ ગયો, ને વાત કરવાની સૂચના આપી ત્યાંજ ઉભો રહ્યો

પણ કેમ કરી હુ વાત કરૂ ? આ અપરિચિત વ્યકિત આમળ મારી જીભ કેમ ઉપડે ? અને, એના વિચારો કેવા હશે ? એના જીવનના આદર્શો કેવા હશે ? ફાવે તેવા હોય, તોપણ એની સાથે મે દિલના લગ્ન ક્યા કર્યા છે ? મે એનો દેહ લીધો છે, ને પૈસા લીધા છે તો પછી એ મારી સ્ત્રી ખરી ? હુ એનો સ્વામી ખરો ? અને, એક વખત બધુ માની લઉ તોપણ એવી બેજ્બ'ગેપ સાથે હુ શુ વાત કરવાનો ? એનુ મગજ ઠેકાણે ક્યા છે ? એને બોલવા ચાલવાનુ ભાન ક્યાથી હશે ? એવી ચકકર સાથે મારે બોલવુ શુ ? અને, ધારી લઉ કે બોલી શકુ તોપણ એ રમણીના વડીલના દેખતા તો કેમ કરીને ? એવી ધૃષ્ટતા કરવી સભ્યતાની વિરૂદ્ધ છે

મારા હૃદયમાં આવા ભાવ ઉઠતા હતા અને મારા મ્હો પર તેની રેખાઓ સ્પષ્ટ રીતે પડતી હતી તે ઉમરાવ મારી મનોદશા કળી ગયો હશે કે કેમ તે હુ નથી કહી શકતો પરતુ તે દૂર ખસી ગયો ને હુ ત્યાં એકલો પડયો

આખરે બધી અકળામણ શમાવી હુ મારી સ્ત્રી પાસે ધીરે ધીરે ગયો એના બિછાના પાસે જઇ, મે એને હળવેથી ઢઢોળી, ને વાત કરવાની ચેષ્ટા કરી પણ, મારી જબાન રૂધાઇ ગઈ હુ શુ બોલુ ? એને શુ સબોધુ ? ભૂલમાને ભૂલમા હુ તો નિહિલિસ્ટ સમિતિની કેટલીક સજ્ઞાઓ લવી ગયો, ને તરત શરમાઇ ગયો, ફીકકો પડી ગયો.

પરતુ આનુ પરિણામ અજબ આવ્યુ પેલી જુવાન રમણી પથારીમા બેઠી થવા મથી, પણ બેઠી થઇ શકી નહિ એનુ શરીર એકદમ ગળાઇ ગયેલુ તેથી ઉભી થવા તેણે ફાંફા માર્યા પણ હાર ખાધી, આખરે, મહા મહેનતે એ એના પાતળા હાથ એના માથા પર

ટેકવી શકી ને બેઠી થઇ શકી મેં એને કઇક કહ્યુ, ને એ ચેતી ગઇ. એનો જવાબ મારી સમિતિની સજ્ઞાઓમાં હતો, એટલે હુ જાગૃત થયો, મારામાં હરખનો એક પલકારો થયો હુ ચેત્યો આ તો નિહિલિસ્ટ છે !

મે એ ઓરડામા બળતી વીજળીની બતીઓ બુઝાવી દીધી, અને એ સ્રીની વધારે નજીક સરકી એના મ્હોનુ બારીક અવલોકન કર્યું એ તો નિર્વિવાદ હતુ કે એનામા સૌદર્યની ખામી ન્હોતી એનુ શરીર રોગથી ઝપટાયલુ હતુ, છતાં એના આખા અગ પર સૌંદર્યની ઝલક હતી દીનકર ઉગે તે પહેલા સૂર્યકમળમા જે પીળાશ અને ગ્લાનિ હોય તે પીળાશ અને ગ્લાનિ આ મનોહર મૂર્તિપર મે જોયાં એની આખોમાં વિચિત્ર ચમત્કાર હતો, અને મ્હો પર એક ખોવાયલા માણુસ માટેની ચિન્તા હતી એનુ મ્હો મ્લાન હતુ, પણુ તેજસ્વી હતુ, એની કરમાયલી કોમળતામા સૌદર્ય હતુ

પછી તો અમારૂ નેત્રમિલન થયુ, યુવતીના ફીકકા મુખ પર હાસ્યની એક છટા છવાઇ, અને આનદપૂર્વક નજર નાખી મારી સામે તેણે જોવા માડયુ તેની દૃષ્ટિ સ્થિર હતી, ને ઓઠ કઇક વિચિત્ર રીતે ફફડતા હતા મે એને ઓળખી એ ફૈરન–મારી નવી પત્ની–ફૈરન !

કઇક દિવસો પર, અરે ! વર્ષો પર, હુ પિટર્સબર્ગ રહેતો હતો અને નિહિલિસ્ટ સમિતિમાં સ્વયસેવિકાઓની ભરતી થતી હતી અહા ! તે રમ્ય દિવસે સ્રીઓનાં વૃદમાંથી તે આગળ આવી હતી, અને ‘ મિડલર વોન્સફૅાર્ડ ’ એમ નામોચ્ચાર કરી પોતાનુ જીવન નિહિલિસ્ટ સમિતિને સોપ્યુ હા ! એજ ! એજ મારી નવી પત્ની ! મિડલર

વોન્સફૉર્ડ ! એ રશિયન નથી, અંગ્રેજ છે, એ નિર્ધન નથી, એ ધનવાનની દિકરી છે એ સ્વયંસેવિકા સાથે મે નિહિલિસ્ટ સમિતિનું કામ કર્યું હતુ, પ્રેમની વાતો કરી હતી, ને એનો હુ પ્રેમી બન્યો હતો પણ ! અરે ! તે દિવસો અધૂરા રહ્યા, મારા સ્વપ્નાંઓ ફળ્યાં નહિ, અમે જૂદા પડયા, ને દૂર દૂર વીખરાયા પણ આજે કેટલાયે વર્ષો પછી અમારી જૂની યાદ તાજી થઇ, જૂનો પ્રેમ ફરી જાગ્યો, ને આઘાં થયેલા ફરી જોડાયા ! શી અપુર્વતા ! રશિયાની રાજધાનીમાથી હું ભાગ્યો ને દેશદેશ રવડયો તે શુ આ મિડલગ્ને મળવાજ માટે ! અરે ! કેવી વિચિત્રતા !

મિડનર વોન્સફોર્ડ ! એ નામ આજે બોલુ છુ , એટલે ભૂતકાળની કાળી રાત્રિઓ મારા સ્મરણમા આવે છે, અને, તેજ મિડલરને મે પૈસા બાદ વેચાતી ખરીદી !

પણ, હવે શુ ? આ મારી નવી સ્ત્રી પ્રેમભીની નજરથી તાકી રહી છે ! જોતજોતામા એના સુકા પણ કમળદાંડી જેવા હાથો મારા ગળાની આસપાસ એણે પરોવી દીધા છે, ને એની આંખોમાથી આંસુની ધારાઓ પડે છે અરે ! આ શુ ! હજી તો મારા લગ્નની વિચિત્ર કથા મે એને કહી પણ નથી, એની નેત્રોની ઉત્સુકતા મે શમાવી પણ નથી, એટલામા આ શુ ?

મે જોયુ કે એ બેહોશ થાય છે ! આશ્વાસન આપી, ઉપચારો કરી, મે એને ફરી જાગૃત કરી, અને પછી તો એ ફરી પાછી માર સામુ સ્નેહભીની દૃષ્ટિએ જોવા લાગી તે તકીઆની એક બાજુએ નમી, અને તળીએથી કુંચીનો ઝુમખો કાઢી મને કહ્યુ, "જૂઓ, પણે મારી પેટી છે આ કુચીથી તે ઉઘડે અને તેની ડાબી બાજુમા કાગળનુ એક બંડલ છે તે અહી લઇ આવો. આટલુ કરશો ને ?"

“હા” મે ભારે અવાજે કબૂલ કર્યું કુચી વાલી મે પેટી ખોલી ને બડલ ઉપાડી પાછો હુ મારી સ્રી પાસે આવ્યો બડલ ઉઘાડી મે કાગળીઆ ઉપર નીચે કર્યા અને એમા એક મ'નમ ની છબી હાથ લાગી તે છબી જોઇ હુ તો દગ થઇ ગયો અરે ' આ મારી છબી ! ' મિડલર ! કયાથી લાવી ? મે પ્રશ્ન પૂછ્યો ને તેણે ઉત્તર વાળ્યો, ' કયાથી શુ લાવી ' જાઓ જાઓ, આટલી વારમા મને ભૂલી ગયા ! પિટર્સબર્ગની પેલી પ્રણયભીની રાતો તમે વીસરી ગયા ! તે સ્નેહ કાળ હજી મારા દિલમાથી તો નથી ખસતો રાત અને દિવસ, પળ વિપળ, ઓ એન્ટન ! હુ તારુ રટન કરુ 'છુ મારા હૃદયના ખુણે ખુણે તારા પ્રેમના અજવાળા છે પણ, એન્ટન ! તુ મને જ ભૂલી ગયો ! '

' પણ, છબી ક્યાથી લાવી ? ' મે ફરી પૂછ્યુ તેણે જવાબ આપ્યો, “ એ તો વળી તમારા એક મિત્ર પાસેથી પડાવી લીધી ”

“ પણ એ તો ગમે તે હશે, ” તેણે આગળ જતા કહ્યુ, જૂઓ ને બીજી છબી ”

“ અહાહાહા ! તુ કેસાટકિનને ઓળખે છે ? ' પેલી તસ્વીર જોઇ મે પૂછ્યુ

“ કેમ નહિ ? ” વિસ્મયમા નાખે એવા શબ્દોમા તેણે સ્નેહથી પ્રત્યુત્તર આપ્યો ” બહુ સારી રીતે ઓળખુ છુ એન્ટન ! તુ તો મારો સ્વામી ! મારા દિલનો તુ દિલાવર ! તારાથી હુ શુ છુપાવુ ? છુપાવુ તો પાતક ન લ્હોરુ ? મારી વાત સાભળશે ? એન્ટન ! એ નરો કેસાટકિન વિશ્વાસઘાતી છે એન્ટન ! એના પર ભરોસો રાખીશ મા ! એને તો શિક્ષા કરજે એની પાસેથી વેરની વસુલાત લેજે ”

"કેસાટકિન ! વિશ્વાસઘાતી ! તુ શુ બોલે છે ? એનો ગુન્હો શો ? સ્હેજ તો ઠીક બોલ," મે ગળગળા થઇ કહ્યુ

"અરે ! એ તો પોલીસનો દૂત છે જ્યારે પિટર્સબર્ગ છોડયુ, ત્યારે એ આપણી સમિતિમા ભરાયો, ને એણે જ આપણા વીસ આદમીઓને પોલીસના પંજામાં પકડાવ્યા એન્ટન ! હુ જો અંગ્રેજ રાજદૂતની કન્યા ન હોત તો મારે પે રશિયાની જેલ કોટડીઓ જોવી પડત પછી તો હત્યાકાંડનુ બારીક અવલોકન કરવામા હુ રોકાઇ મે તો કેસાટકિનનો પીછો પકડયો ને એના જીવનનો ઇતિહાસ શોધી કાઢયો એ કેસાટકિન પોલીસનો આદમી છે એનુ મુળ નામ પારમન મારક છે બનાવટી ચિઠ્ઠીથી એ આપણી સમિતિમા ઘૂસી શકયો, ને પોલીસની મદદથી આપણા સભ્યોને એણે પકડાવ્યા અને હવે તો જોને એન્ટન ! એક પાકા નિહિલિસ્ટ તરીકે એ પકાય છે ! કેવુ બેહુ દુ !"

"કેસાટકિન નિહિલિસ્ટોના બધા ષડયત્રો જાણે છે ખરો, પણ તે વિશ્વાસઘાતી છે, પોલીસનો છુપો માણુસ છે, કે નિહિલિસ્ટોનો વેરી છે, તે તો મારાથી કેમ મનાય ? તારી પાસે તારા કથનના ટેકામા શુ છે ? સાબીતી ન મળે !" મે ઉદ્વેગથી પૂછયુ

મિડનર બોલી" સાબીતી ! આ કાગળિયા ઉથલાવ એટલે બધા પ્રમાણો મળશે હુ તો કહુ છુ, એને હુડી કાઢ, ને એનો જીવ લે, એની કપટબાજી ચીરી નાંખ, ને એની ચામડી ઉતાર મારી ખાતર તુ આટલી પ્રતિજ્ઞા લે, એને જીવતો માર એન્ટન ! આપણા અસખ્ય ભાઇ બ્હેનોને સાઇબિરીઆના વિશાળ મેદાનમા જેણે દેશવટો અપાવ્યો, જેણે આપણા અનેક ભાઇ બ્હેનો પાસેથી જન્મભુમિના દર્શન ઝુટવ્યા, તેને તુ જીવતો રાખે ? એન્ટન ! તારો હાથ લાવ મારા હાથમા મૂક. લે, આટલુ પણ લે, આ વિશ્વાસઘાતીને શોધી કાઢી એનો વિનાશ આણ, એને આ પૃથ્વી પરથી દેશવટો આપ "

પણ મે ધીરતાથી કહ્યુ, ' મિડલર ! તારી વાત સાચી હશે, તો હે હુ પ્રતિજ્ઞા કરૂ છુ એ પોલીસના ગુપ્તચરને ઠાર કરીશ એનુ રક્ષણ હુ કેમ કરી શકુ ? "

" હાશ હવે મને કળ વળી " મારી સ્ત્રીએ ખુલ્લા દિલે કહ્યુ "એ હતભાગી હવે કેટલી લીલી સૂકી જોવાનો ! એના પાપનો ઘડો હવે ભરાઇ ચૂકયો. એન્ટન ! તારા હાથમાથી એ કયાં છટકી શકવાનો !"

પછી તો મારી મિડલરને થાક ચઢયો ને તકીઆ પર ઢળી પડી. એ ગણગણી, " વ્હાલમ ! ઓ હૃદયેશ્વર ! તારો પ્રેમ કેટલો અનસીમ !"

એના મ્હોં પર જૂદી જૂદી રેખાઓ પડી, પણ એનો શ્વાસ ખુબ રૂધાયો, ને મને મૂઢ બનાવ્યો હુ શુ કરૂ ? ' કિકર્તવ્ય 'ની મૂઢ દશામા હુ તો સ્થિર થઇ ગયો અરે ! આવી દશામાં પણ તે તો મારૂજ નામ રટે ! અહા ! એનો શ્વાસેશ્વાસમા મારાજ નામનુ રટણ ! પણ હુ કેવો ?

ત્યારે શુ આ મિડલરની અતઘડિ આવી ! આ અતવડિએ મારામા સ્નેહ ઉછળાવ્યો મારી પત્નીને મે ચુબન કર્યાં, ને સ્થિર નયને એના દર્શન કર્યા થોડીક ક્ષણ પછી આ મારી ભાર્યા આ સસાર છોડી ચાલી જશે એ વિચાર મને રોવરાવવા લાગ્યો. એટલામા તો એક નોકર હાંફનો હાફતો આવ્યો અને મને પુસ્તકાલયમા લઇ ગયો ત્યા હુ તો સ્તબ્ધ થઇ ગયો મારો સસરો અર્લ વોન્સફોર્ડ પલગ પર ચત્તોપાટ પડયો હતો તેની પાસે એક ટેબલ પડયુ હતુ, અને તેના પર દારૂની બાટલીઓ હતી એ શીશીઓના ભારામા એક ન્હાની શીશી ભાગેલી હતી. તે ન્હાની શીશી જોતા મને લાગ્યુ કે અર્લ ઝેર પીધુ હતુ, એણે વિષપાન શા માટે

કર્યું હશે, તેનો વિચાર મે નહિ કર્યો, હુ તો એની સારવારમાં હાજર થયો મે ઝાઝી બરદાસ ઉઠાવી ન્હોતી એટલામા એક દાકતરે આવી મને કહ્યુ, "આ ઉમરાવ રશિયાનો રાજદૂત હતો, પરતુ એમની નોકરી છૂટી ગઇ, પછી તેઓ દિવાના બન્યા એક વર્ષ ઉપર એમણે એમની છોકરી પર નિર્લજ્જ હુમલો કર્યો, તેથી તેઓ વધારે ઘેલા બન્યા એમને એ પાપથી ભારે પશ્ચાતાપ થયો હશે, કે એમનુ દિલ બહુ બળતુ હશે, તેથી એમણે ઝેર પીધુ લાગે છે"

તે રાત હુ ત્યાજ પડી રહ્યો સૂર્યોદય હજી થયો ન્હોતો એટલે હું ત્યાથી નીકળ્યો ને મારે મૂકામે ગયો, પરતુ મારા મકાનનો દરવાજો ખોલી હુ અદર ગયો પરતુ મારો મિત્ર કેસાટકિન ત્યા મળ્યો નાહ પ્હો ફાટયો હતો છતા ઓરડીમા દિવો બળતો હતો હુ મારા ટેબલ પાસે ગયો તો ત્યાં મને એક કાગળ જડયો એ પત્ર ઉપર મારૂ શિરનામુ હતુ કાગળ ફોડી મે વાચવા માડયુ "મને અનેક ગુપ્ત રહસ્યો જડયા છે અજે મારે બ્હાર જવુ પડે છે હુ કયા જાઉં છુ તે તો હમણા નથી કહેતો તમને તેની ખબર તરત પડી જશે"

હુ ચેતી ગયો કેસાટકિનને અમારાં કાવત્રાની બધી ખબરો મળી છે, અને તે પિટર્સબર્ગ ગયો છે

આ દરમ્યાન મારી પત્ની તો ગુજરી ગઇ હતી એની પાસેથી મળેલા કાગળો મે બરાબર ગોઠવ્યા, અને નિહિનિસ્ટ સમિતિના પ્રમુખ પર મોકલી આપ્યા થોડાક દિવસો પછી મને ખબર મળી કે સમિતિએ કેસાટકિનને મારી નાખવાનો હુકમ આપ્યો છે હવે કેસાટકિનની પાછળ મારે પડવાનું થયું.

પણ, ત્રીજા અઠવાડિયામાં 'પાલ મેલ ગેઝેટ'મા મે નીચેનો ફકરો વાંચ્યો

“રૂટરના કેલોના ખબરપત્રીએ મૂકેલા તાર પરથી માલમ પડે છે કે એક રહસ્યજનક હત્યાકાડને લીધે જર્મનીમા મહાન આંદોલન ઉઠ્યુ છે. ગઇ કાલે વ્હાઇન નદીમાં એક લાશ જણાઇ હતી તે તરતી ને ઝોલા ખાતી હતી એ શખ્સની છાતીમાં કોઇક હથિયારના ઘાંતા લાગેલા જણાતા હતા, અને તેની નિશાનીઓ સ્પષ્ટ હતી, એની પાસે કાગળનુ બંડલ હતુ તપાસ કરતા માલમ પડે છે કે એનુ નામ નિકોલા કેસાટકિન હતુ ને રશિયાનો રહીશ હતો, લંડનથી જર્મની આવ્યો હતો, અને અહી કોઇએ એને ગુપ્ત રીતે હણી લીધો ”

પ્રકરણ ચૌદમું

આઇવન લિઉસટિંગ કાંઇ જેવો તેવો માણસ નથી એના મિત્રોમાં એક મહાન પુરૂષ લેખાય છે, એના સાથીઓ એને પૂજ્ય ગણી નમે છે એ એના કામમાં સદા મસ્ત રહે છે એ રી પ્રતિજ્ઞામાંથી એ કદાપિ ચળતો નથી, પ્રાણને સમર્પવાની હરહમેશ એની તૈયારી છે

વસ્તી પાસે મારી સાથે ગાડીમાંથી એ કૂદી પડ્યો હતો, અને છૂપા વેશે મને જાણે કેટલી સહાય આપી હતી તે વાચક વીસરી તો ન ગયા હોય અત્યાર સુધીમાં લિઉસટિંગે અનેક દેશો ખુંધા છે, અને રશિયાની મુક્તિ માટે એણે પોતાના જીવની પરવા રાખી નથી, ફરી પાછો એ ગુપ્તયાત્રાએ નીકળ્યો છે

એણે દાક્તરીનો અભ્યાસ કર્યો છે, પિટર્સબર્ગમાં એણે અધ્યાત્મિક વિદ્યાના અમૃત પીધાં છે યોગબળનો એ પરમ ઉપાસક બન્યો છે એની શ્રદ્ધા, એનો વિશ્વાસ, એની તપશ્ચર્યા સૌ અદ્ભુત છે પણ એના યોગ-બળને એક વખત હાર મળી એના કરતાં એક બળવતી રમણીએ એને ચક્કરમાં નાંખ્યો, એ વાતો મેં સાંભળી હતી, પરંતુ મને એમાં

વિશ્વાસ ન્હોતો બેઠો. હજી સુધી લિઉસ્ટિગ મને મળ્યો નથી એને મળવાની મને ઘણી હોશ છે, પણ એવા કેટલાકે મૂકા જાય છે, તે જશે !'

એક દિવસ હું ગુપ્તસમિતિમા ગયો હતો મારા આશ્ચર્યની વચ્ચે એક જણે આવી મારા ખભા પર હાથ મૂક્યો. હું તેને પારખવા ગયો પણ તે મને સજ્જડ પકડી રહ્યો હતો. આખરે તે છૂટો થયો. 'અરે! આ તો લિઉસ્ટિગ' હું બોલી ઉઠ્યો કેટલાયે દિવસો પછી એની મુલાકાત ! પછી તો સભાને એક બાજુ પડતી મૂકી મે લિઉસ્ટિગ સાથે વાત માંડી મે પૂછ્યુ, વાત ખરી છે કે તમે યોગશાસ્ત્રના અભ્યાસી હો? મારૂ મન તો કબુલ કરતુ નથી મને સાચુ કહી દેશો?

એની કાળી આંખે પાની નાને જેઠ નચવા લાગી એના ચ્હેરા પર ગંભીરતા છવાઈ, એ બોલ્યો, 'અરે! તમે શું કહ્યું? મને તો કંઈ અર્થ પડતી નથી."

મે કહ્યું "શું ભૂલી ગયા કે 'કુરબ્હના વખતનાં તમે તમારા અભ્યાસ કર્યો હતો! કેટલા જુસ્સાથી સાગના તને તમારો વખત કાઢ્યો હતો! ભાઈ! તને આ ફંદ ક્યાથી લાગ્યો!"

મારા શબ્દો સાંભળી તે તો ઉદાસ થઈ ગયો એના મ્હો પર ગ્લાનિ પ્રસરી તે બોલ્યો, "એન્ટન! ભાઈ એન્ટન! આજે તું મારો મિત્ર ન હોત તો આ બોલ તને ભારે પડત"

હું તો જરા બોલ્યો, "શું તમારુ અધઃપતન એટલું બધુ થયું છે!"

મારા આવા વેણે લિઉસ્ટિગને ક્રોધ ચ્હેરે કરી પડ્યો નમ્રતાથી તે બોલ્યો, 'એન્ટન! તું આમ રીતે બોલે છે? લોકના ગપાટા સાંભળી તે મારા પર આળ ચઢાવ્યુ એટલે મને રોષ ચઢ્યો ભાઈ!

હુ તો તારી પાસે સહાનુભૂતિ માગુ છુ એક વખત એ આની તું શકિત જો, એની તેજસ્વી બુદ્ધિ જો, એની ક્ષમા જો, પછી તેને તારા બોલ માટે જરૂર પસ્તાવો થશે"

તુખા શબ્દોમા મે કહ્યુ, "ત્યારે એ સ્ત્રી છે ગણુ ?"

એ પૂરી જર્મન નથી, પૂરી રશિયન નથી એનો નિવાસ અમુક દેશમાં મર્યાદિત નથી આરૂ વિશ્વ એનુ આશ્રમ છે એન્ટન! એ વીર મહિલા છ" એણે જવાબ આપ્યો

"એનુ સ્થાન ચોક્કસ જ નથી! ગજબ,"મે આશ્ચર્ય બતાવતાં કહ્યુ, "ત્યારે તો અદ્ભુત બાઇ હોવી જોઇએ! નહિ!"

મારી મજાક સાંભળી લિઉસટિગ ઉત્તેજિત થયો એ બોલ્યો, "એન્ટન હજી મશ્કરી! મારી વાત તો સાંભળો, પછી ભલા મશ્કરી કરો મને સ્વચ્છંદી ચીતરો તમે મારી ઠેકડી કરો છો, પણ મારામા એક પણ અવળો સસ્કાર પડયો નથી તમારી દ્રષ્ટિ જ્યાં સુધી વિશાળ નથી, ત્યાં સુધી તમે સાકડુ જ જોશો તમારી આગળ વિશાળતા નહિ જણાય"

મે કહ્યુ " ભાઇ! મારી ભુલ માફ કરો મે કહ્યુ, તે બધુ વીસરી જાઓ ગગા ને જમનાના સગમ સમી એ રશિયન જર્મન આમારી કોણ છે? ભાઇ એ કોણ છે? એ રૂપની રભા છે? જોબનના એ પૂર બ્હારમા છે? એ કોણ છે? કેવી છે?"

તે બોલ્યો, " તમે એને ઓળખી લેશો સૌંદર્યની એ અપ્રતીમ મૂર્તિને નિરખી તમે આશ્ચર્ય પામશો."

આ વાત પછી કેટલાક દિવસો વહી ગયા એક દિવસ લિઉસ-ટિગની ઉપાસ્ય દેવી પાસે જવાનો મને અવસર મળ્યો

વૅાજેસનસ્કના ન્હાનકડા ગામમાં એ સુદરી રહેતી હતી એનુ મકાન લાખુ ને પહોળુ હતુ ત્રાજે મજલે એનો આવાસ હતો, ઉદર પોષણુ માટે એ શુ કરતી હતી એની હજી સુધી મને ખબર ન્હોતી

હું ત્યાં ગયો તે ઓરડામાં એ મનોહર મુતિના મને દર્શન થયાં એ વિધવા જણુાતી હતી, પણુ એનામા જુવાનીનુ જોમ ઉછળતું હતુ, રૂપનો ગર્વ હતો, અને તોફાન હતુ એની કાળી આંખો, કાળા કેશ ભલભલાને શોભાવે એવા હતા, પણુ એનામા સયમ જણુાતો હતો સૌંદર્યની એ મુર્તિમાં વિલાસ ન્હોતો, સાત્વિક ભાવ હતો એ લોકખ્યાતિથી દૂર ભાગતી હતી અજાણ્યા સ્થળમાં તદ્દન અપરિચિત રહી, પોતાનુ જીવન જીવવાની એને લગની લાગી હોય એમ દીસતું હતુ એનુ નામ ઓયન્દા ગોયાલસ્કી

યુવતીએ મારો પરિચય કર્યો પછી મને કહ્યુ, " આપ આધ્યાત્મિક વિદ્યા શીખવા માગો છો ? આજે તો તમને હુ શીખવી શકુ એમ નથી આકાશ આજે સાફ નથી જૂઓને, આકાશને અને આધ્યાત્મિક વિદ્યાને સબધ છે "

હુ તો અસ્પષ્ટ સ્વરમાં બબડયો, " આ શુ બકે છે ? આધ્યાત્મિક વિદ્યાને અને આકાશનાં વાદળાને શો સબધ ? આતો અહીં જ શીખ્યો ! "

યુવતી બોલી, 'વાદળ સાફ ન હોય અને સાધક પ્રસન્ન ન હોય તો યોગક્રિયા અફળ જાય છે ' યુવતીનાં વચન પછી મેં મારી આંખ પર નાખેલો હાથનો પડદો ખસેડી લીધો, ને મને ખાત્રી થઇ કે

રમણી જોગણ છે એનામાં અજબ શકિત છે, ને હરેક વિષયનાં ઉંડાણમાં એ જઇ શકે છે

પરંતુ, તે જુવાન સ્ત્રી સમજતી હતી કે મને જંતર મંતર પર વિશ્વાસ નથી અને તેથી હું ફાવે તેવા ગોળા ગબડાવું છું

મારો મિત્ર આ વખતે બોલી ઉઠયો, "એન્ટન, ઉતાવળ કરવાની શી જરૂર ? આજનો દહાડો અશુભ છે એટલે કોઇ બીજે દિવસે આપણે બન્ને પાછા આવીશું અને યોગ ચર્ચા કરીશું "

આ વખતે ઓવન્દા તો અણુમીંચી દ્રષ્ટિએ મારી સામું જોયાજ કરતી હતી એની આખોમાં જાદુ હતો એનો રૂઆબ જોનારને મ્હાત કર્યા વિના ન રહે માણસનાં હૃદયમાં એ ઉંડી ઉંડી જઇ શકે છે, એટલે એનામાં તીક્ષ્ણ બુધ્ધિ છે, ને અતુલ શકિત છે મારા મ્હોં સામું જોઇ એણે કહ્યું, "મહાશય ! મને માફ કરો ફરી તમારો મારે સમાગમ નથી કરવો. તમે અહીં ન આવશો તો હું સુખી થઇશ અત્યાર સુધીમાં મેં તમારૂં અંતર તપાસી લીધું છે, મારી યોગક્રિયા મેં તમારી અંતર્ગુહામાં અજમાવી જોઇ છે, એટલે તમને કહું છું કે તમે તમારી સાથે મારૂં અમંગલ કરો છો. તમે મારા ઘરમાં આવ્યા, તેની સાથે એક અશુભ પણ પેસાડયું કપાલ પર લખેલા વિધિના લેખ મીટતા નથી છતાં માણસ તેની મશ્કરી ઉડાવવા માગે છે મહાશય ! ભાગ્યલેખ મારાથી શું ધોવાવાના ? તમે હવે અહીં ન આવો તો સારૂં "

તમારો હું શત્રુ નથી, તમારૂં હિત બગાડવા હું નથી આવ્યો," આગ્રહપૂર્વક મેં ખુલાસો આપ્યો.

તે યુવતી મારી વાત સાંભળી લજ્જાઇ ગઇ, ને બોલી, " મે તો એમ કહ્યુ કે તમે મને અજાણતામા દુખી કરશો એ ભાવિ દુખ ખાળવાની શક્તિ મારી પાસે નથી, એટલે તે પર કલ્પાત કર્યે શુ વળવાનુ ? વાર, તમે ભલે આવો મારે હવે શુભાશુભની શી ચિન્તા ? તમારા મનને દૂભવીને હુ કયા જાઉ ?"

પછી હુ તો ચાલતો થયો રસ્તામા આઇવને કહ્યુ, " ભાઇ એન્ટન ! આ રમણીના વહેવારથી તને કાંઇ માઠુ લાગ્યુ હોય તો માફ કરજે "

" અરે ! ગાડા ! તારે વળી મારી શી માંગવી ? ઓયન્દાની રીતભાતથી મને કશુ વસમુ લાગ્યુ નથી, મને તો કુતૂહલ ઉત્પન્ન થયુ છે " મે શાન્ત્વન કરતા કહ્યુ

એ બધી વાત તો ઠીક, પરંતુ સ્ત્રીઓમા નવીનતા નિરખવા, બુદ્ધિ પારખવા, કુશળતા કળવા સૌ કોઇમા પ્રબળ ઇચ્છા પેદા થાય છે, તો પછી આવી વિચિત્ર રમણી વિષે શુ કહેવુ !

મારી બ્હેન માસા અને હુ અત્યારે પિટર્સબર્ગના એક નળિયામણા મકાનમાં રહીએ છીએ ઓગસ્ટના ગરમ દિવસો અહીં અમને પજવી શકતા નથી દૂર વહેતી રીગા ઉન્હા પવનને ઠંડા બનાવે છે ને તે પવન અમારી સાથે અથડાય છે, અમને સુખી કરે છે.

આજે હજી સૂર્યાસ્ત નથી થયો રાતો સૂરજ આઘેના સાગરમાં હજી તો ડૂબતો જણાય છે. હજી સંપૂર્ણ અંધકાર ઉતર્યો નથી આકાશમા વાદળાં નથી, તારલીઆના બે ત્રણ જુથ ઝબુકે છે, ને ન્હાના દિવડા સમા ટમટમે છે સન્ધ્યાનો સોનેરી રંગ વિશ્વને ચઢયો નથી, પણ તેના સૌંદર્યભર્યાં આગમનની પૂર્ણ તૈયારીઓ ચાલી રહી છે, અને

તેની સાથે સાથે કાળી ઘનઘોર રાત્રી આઘેના પ્રદેશમા પોતાના ખાંડા ઘસતી નજરે પડે છે

તે કાળે અમારા મોહક ને સોહામણા બગીચામાં સુદર અને સુખવાહક સગીત ચાલે છે કોઇક કોઇક સ્થળે વીજળીની બત્તીઓ બળે છે, અને હુ તથા મારો મિત્ર આયવન એક પથ્થરના ટેબલ પાસે ખુરસી નાખી બેઠા છીએ, ને ભોજન પછી ચિરૂટ પીએ છીએ.

થોડીક વાર પછી આયવન એકદમ ઉઠયો અને કુજમા ગયો. નિકુજની સુદરતાનો સ્વાદ લેતો હતો તે સીગરેટના ધૂમાડો કહાડતો હતો આઘે આઘેથી અમે રમત રમતા અને અમારી વાતના વાહન તરીકે ફ્રેચ કે રશિયન ભાષાનો આશરો લેતા

અમારો વાતચીત ચાલતી હતી એવામા કેટલાયે સ્ત્રીપુરૂષો એ બાગમાથી નીકળી ગયા હશે ! એમાં બે જણ પર મારી નજર ગઇ, તેમા એક સ્ત્રી હતી તેની ઉમ્મર આશરે ૪૦ વર્ષની હતી તેના વાળ મનોહર હતા, તેની ગતિ મદ પણ ધીર હતી, અને તેની નજરમા મને કરડાઇ લાગી એ કોણ હશે ? એવી સુદર રમણી અહી કયાંથી આવી હશે ? અને હવે કયા જતી હશે ? ઓયન્દા ઓચાલસ્કી તો ન હોય ? ઓયન્દા તો ન હોય ? કોણ જાણે કોણ હશે ?

પણ એટલામા તો એક ન્હાનો છોકરો આયવન પાસે આવી ઉભો તેના હાથમાં એક કાગળ હતો, અને તે કાગળ તેણે આયવનને આપ્યો પેલા બાળકની બાજુમા એક સુકુમાર બાળકી હતી. આયવને તેમને પૈસા આપી વિદાય આપી બાળકો ચાલ્યા ગયાં અને તરત જ એ વૃક્ષઘટામાંથી એક ચીચીઆરી સભળાઇ. અમે તો આ

ચીસ સાંભળી ચમકી ઉઠયા, ને ખુરસી પર ઉભા થઇ ગયા અમે જોયુ તો આયવન ઉભો હતો ત્યાંથી ધુમાડાના ગોટા નીકળતા હતા

હુ મારી ખુરસી પર ઉભો થયો અને લાંબી નજર નાખી બધુ જોવા લાગ્યો મને જણાયુ કે આયવનની આસપાસ ધુમાડાના ગોટા નીકળતા હતા, અને તેનુ મ્હો લાલચોળ થઇ ગયુ હતુ એની આંખો પીળી પડી ગઇ હતી, એના એક હાથમા શરાબનો પ્યાલો હતો, અને બીજા હાથે એણે પોતાની ગળચી પકડી રાખી હતી મને લાગ્યુ કે એનો શ્વાસ રૂધાઇ ગયો હતો, અને મરવાની અણી પર તે આવ્યો હતો

હુ આવી સ્થિતિ જોઇ એકદમ તેની પાસે દોડી ગયો એના હાથમાંથી આ વખતે મદીરાની પ્યાલી સરી પડી અને ચૂરેચૂરા થઇ ગઇ એની વાચા બધ થઇ ગઇ હતી, એની શુદ્ધિ ચાલી ગઇ હતી, એના હાલન ચાલનમાં કશુ રહસ્ય ન્હોતુ, અર્થ ન્હોતો

પછી તેની આંખોએ પલકારા કર્યાં, કપાળ પર હાથ ઠોકી તે રડવા લાગ્યો, અને મહા મુશીબતે તેણે મ્હો ખોલ્યુ. તે તૂટતા સ્વરમાં બોલ્યો, "અ રે ! એ ન્ટ ન ! મા રો ના શ થ ઇ ગયો" 'ભાઇ,' મે કહ્યુ, "એમ શુ બોલે છે ? તને શુ થયુ કહે ની !" આયવન અતિ કષ્ટથી ધ્રૂજતો ધ્રૂજતો બોલ્યો, "શું કહુ ? આ શ રા બ જા ણી મે ઝે ર પીધુ." અરે ! આયવન દારૂને બદલે ઝેર પી ગયો ! આ કારસ્તાન કોનુ ? હુ વિચારમાં પડયો

હુ એની વાત સાંભળી ગભરાઇ ગયો એને જેમ તેમ કરીને ઉઠાડવા મથ્યો, પણ તે ઉઠી શકયો નહિ તેને તો ફેર ચઢયા, કંપારી છૂટી, અને તે ધ્રૂજવા લાગ્યો

પણ પાછળથી ફરી પાછો તે સ્હેજ જાગૃત જણાયો. અતૂટ પણ હૃદયભેદક શબ્દોમા તેણે ચીસ પાડી, "છોડો, મને છોડો. આ કુંજમાં મને કોઇએ ઝેર પાયુ છે, તમે મને મરતો નથી ઉગારી શકવાના ભાઇ ! ઓ ભાઇ ! કાયરોએ મને માર્યો છે. મારા પ્રાણ હણનાર બાયલાઓ ક્યાં ગયા !" આટલુ બોલી રહ્યા પછી લિઉસટિંગ ફરી પાછો નરમ બની ગયો. મારા ખોળામા એણે પોતાનુ માથુ મુકયુ, અને ગણગણતા કહ્યુ, "મને મરવા દો" એના દાંત બીડાઈ ગયા, એના હોઠ જડ થઇ ગયા, મ્હોમાંથી ફીણ નીકળવા લાગ્યુ, ને આખા અંગ પર આગ સળગી. આ કેવુ હૃદયવિદારક ! મારૂ કર્તવ્ય શુ ? મારો ભાઇ લિઉસટિંગ મારી આંખ આગળ નિષ્પ્રાણ થયો ! એનો આત્મા ક્યારનો પિંજરમાંથી છટકી નાઠો. અરે ! હુ શુ કરુ ? મારા જીવન પર આ કેવો વિચિત્ર પડદો પડ્યો !

મે તેડાવેલા દાકતર સાહેબ આવ્યા, તેમણે મને છેક હતાશ કર્યો. લિઉસટિંગમા જીવનની હુફ પણ નથી એમ તેણે કહ્યુ. તપાસ કર્યા પછી દાકતરે કહ્યુ. એણે વિષપાન કર્યું છે.

આ બાજુ મારો સહોદર સમો આયવન મરણ પામ્યો, એની દફનક્રિયાનો મે બદોબસ્ત કર્યો, ત્યારે બીજી બાજુ બાગમાં અનેક નરનારીઓ આનદ લૂટતા હતા, વાજીંત્ર સાંભળતા હતા, ને ખુશ ખુશાલ રહી અમન ચમન ઉડાવતાં હતાં. અહા ! એક બાજુ વીણાનાદ થાય, ને બીજી બાજુ 'હા હા' નુ રૂદન થાય ! મંગળ અમંગળ એકજ વખતે ! પ્રભુ તું તે કેવો છે !

પરંતુ આવા વિચારો કર્યે શુ વળવાનુ હતુ ? મારે શોધી કહાડવુ જોઇએ કે આયવન લિઉસટિંગના પ્રાણ હણનાર કોણ છે ? એને

શોધી કાઢી મારે વેરની વસુલાત લેવી જોઇએ અને એમ ન કરૂં તો મારે કપાળે કાળી ટીલીજ શોભે !

આ લતા મંડળમાં કોણ આવ્યું હશે ? અને ડાવત્રાથી કોણે ઝેર પાયું હશે ? કોઇએ ષડ્યંત્ર રચ્યું હોવું જોઇએ નહિ તો એની હત્યા કરવાની મગદૂર ?

આયવનના ખૂન સંબંધી પોલીસોને આ વખત દરમ્યાન માહીતી પૂગી વળી પોલીસે પહેલાં તો પેલા બાળક બાળકી પર સંદેહ આણ્યો, તેમને અચ્છી રીતે ટીપ્યા, પણ તેમના સચોટ ઉત્તરો સાભળી તેમને નિર્દોષ ઠેરવી છોડી દીધાં

આમ છતાં, મને એક આદમી પર શક પડયો હતો આગલી રાતે એક માણસ લિઉસટિંગની સાથે હતો અને તેની ઉપાસ્ય દેવી ઓયન્દા પાસે ગયો હતો હું પણ લિઉસટિંગના મૃત્યુ પછી ઓયન્દા પાસે ગયો અને આ સમાચારથી તેનામાં કેવા ફેરફારો થાય છે તે નિહાળવા લાગ્યો

હું ઓયન્દાના ઘરમાં ગયો ત્યારે એ એકલી બેઠી હતી એની સાડી સાદી હતી અને ઉજળી હતી એનું સૌંદર્ય અદ્ભુત રીતે ઝળકતું હતું અમે એક મેકના સામે આંખો નચવી પરંતુ તેની કાંઇ પણ અસર થઇ નહિ મેં મારો હાથ લંબાવ્યો, અને ચુંબનની ભિક્ષા માંગી, પરંતુ ઓયન્દાએ મારી ભીક્ષા સંતોષી નહિ તેણે તો જરા યે હાલચાલ નહિ કરી, તે તો જડ પૂતળાની માફક ચોંટી રહી બહુ વારે તેણે કંઠ ખોલ્યો, " હું તો કોઇની સાથે હસ્ત મિલન કરતી નથી મને એમાં સ્ખલન લાગે છે, અને એવું કર્યાથી આધ્યાત્મિક શકિતનો વ્યય થઇ જાય છે " એના બોલમાં મને ગંભીરતા જણાઇ અને મોળાશ લાગી

આવો જવાબ સાભળવા હુ તૈયાર ન્હોતો મે તો આખ ફાડીને તેની સામે જોવા માડયુ, અને ઝટપટ મારો હાથ ખેચી લીધો મને લાગ્યુ કે આધ્યાત્મિક શકિતની એ ઉપાસક નથી, એ તો ઢોગધતૂરા કરે છ એવી ઢોંગી સ્ત્રી તો અનેક જાતના ધતીગો ઉભા કરે એમા નનવાઈ શી! પણ, મારે લિડિમટિંગના સમાચાર તો આપવા જ જોઈએ, એમ સમજી વિનય દર્શાવતા મે કહ્યુ, "મારે તમને એક વાત કહેવી છે" 'અરે! એ તો હુ જાણુ છુ આયવન મરી ગયો તે વાત ને?' એણે ગભીરતા બતાવતા કહ્યુ

આ તે કેવી નફટ બૈરી! આયવન જેવો આયવન મરી ગયો તો પણ એને તો કશુ થતુ જ નથી' કઈ વિચિત્ર સ્ત્રી છે આવી સ્ત્રીના આવા ઉત્તર સમજી કોણુ ત્રાસી ન જાય? અત્યત મ્લાન થઈ જઈ મે કહ્યુ, "પણ, તમને એ કોણે કહ્યુ" અરે એ તો મારા પ્રશ્નનો જવાબ પણ નથી આપતી મ્હો મરડી એણે તો બીજી બાજુ જોવા માડયુ મને તો આ ઓયન્દા કુલટા લાગી, મને એના પર ખુબ ગુસ્સો ચઢ્યો મારો ક્રોધ હુ જેમ તેમ રોકી રાખી હુ ચૂપચાપ બેસી રહ્યો થોડીક મિનિટમા બારણા ઉઘડવા ને બે પોલીસોએ ત્યાં દર્શન આપ્યાં

પોલીસના વડાએ ઓયન્દા પાસે જઇ મોટથી ગર્જના કરી, "ઓયન્દા ઓવાલસ્કી ! આયવન લિડમટિંગનુ ખુન કરવાના અપરાધ માટે તમને ગિરફતાર કરવામા આવે છે રશિયાના એકચક્રી મહારાજે તમને પકડવા માટે અમને હુકમ આપ્યા છે એટલે અમે તમને પરહેજ કરીએ છીએ"

ઓયન્દા તો ખુરસી પર બેસી રહી તે ત્યાથી જરાયે ચસી નહિ વિસ્મયતાથી તેણે પ્રશ્ન મૂકયો, "અરે ! લિડસટિંગની હત્યા મે'

કરી ? કોઇ ગાંડા થવા લાગો છો ? હુ વધ કરનાર હોઉ તે તદ્દન અશકય. આ વાત પાયા વિનાની છે એમા મારો હાથજ નથી ! હુ તો નિર્દોષ છુ ”

આવા વિસ્મયજનક વાતાવરણમા મે પોલીસને કહ્યુ, “સાહેબ ! આપ ઓયન્દાને શા પુરાવાથી પકડો છો ? આપની પાસે સાબીતી છે ?”

“ મહાશય ! ” તેણે જવાબ વાળ્યો, ‘ જૂઓ, પ્રેજના નામની કોઇ રમણીએ ખૂન કર્યુ છે ને યુવતીએ લિકમટિગને ઝેરની પ્યાલી આપી હતી, અને એ સબધમા ઓયન્દાને ગિરફ્તાર કરવા માટે સરકારનુ આ રહ્યુ વોરન્ટ ’’

‘ પ્રેજના, નામ સાભળતા હુ તો ચમક્યો હતો એ પ્રેજના તો મારી બ્હેન તે ખરી હશે ?

મારી ગભરામણ જોઇ ઓયન્દાએ કહ્યુ, “ શ્રીમાન ! તમને પહેલા મે કહ્યુ હતુ કે તમારા આવવાથી કઇ અમગળ થશે હવે જૂઓ મારા માથા પર સકટ આવ્યુ ”

ઓયન્દા આટલુ મેની ગાળજી થઇ ગઇ ઇશુની એક છબી એ ઓરડામા લટકતી હતી ઓયન્દા છબી પાસે ગઇ અને દયાભાવે પ્રાર્થના કરી, “ પ્રભુ ! તુ નથી જાણતો કે હુ નિર્દોષ છુ ભગવાન ! હુ નિરપરાધી છુ, નિરપરાધી છુ ’’

પછી તો તરતરેહના વાઘા સજી, ઓયન્દા તૈયાર થઇ ગઇ, અને પોલીસોને કહ્યુ ‘ ચાલો સાહેબ ! ”

પોલીસનો વડો કર્મચારી દાદરથી ઉતરતો હતો એટલામા બીજા પોલીસે ઘરની જડતી લીધી, પરતુ ગુનો પુરવામા ટાકી શકાય એવુ ખાસ જડયુ નહિ જ્યારે ઘરની તપાસ થતી હતી, ત્યારે હું

એક ચિત્રપોથી ઉથલાવતો હતો એ પોથીમાં મે એક ચિત્ર જોયુ. તે જોતા હુ સ્તબ્ધ બની ગયો મને તરત લાગી ગયુ કે આ વ્યકિતને મે કયાક જોઇ છે એ વ્યકિત સ્રી હતી, અને મે એનો પરિચય પણ કર્યો હતો

યાદદાસ્ત લાવી મને આખરે તે સ્રીનુ ઓળખાણુ થયુ અહા ! આ તેજ સ્રી ! લિઉસટિગ ગુજરી ગયો તે જ દિવસે ઓયન્દાની સાથે લતા કુજમાથી છટકી ગયેલી તે એજ ! હવે પાકી ખાત્રી થઇ હુ તો એ ચિત્રપોથી બધ કરી ત્યાથી એકદમ નીકળ્યો, અને મારી બ્હેન માસાને એ પોથી ભેટ ધરવા માટે મે નિશ્ચય કર્યો

હુ ઘર ગયો, પરતુ માસા તો એક કલાક પછી મને જણાઇ મે તેને પુછ્યુ, " બ્હેન ! ઓયન્દા પકડાઇ તેની તને ખબર પડી ? લિઉમટિગની હત્યા કરવાનો એના પર આરોપ મૂકાયો છે તને શુ લાગે છે ‘ તને એ ખુની છે એની ખાત્રી છે ? "

માસા આ વાત સાભળી સ કોચાઇ ગઇ એણે પોતાનુ માથુ નીચે નમાવ્યુ, ને ધ્રૂજતા હાથે મને આગળો કરી કહ્યુ, " ભાઇ ! તુ જાણે છે નો ખરો કે આયવન મારા દિલનો સ્વામી હતો એના પર મારી પ્રીત અસીમ હતી ઓયન્દા મારા પ્રેમમા ભાગ પડાવવા મથતા હતો એટલુ જ નહિ, પરતુ તેને મારી જગ્યા પડાવી લેતી હતી ભાઇ ! ત્યારે એ ખૂની છે તેનુ મારી પાસે શુ પ્રેમાણુ ‘ એટલુ તો ખરૂ કે આયવન મરી ગયો તે સાઝે એ પેલા ઝાડના ગુચ્છમાં સતાઇ હતો મે એને ત્યાં જોઇ હતી આ કરતા વિશેષ હુ શુ કહી શકુ ? "

મે કહ્યુ, " બ્હેન ! વાત બહુ આગળ વધી ગઇ હવે જ્યાં સુધી ચૂકાદો આવશે નહિ ત્યાં સુધી બિચારી ઓયન્દા જેલમાં સડયા

કરશે અને, આપણુ રશિયાનું અધેર ! એક મહીનો વીને, બે મહીના વીતે, અને વર્ષો યે વહી જાય, તોપણુ કઇ આ પોલમ. થોડુ જણાવાનુ ?

મારી આવી દિલસોજી જોઇ માસા ચીડાઇ ગઇ, અને ઉત્તેજીત સ્વરમા બોલી, "ભાઇ ! ઓયન્દાએ તો બહુ બહૂ કર્યું છે એણે મારા જીગરને બસેડયા છે એણે મારા પ્રેમમા ખટકો નાખ્યો છે, એણે મારૂ સુખ લૂટયુ છે હુ એને કયી રીતે માફી આપુ ' એને તો હુ ક્ષમા નથી આપવાની, જોઇએ તો અદાલતમા એ નિર્દોષ જાહેર થાય અને પછી છૂટી જાય"

હુ જોઇ શકયો કે માસાનામા આ વખતે હિંસાએ જોર વર્તાવ્યુ હતુ તેનામા દ્વેષનો મહા અગ્નિ ભભૂકયો હતો એના આવેશ પર કાબુ રાખી શકાય એમ ન્હોતો એટલે દલીલથી સમજાવવી ફોગટ હતી અને ટાહ્યલુ કરી સમજાવુ તો એ બ્હાવરી બની દિવાની થઇ જાય, અમે તે કરી બેસે હુ વધારે બોલ્યોજ નહિ એ વાતને મે અહીંથીજ રહેવા દીધી, પરતુ મને ખાત્રી થઇ કે માસાએ આવુ ઘાતકી કાર્ય કર્યું હતુ

લિઉસટિગના મૃત્યુ સમાચા થી આખા પિટર્સબર્ગમાં ભારે હોહા થઇ અત્યાર સુધી ઓયન્દા જેનમાજ હતી એનુ કેદખાનુ પિટરપૂતના કિલ્લામાં હતુ દિવસો પર દિવસ વીતી ગયા પરતુ એ છૂટી નહિ, અને નહિ એનો કેસ ચાલ્યો, અને તેની વિરૂદ્ધ સબળ પુરાવો ન નીકળ્યો એટલે તેને છોડી દેવામાં આવી એ છૂટયા પછી આ ભયકર ઘટનાનો બધો ભેદ મને જણાઇ આવ્યો, તોપણુ અહી હુ તેનો ઉલ્લેખ કરીશ નહિ.

એક વર્ષ પછી હુ પાછો લંડન આવ્યો એક વર્તમાનપત્રમાં ખબરપત્રી તરીકે મે મારી જીદગી શરૂ કરી, પરતુ તે પત્રનુ નામ તથા પ્રકાશન સ્થળ કોઇને પણ હુ જણાવવનો નહિ એક રોજ પાર્લામેન્ટની બેઠક ચાલતી હતી, અને હુ વર્તમાનપત્રના પ્રતિનિધિ તરીકે પાર્લામેન્ટની ગેલેરીમા બેઠો હતો

આ વખતે રાતના બાર વાગ્યા હતા સભાના કામમા ગભીરતા હતી ને પ્રતિષ્ઠા હતી, ભભક હતી ને શોભા હતી આયર્લૅન્ડના સબધમા આ વખતે આદોલન ચાલતું હતુ, અને ઓન મિ બાલ્ફૂર આયર્લૅન્ડની વિરુદ્ધ પોતાની વકતૃત્વ શકિતના હથોડા પાડતા હતા હુ તો આ વાગ્યુદ્ધ જોવામા એટલો બધો તલ્લીન થઇ ગયો કે મારી કલમ મારા હાથમાથી સરી પડી, ને મારી બધી વિચારમાળા એ યુદ્ધમા ગુ થાઇ ગઇ.

એટલામા, મારી નજર ઉપરની ગેલેરીમાં ગઇ ત્યા સ્ત્રીવૃંદ બેઠો હતો, અને ચકોર દ્રષ્ટિએ કામ નિરખતો હતો ઘણી યે સ્ત્રીઓ પર તે વખતે ઉલ્લાસ હતો, ને ઉત્સાહ હતો કેટલીક કોમળ હાસ્ય કરતી હતી તો કેટલીક મીઠુ ગુજન કરી કાનને આનદ પોષતી હતી એ સુમધુર કઠી સ્ત્રીઓમાં એક પરમ સૌદર્યવતી સુદરી હતી એના મુખમડળ પર સ્મિત રેખા ઝળકતી હતી, એની આખોમા ચળકાટ ને ચકોરતા હતા પોતાના પતિઓ પાર્લામેન્ટમા કેવા ભાષણો આપે છે, સ્રષ્ટાઓ પર કેવી છાપ પાડે છે, તથા સભામા તેમનુ કેટલુ સન્માન છે, એ બધુ જોવા માટે ઇગ્લડની અનેક સુશિક્ષિત અને સૌન્દર્યવતી રમણીઓ પાર્લામેન્ટની ગેલેરીઓને શોભાવવા આવે છે.

પેલી યુવતીઓમા એક બુઢ્ઢી સ્ત્રી પણ બેઠી હતી એ ડેસીના વાળ રૂપેરી થયા હતા પરતુ એનો ઉત્સાહ તો હજી જેવોને તેવો

જુવાન હતો રાત આટલી વીતી ગઇ હતી છતાં, એની આંખોમા ઘેન જણાતુ ન હતુ, એ તો સાવધ ને ચતુર હતી

વારવાર હુ તો આ મંડળને જોવા લાગ્યો, તેમા પેલી સુકુમાર રમણી પર તો મારી આખ ચોટી જ ગઇ મને લાગ્યુ કે મે એને પહેલાં જોઇ છે, એની સાથે મે ક્યાંક ઓળખાણુ કરી છે, પણ આજે મને એનું નામ યાદ નથી એ સ્ત્રી સાથેનો સબધ સભારવા મે અનેક ફાંફાં મારયા, પણ ઘાતકી સ્મૃતિએ મને છક્કડ ખવરાવી મારૂ દિલ બોલયાજ કર્યું આ સુદર ને મોહક મુખ, આ આકર્ષક ને છટાદાર હાસ્ય, આ રૂપેરી ઘટડી સમો ને રણકતો અવાજ મે જોયો છે ને સાભળ્યાં છે ફરી એક વાર મે તે રમણી પર નજર નાખી ફરી એક વાર યાદી ઘોળવાના પ્રયત્ન કર્યા, પણ ફરી એક વાર હુ હાર પામ્યો

આખરે, લગભગ અડધા કલાકની ગડમથલ પછી મને જુનો પરિચય યાદ આવવા લાગ્યો એની ઉંડી જતી આંખો જોઇ હુ એકદમ ચેતી ગયો, ને મારી કમ્મ ટેબલ પર ગમડી પડી

અહા! આ તો તેજ સુદરી! પિટર્સબગની સોહામણી ને લચેલી વૃક્ષકુંજોમા ઘૂમતી તેજ સુદરી! અહા! તે દિને મે એને મારા મકાનની પાસેના બાગમા જોઇ હતી અરે! તેજ દૂર દિવસે મારો ભાઇ લિઉમટિંગ માર્યો ગયો! અને તેજ ઘાતકી કલાકમા એને મે સરી જતી જોઇ! ઓળખી, મે એને ઓળખી! આજે એ ધૂર્ત ઇંગ્લિડની આમની સભાની ગેલેરીમાં બેઠી છે! ઠીક હવે તેની ખબર લઇશ મારા બન્ધુનો વધ કરનાર હવે ક્યાંથી છટકશે!

મને મારા અંતરમા આટલી બધી શ્રધ્ધા બેઠી છતાં રખેને મારી આખ મને છેતરતી હોય ! મારી પાસે બીજા છાપાંઓના પ્રતિનિધિઓ બેઠા હતા તેમાંના એક મિ૰ કેમ્પબેલને મે પૂછ્યુ, “સાહેબ! પેલા મન્નારીને તમે ઓળખો છો ?” કેમ્પબેલે મારા સવાલ પર ધ્યાન આપ્યુ નહિ, એટલે મે ફ્રમારો ફરી ફરી પાછુ તેને પૂછ્યું મારો સ્વાલ સાભળી તેની આખો ફાટી ગઇ પરતુ હસતા હસતા તેણે કહ્યુ, 'ઓ, તમે પૂછ્યુ શુ ? આ રમણીને હુ ઓળખુ નહિ ! એ તો મિ૰ એલાયદીના પત્ની છે મિ૰ એલાયદી ઉત્તર વિભાગના પ્રતિનિધિ છે તમને ખબર છે કે મિ૰ ગ્લેડસ્ટનના પત્ની હંમેશા પાર્લામેન્ટમા આવતા, અને પોતાના પતિના વાકચાતુર્યની પ્રશસા કરતા શ્રીમતી એલાયદી પણ પોતાના સ્વામીની શક્તિ જોવા આવ્યા છે અને મને ખાત્રી છે કે તમે મારૂ કહ્યુ માનશો, એ મિ૰ એલાયદી પાર્લામેન્ટના પ્રતિષ્ઠિત સભ્ય છે એમની ભાષણશક્તિ અસરકારક છે, જાથા પર એમનો અદ્ભૂત કાબુ છે એઓ સભ્યો પર બહુ ગાઢ છાપ પાડી શકે છે ”

'હા ! શ્રીમતી એલાયદી !' મે આશ્ચર્યયુક્ત કહ્યુ ' કેમ્પબેલ, આખર કરી તમે તો મને એક સરસ ખબર આપી છે ' મારૂ કથન સાભળી કેમ્પબેલને શુ થયુ હશે તે હુ નથી કહી શકતો મારો કટાક્ષ એ સમજ્યો હશે કે કેમ તે હુ કળી શક્તો પણ પાછળથી તે તો ચાલ્યો ગયો અને હુ એકલો પડયો

શ્રીમતી એલાયદી ! આનેજ મે પિકાડેલ સર્કસમાં જોઇ હતી ઇંગ્લડના રમણી મડળમા એ અત્યારે 'રાણી' કહેવાય છે એના તરેહ તરેહના પોશાક, એની વિધવિધ ફેશન ને એની અનેકા-

નેક કલા ઇંગ્લિંડની આ સમાજમા આકર્ષક છે, ને ઇર્ષાજનક છે ફેશનની એ પટરાણી સમી નાચગાનમા પ્રવીણ છે એના કોકીલ સ્વર સુખદાતા છે, એનુ વીણાવાદ્ય પ્રિયકર છે, અને એનુ નૃત્ય લુબ્ધક ને રસિક છે એના અલકારો, એના હાવભાવ અને એના ગાત્રો સુદરતા પોષાક છે આજે એ ગેલેરીમા એની સૌંદર્ય મહત્તા દીપી રહી છે, ને એના આભૂષણો દીવાઓ માફક તેજ જનાવે છે પણ એ શ્રીમતી એલાયદીજ છે ! એનુ નામ કઇ બીજુ તો ન હોય ! હુ એવા વિચારમા મારી શુદ્ધ બુદ્ધ ભૂલી ગયો, અને એના સાંભળેલા ગુણોથી ચકિત થઇ ગયો

પછી તો પાલામેન્ટની બેઠક ખલાસ થઇ એ ઘટનાને બે માસ વીતી ગ[illegible] હુ અત્યારે બુ[illegible]મા શ્રીમતી એલાયદી સાને બેઠો [illegible] એન ભૂ[illegible] તે [illegible] રેશની [illegible] એની સુન્દરતામા અજબ વધારો કરે છે, [illegible] અ[illegible] પથરા[illegible] છે અ[illegible] અમાન [illegible] અનેગ[illegible] રમ જમ[illegible] છે આજ સુધીમા એ[illegible] ને [illegible] બાવી [illegible] છે અત્યારે હુ એના [illegible] માજુન [illegible] અને [illegible]મા મારુ મન્માન છે મારા પર [illegible] છે, ને [illegible] હે મે હવે જાણી લીધુ છે કે [illegible] એ [illegible] એક રમણી નથી, પરતુ એનો [illegible] [illegible] એ [illegible] નામ ઓવન્દા સોવાલ[illegible] [illegible] તપ[illegible] આ માતાએ [illegible] છે !

[illegible] શ્રીમતી એનાયદી અને હુ [illegible]

[illegible] એ [illegible] જગનગતી [illegible] [illegible] અને [illegible] અને રળિયામણા [illegible] આ [illegible] પણ [illegible] જવાન દીસતી રમણી અનેક રીતે પોતાનુ ધ્યાન આપે છે

હુ સમજી ગયો એલાયદીમા બુદ્ધિ છે, અને ધૂર્તતા છે રાજનીતિમા એ પડિત છે, તર્કશકિતમા એ કાબેલ છે, ને યુકિત પ્રયુકિતમા ગમે તેને એ હડાવી શકે છે એક દિવસ રશિયાના દુકાળ વિષે અમે ચર્ચા કરતા હતો, ત્યારે મે પૂછ્યુ, "બ્હેન ' તમે રશિયાના છો ' અને તેણે કહ્યુ, 'ના' મે પૂછ્યુ', "તમે રશિયાના રાજનગરને નિરખ્યુ છે ? "ના, રે ના મે જોયુજ નથી," એણે જવાબ આપ્યો

"ત્યારે તમે રશિયાના કોઈ બીજા શહેરો તો જોયા હશે," મે ગળ નાદવા પૂછ્યુ

'હા, મે ઓડેસા જોયુ છે બે ત્રણ વાર હુ ત્યા ગઇ છુ રશિયાના પટનગરમા હુ ગઇ તો નથી, પરતુ મે તમને ક્યાંક જોયા છે ખરા,' રમણીએ કહી નાખ્યુ

વધારે વાત કઢાવવા મે કહ્યુ, "મે પણ તમને જોયા છે તમને મે છેલ્લા કયારે જોયા ? હા હા પેલી કમનસીબ ઘટના બની ત્યારે તો મે તમને જોયાં હતાં તમને યાદ છે ને ''

"વળી કયી દુર્ઘટના ! તમને કઇ ભ્રાતિ હશે મને તો કઇ ખબર નથી" સુદરીએ સ્થિરતાથી ને અડગતાથી જવાબ પરખાવ્યો.

"કેમ, ભૂલી ગયા ?' 'મે પૂછ્યુ, "મારો મિત્ર આયવન લિઉ સ્ટિગ મરાયો તે દિવસ તમને યાદ જ નથી ?"

આયવન લિઉસટિગનુ નામ સ્મરણ સાભળી પેલી રમણી ફીકી પડી ગઇ એના પર ચચળતા જણાઇ આવી, ને અસ્ફુટ શબ્દોમા એ ગણગણી ફરી તે બોલી, "કોણ જાણે કોણે આયવનને ઝેરનો પ્યાલો આપ્યો !" મે તરત જ મારા મિત્રની તસ્વીર બતાવી અને તે જોવા માટે શ્રીમતીને આગ્રહ કર્યો તેણે તે ચિત્ર લીધુ ને

કંઇક ભારે ગળામાં કહ્યું "અરે ! આ તે દુઃખદ સમાચાર? ભાઇ ! આ વાત તો મારૂં કાળજું ચીરે છે" અને તે રડી પડી, આસુથી ભીંજાયલા સ્વરે બોલી "એન્ટન ! એનો વધ કરનાર પકડાયુ કે નહિ ?"

"મારી પાસેથી તમારે બાતમી જોઇએ છે ? બ્હેન ! એની હત્યા કરનારી કોણ હશે ! તમને માલમ મને શું ?" મે રહેજ અકકડાઇથી કહ્યું

"હું કયાથી જાણું ? તમે મારા પર આળ ચઢાવો છો ? જીભને ડામો ખબરદાર હવેથી બોલ્યા તો, શ્રીમતી એલાયદીએ જોરથી કહી ગુન્હો કબૂલ કર્યો

મે જવાબમા જણાવ્યુ "તમારે જોઇએ એટલી સાબિતીઓ આપુ પછી કંઇ !"

અને, મારા બોલ સાભળી એ છેક નરમ થઇ ગઇ એના મ્હો પરથી કાંતિ ઉડી ગઇ, એની આખમાંથી તેજ અલોપ થઇ ગયુ, હૈયામા ઉલ્લાસ ને ઉત્સાહ ચાલ્યાં ગયા એનામા અશાતિ વ્યાપી, અને આગળીના નખ કાપવા લાગી ગઇ અત્યંત સંકોચથી, બહુવાર પછી, તે બોલી, " એન્ટન, કહેને એને કોણે માર્યો ? "

મે કહ્યું, "કોણ શું ? સાધુતાનો ઢોંગ કરી ફરનાર બીજા કોણ ! મીસીસ એલાયદી ! તમે જ, તમેજ " મે કહ્યુ અને હું ખસી ગયો, ચાલી જવા ઉભો થયો 'પણ, મને પૂરાવા આપો' તેણે મને રોકતાં કહ્યું 'પૂરાવા શું ? તમેજ મારા મિત્રને ઝેર પાઇ સંસાર પરથી વિદાય કર્યો છે તમે જ મારા લિઉસટિંગને મારી નાખ્યો છે પુરાવા જોઇતા હોય તો એક નહિ, પરંતુ હજાર આપીશ સમજ્યાને ?" મે રોકડું જણાવ્યુ

મારી ધૃષ્ટતા એલાયદ્દી સાંખી શકી નહિ. એની નરમ આંખો ફરીને તીખી બની, ને આવેશપૂર્ણ બરાડા પાડી તેણે મને કહ્યું, "એન્ટન! જરા જીભને કાબુમા રાખ તુ શુ બોલે છે તેનુ તને ભાન છે? મારા જેવી નિર્દોષ સ્ત્રી પર તુ આરોપ ચઢાવતા અટકતો નથી! તને શરમ નથી આવતી? જેનુ તે લૂણ ખાધુ તેનુ જ નિકંદન કાઢવા બેઠો છે? કેવો નિમકહરામ! શરમા, શરમા જા, આજે તુ મારો મહેમાન છે, બાકી અહીં થોભવુ તને ભારે પડત નિર્લજ્જ! જા, અહીંથી કાળુ મોઢુ કાઢ હવે પછી મારા ઓટલા પર પગ મુકીશ નહિ. સમજ્યો, જા ચાલ્યો જા, ફરી આવીશ નહિ, આવીશ નહિ."

તે સ્ત્રીએ ત્યાર પછી વીજળીની ચાપ દાબી ઘટડી વગાડી અને નોકરને બોલાવ્યો પરંતુ, હુ એની પાસે પહોચી ગયો અને તેને મે કહ્યુ, "ખબરદાર? એલાયદ્દી! ખબરદાર! તમારા પગ પર તમે કુહાડો મારશો નહિ તમારૂ કરેલુ આમ પલટાઇ જવાનુ નથી તમારૂ કલક આમ ધોવાવાનુ નથી મને કનડશો તો તમે વધારે કલકિત થશો, ને વધારે નુકસાનમા ઉતરશો તમે એમ ધારો છો કે મને તમે હેરાન કરી શકશો, પરંતુ તમે ગફ્-લત કરો છો. મારો વાળ સરખો પણ તમારાથી વાંકો વાળી શકાવાનો નથી, ત્યારે હુ તમને પત્થર ખોદતાં કરી શકીશ. તેમજ પોલીસોને કહ્યુ હતુ કે તમારી દિકરી ઓયન્દા ઓવલરકી હત્યાકારીણી છે તમેજ તેને ગિરફ્તાર કરાવી તમે એમ ન જાણતા કે મને તેની કશી ખબર નથી. હુ ત્યારે કમળબાગમા હતો. તે મુકદમાની બધી વિગત મને ખબર છે, તમે છૂપા રહેશો, પણ છૂપાઇ શકવાના નથી. બો વધુ સાબીતી

આપુ નેમેસ્ફિર નામના ઔષધ-વિક્રેતાને ત્યાં તમે આશાગનાને મોકલી હતી, અને ઝેરની શીશી મગાવી હતી હજી મારી પાસે એ શીશી મોજૂદ છે અને આ રીતે એક છોકરીને મોકલી તમે મારા ભાઇ સમા આયવનનો જાન લીધો હવે શુ જવાબ આપશો ? ”

‘ તદન જુઠી વાત જુઠી વાત તરકટ, પોકળ, ’ તે બબડી “ મે તો પિટર્સબગ જોયુ યે નથી, તો પછી લિડમટિંગને હુ ક્યાથી મારી શકુ ? ”

પછી મે જોયુ તો શ્રીમતી એનાયર્દો પાગળની માફક આંટા મારતી હતી રૂપગર્વિતા સુદરીનો ગર્વ ગળાઇ ગયો, ઇગ્લડની ફેશનથી પટરાણીનુ સામ્રાજ્યપદ ઓગળી ગયુ, પ્રફુલ્લિત કમળની માફક ખીલતુ એનું મુખ લેવાઇ ગયુ ને કરમાઇ ગયુ અરે ! એક ક્ષણમા રાણીસમી ગૌરવતી ભિખારી જેવી બની ગઇ ! એના આખા ચહેરા પર કગાળીયત જણાઇ, એની આખોમા પાણી ઉભરાયા, એનો કઠ રૂધાઇ ગયો, આખરે તે ચીચીઆરી પાડી રહી, અને થોડીક મિનિટમા બેશુધ્ધ બની જમીન પર પછડાઇ

મે નોકરને બોલાવ્યો અને એની ચાકરી કરવાનુ સોપી, ચલતી પકડી

રડતી કકળતી ને બેભાન પડેલી પેલી સુદરીને છોડી હુ છટકી નાઠો તેને આજે પદર દિવસ વીતી ગયા છે અત્યારે ઘરમા સગડીની પાસે બેસી હુ તાપુ છુ, અને સીગરેટના ધૂમાડા કાઢુ છુ મારા મનમા હજારો ચિન્તાઓ ઘેરાઇ રહી છે, અને ઉચે જતા ધૂમાડામાં હુ અનેક રગી સૃષ્ટિ જોઉ છુ મને પ્રેમનો વ્યાધિ લાગ્યો છે. જે ઓપન્ડા ઓાયલસીને મેં એક વખત ઠગારી ધારી હતી તેને મેં

આજે મારૂ હૃદય સોંપ્યુ છે જેનુ મ્હોં મને અનેક ચિન્તાઓ કરા વતુ, તે ઓયન્દા આજે મારા દિલની પટરાણી બની છે મારી પ્રિયતમાની પ્રતિકૃતિ દિવાલ પર લટકે છે, ને તે જોઇ જોઇ મારા અતરમા અનત ભાવ ઉછળે છે કેવી તીરછી નજર ! કેવા એના લોચન ! શુ સુદર એનુ મુખડુ ! શી પવિત્રતાની મૂર્તિ ! ઓયન્દા ! ઓયન્દા ! તારો દુશ્મન મટી, તારો સ્નેહી થયો છુ, તારી સામે બ્હારવટુ લેવાની ધગશ રાખનારો, તારા પ્રેમનો પૂજારી બન્યો છુ અહા ! પેલો મારો આયવન ! મારો મિત્ર, મારો ભાઇ, તારા જેવોજ હતો તારૂ ને તેનુ મ્હો સરખુજ હતુ' ! ઓયન્દા ! તુ મારા રસની રસિકા છે પણ પેલી તારી મા, એલાયદી ! લુચ્ચી, લફ્ગી, ઢોંગી, ધુતારવી !

અને એકદમ મારા કમાડ ખખડ્યા, મારી વિચારમાળા તૂટી ને કિમતી પોશાકમા સજ્જ થયલી, સુદરતાની રાજરાણી સમી શ્રીમતી એનાયદી મારી સન્મુખ આવી ઉભી દરવાજા બધ કરી અમે બન્ને એકમેકને વદન કરી મૂગા બેઠાં.

આજે એલાયદીમા ગર્વ નથી, નમ્રતા છે, ક્રોધ નથી કોમળતા છે, કઠોરતા નથી, કરૂણા છે તેની મધુર પણ દુખભીની વાણી મે આખરે સાભળી તેણે પોતાના નમેલા નયનો સ્હેજ ઉચા કરીને કહ્યુ "એન્ટન, આજે તમને એક વાત કહેવા આવી છુ "

મે કહ્યુ, "ત્યારે તો તમે તમારો ગુન્હો કબૂલ કરો છો ને ?"

"એન્ટન ! ગુન્હો ન કબુલ કરૂ એમા શુ વળ્યુ ?" દુખિત સ્વરે તેણે કહ્યુ "મને સમજ આવી છે તમને બધી વાતની માહીતી મળી ચૂકી છે મારા ગુપ્તમા ગુપ્ત ભેદોને તમે જાણી ગયા

છો. હવે તમને શુ કહુ ? એક મારી પ્રાર્થના છે, ભાઇ ! એ ગુપ્ત વાતો તમે કોઇને કહેશો નહિ ”

આટલુ કહ્યા પછી એના સૌદર્યમા વિકૃતિ થઇ એના આખા મુખમડળ પર દુ ખની રેખાઓ છવાઇ, ને કરૂણા જનક એનો દેખાવ થયો. પણ હુ પત્થરના હૈયા જેવો આ વખતે પણ ન પીગળ્યો મે કહ્યુ, “ શ્રીમતી ! ક્ષમા કરો જેણે મારા ભાઇને મારી નાખ્યા તેને મારાથી માફી કેમ અપાય ? પાપથી ભરેલાં જીવનને હુ કેમ છાનુ રાખુ ? મને તમારી નીચતામા તમે ભાગીદાર બનાવવા માંગો છો ક્ષમા કરો તમારૂ પાપથી ખદબદી ઉઠેલુ' જીવન પ્રકાશમાં આવવુજ જોઇએ ”

મારો આવો કઠોર અને અપમાન જનક જવાબ સાંભળી એનાયદી ખભળી નહિ તે તો વધારે કરગરવા લાગી “ભાઇ ! હુ એવી નથી તમારે જોઇએ તેટલા રૂપિયા આપુ ”

“ત્યારે, તમે કહેવા શુ માગો છો ?” મે સીધો પ્રશ્ન પૂછ્યો.

એનાયદીએ કહ્યુ, “ જૂઓ, પણે તમારી દિવાલ પર જેની છબી લટકે છે તેનુ નામ તો તમે જાણતા હશો ”

“ હા, જાણું છુ ” મે બેપરવાઇથી જવાબ આપ્યો

ભિક્ષા માગતા હોય તેવા શબ્દોમા તેણે મને કહ્યુ, “ ભાઇ, મારી વાત સાભળો. તમે એ ઓયન્દા સાથે હમણા લગ્ન કરશો નહિ ત્રણ મહીના સુધી તમે થોભી જશો તો તમને હુ ત્રણ લાખ રૂપિયા આપીશ ”

ત્રણ લાખ રૂપિયા આપીશ આ શબ્દોએ મને અવાક્ બનાવ્યો. ઓયન્દા મળે અને તેની સાથે ત્રણ લાખ રૂપિયા મળે, એ કાંચન·

અને મણિનો કેવો મેળ ! પણ, ના આતો મારી કસોટી છે મારી નિહિલિસ્ટ સમિતિની સિપાઇગીરી છોડવી, અને અમન ચમન ઉડાવવાં ના, એ કેમ બને ? મે કહ્યુ, "શ્રીમતી ! મે તો તમારા પાપી મુખમાથી તમારી પવિત્ર કન્યાને ઝડપી છે "

અને, શ્રીમતીએ પોતાનુ મસ્તક નીચે નમાવ્યુ, ને વરતી સામે જોવા કીધુ મે ઉત્તેજીત સ્વરમા કહ્યુ "હા, હા શ્રીમતી એલાયર્ડો ! તમારી પુત્રીને હુ ચાહુ છુ, મારા જીગરથી એને ચાહુ છુ પરતુ, તમારી લાલચને હુ ઠોકરે મારૂ છુ મને એ રૂપિયાની કશી પરવા નથી ,"

મ્લાન મુખે તેણે મને વિનતિ કરી, "એન્ટન ! ગાડા થાઓ મા સ્હેજ તો વિચાર કરો ઓયન્દાને તમે ચાહો છો, ઓયન્દા તમને ચાહે છે તમને બન્નેને પ્રેમની સાકળે સાકળ્યા છે પણ, મારે કન્યાદાન આપવુ જોઇએ અને એ કન્યાદાન તમારા ભત્રની બાવટ માંગશે "

"જાઓ, જાઓ મને તમારી વાત પસદ નથી તમારી વાતમા મને છાંટામાર વિશ્વાસ નથી," મે ગર્જના કરી

'અરે ! એન્ટન ! આમ ગરબડ ગોટા શુ વાળે છે ? મને આમ શીદને મારે છે ? આવુ' બોલી મારો પ્રાણ શીદને ખેચે છે ?" એલાયર્ડોએ કરૂણ શબ્દોમા કહ્યુ, તે મારે પગે પડી અને કર જોડીને પ્રાર્થના કરવા લાગી, "ભાઇ ! જૂઓ તો ખરા, મારી આખમા આસુ ભરાયા છે હવે મારા પર દયા લાવો, મને જીવતદાન આપો મારી દશા પર કરૂણા વરસાવો, મને ભિક્ષા આપો ભાઈ ! ભાઇ ! પેલો જગતપતિ પ્રભુ મારો સાક્ષી છે મારૂ જીવન અનેક પાપોથી કાહ્વા

ઉઠયુ છે, હવે પસ્તાવો કરી હુ આત્મશુદ્ધિ વાચ્છુ છુ વિષય વાસનાની પ્રલોભક જાળમા નપડાઇ મે આવા ઘોર કામ કર્યા છે હવે મને એનો બદલો મળો છે ભાઇ ! મને મારા ભુત જીવનનો બળાપો થાય છે તમે મને હતાશ કરશો ? આટલુ તો માનો, ભાઇ એન્ટન ! આટલુ તો કબૂલ રાખો '

શ્રીમતી એનાયદી પછી પાછળ હઠી ગઇ, ને નિસ્તબ્ધ બની ગઇ, એની આખમાથી આસુની ધારાઓ પડી, અને હુ દૂરથી એને આમ્બે જોઇ રહ્યો થોડીક વાર પછી, મહા મુશ્કેલીથી એ બોલી, 'વીરા ' હજી તમને બધી વાતોની ખબર નથી એ વાતો મારૂ દિલ કોરી ખાઇ છે તમને એની ખબર પડશે, ત્યારે તો તમે મારા પર ધીક્કાર વરસાવશો પણ, લો, હવે કહુ છુ મેજ આયવ નને, તારા અને મારા આયવનને, ઝેર પાઇ મારી નાખ્યો છે તમને ખબર નથી પણ હુ કહુ છુ આયવન મારો હતો, અને મારાજ આયવનનુ મે ખૂન કર્યું !"

'શુ આયવન તમારો છોકરો હતો ? સાચુ કહો,' મે ધૃણાથી કહ્યું.

"હા, હા, એ મારી જ કૂખમાં પાકેલો" તેણે ઉતર આપ્યો "આ પાપીએ એને જન્મ આપ્યો અને એજ કલકી માતાએ એને મારી નાખ્યો પચીસ વર્ષની હુ જ્યારે હતી, ત્યારે મારા જોબનનો બ્હાર માતો ન્હોતો અને તેવા ઉન્મત્ત કામમા મે આયવનનો ગર્ભ ધર્યો એની જીન્દગીની પચ્ચીસ શિશિર વીતી તોપણ એને મે ખબર પડવા ન્હોતી દીધી કે એના માબાપ કોણ હતાં પરંતુ પાછળથી કોણ જાણે એ જાણી ગયો એને ખબર પડી કે તે જાર-પુત્ર હતો

એનો પિતા કાયદેસરનો હતો નહિ, એની માતા કાયદેસરની હતી એનો પિતા એનું પાલન ન કરે, પણ માતા કેમ રહી શકે? પણ, અરે! મે એને રખડવા દીધો માના સ્નેહથી એને વંચિત રાખ્યો આખરે, તે બધો ભેદ સમજી ગયો એટલે તેણે મને એક દિવસ કહ્યું, 'હવે તો મના પાપનું પોકળ બ્હાર પાડીશ' મે ત્યાં સુધી, એને છૂપી રીતે પૈસા આપ્યા હતા અને ભણાવ્યો હતો, પરંતુ એ સરપની માફક જેનું દૂધ પીધું તેનેજ કરડવા ધસ્યો એન્ટન! ત્યારે હું શું કરૂં? એ તો કેરકેર મારા કલંકિત જીવનની કહાણી કહેવા લાગ્યો, અને મને સતાવવા લાગ્યો અને જુઓને એ તો આગળ વધ્યો મારા સ્વામી પાસે મારી કહાણી પ્રકટ કરવાની એણે મને એક વખત ધમકી આપી અને ખરેખાત જો તે એમ કરી શકયો હોત, તો મારી શી દશા થાત? એન્ટન! વિચારરોને? હજી બાકી છે ઓલ્ન્ગા મારીજ પુત્રી અને આલરન પોતાની બ્હેન સાથે પ્રેમમા પડયો! આ તે ના મારાથી કેમ જોવાય! મારીજ કૂખમા પાકેલા સંતાનો એકમેક સાથે લગ્નથી જોડાય ત્યારે મારે શું કરવું? મે એને આલ્વરનને, મારાજ પુત્રને, ઝેર પાયું ને માર્યા"

શ્રીમતી નીરવ બની ગઇ એના અંતરમા ક્લેશ અનુતાપ અને ભયનો સંચાર થયો એના મુખ પર એ ભાગેનું કાળું જુ'ર દેખાતું હતું હું આ જોઇ, નાસી જવા લાગ્યો, પરંતુ તે મારી પાસે આવી, મારો પગ ઝાલી બેઠી, અને રોતી રોતી બોલી, "અરે! આમ તે છોડીને ક્યાં જાવ? મરૂં અંતર ભડભડ બળે છે તમે કહો તેવા સોગન ખાઉં મારા જીગરમા પાપનો પસ્તાવો થાય છે મને

શાંતિ નથી મારૂ હિત મને સમજાતુ નથી એન્ટન ! હુ પાપી છુ હવે મને મોતનો ડર નથી મારે માટે મૃત્યુ જ શ્રેયસ્કર છે તમે જાણો છો કે હુ એક પ્રતિષ્ઠિત કુળની વધુ છુ એ કુળની મર્યાદા, એ કુળની સજ્જનતા, ને એની પ્રતિષ્ઠા ઉત્તમ છે તો પછી મારી પાપી કથા પ્રકટ થાય તો મારા સાસરીઆઓને એમ લાગે, અને મારી અવગત થાય આ તાલણીમા તપઇ જવા હવે હુ તૈયાર છુ જુવાનીના ઉછાછળા જીવન માટે મને મૃત્યુ જ મળવુ જોઇએ મોતજ મારૂ પાપ ધોઇ શકે મારા આચરણ પાછળ પડછાયાની માફક ભમી અને તેને માર્યો, હવે હુ જાતે મરીશ પ્રિટસમર્ગની પેલી કુજ ને આચરણને દીઠેલો ઝરો ઘાના એ ટન ' આજે મને કપારી ચઢવે છે કેવી ચાનગી ' કેવી પાપી ' મા ! પુત્રને મે જ માર્યો !'

ત્યા સ્ત્રી એનાબ્લૂએ પોતાના હાથ વડે મ્હો ઢાકી દીધુ તે ઉભી થઇ અને મારી સામે આવી મે કહ્યુ, " શ્રીમતી ! આપણે મન્ન મચે હીએ એમા આપણુ હિત નથી આપણે તો અલગ જ રહીએ જૂઓન, આપણો ભેગા થયા તો આવુ વિનાશક પરિણામ આવ્યુ ! "

" તમે શુ ત્યારે આ દુ મ સાગરમાથી મને બચાવશો નહિ ? મારી વાતને તમે એકદમ ઉરાડી મૂકશો ? આ દીન પર એટલી દયા પણ ન આણો ? " તણે પૂછ્યુ

અત્યત વિવેકથી મે કહ્યુ, " બ્હેન ! હવે બધુ શુ કહુ ? તમારી દશા દેખી મને ખેદ થાય છે, ને રડવુ આવે છે પ્રભુ ! પતિતપાવન ! તમારા દુ ખનુ માર્જન કરો ! તમારો આન્તરિક સતાપ તમારા પાપને બાળી નાખો ! પરતુ, બીજુ હુ શુ કરૂ ? તમારી

ઇચ્છાને મારાથી વશ વર્તાય એમ નથી બ્હેન ! આવી દશામાં તમને નિરાશ કરૂ છું, તે બદલ માફ કરજો. ”

તેના ઓઠ કાંપ્યા, થરડાતે સ્વરે તે બોલી, “ ત્રણ લાખ રૂપિયા પણ તમને ડગાવતા નથી ! આ ઓછા છે ? વધારે જોઇતા હોય તો સ કોચ રાખશો નહિ વધારે આપુ એક વખત મને આશા આપો ”

મે કહ્યુ, “ લાલચ આપશો પણ હુ લોભાઇશ નહિ આનાં કરતા વધારે પ્રલોભન લાવશો તોપણ હુ ડગીશ નહિ ”

અશ્રુપૂર્ણ આંખો સાથે શ્રીમતી ચાલી ગઇ. એ ગઇ, તોપણ આખા ઓરડામાથી પેલી કરૂણાજનક દીન ઓીનુ સ્મરણ સરી ગયુ નહિ, બીજે દિવસે હુ છાપુ વાચતો હતો મોટા અક્ષરે તેણા લખ્યુ હતુ, “ એક ઓીનો આત્મઘાત ’ શુ ત્યારે શ્રીમતી એલાયર્દીએ ગભરાટના માર્યા આપઘાત કર્યો ! અરર ! અને બીજુ શુ લખ્યુ છે ?”

પેલી ખબરમા વધારે સાબીતી મળે તેટના ખાતર જણાવાયુ હતુ કે પાર્લામેન્ટના મશહૂર સભ્ય મિ૦ હેરલ્ડ એલાયર્દીના ધર્મ પત્ની શ્રીમતી એલાયર્દીનુ મુડદુ તેમને ખાટલા પર જડી આવ્યુ હતુ પાસેના ટેબલ પર વિષની શીશી પડી હતી, અને શીશીની પાસે એક પત્ર હતો એ પત્રમા ઘણી છાની વાતો લખવામા આવી હતી

શ્રીમતી એલાયર્દીના મૃતદેહ પર પચ બેઠી અને ઠરાવ્યુ કે તેમણે ઝેર પીને આપઘાત કર્યો હતો આ બનાવ પછી બીજે દિવસે મિ૦ હેરલ્ડ એલાયર્દી પોતાની છોકરીને લઇને બીજે દેશ ચાલ્યો ફરીથી તે લડન નજ આવ્યો ઓાયન્દા તેની સાથે ચાલી તો ન ગઇ હોય !

પ્રકરણ પંદરમું

સેન્ટ જર્મનથી પેરીસ સુધી એક સરિયામ સડક જાય છે એ સડક પર ટિરલેટેટિન નામની હોટલ છે એ સ્થાન સુરમ્ય છે, પરંતુ નિર્જન છે એના આગણામા ફૂલોની ચાદર પથરાઇની રહે છે, ને નજીકમા સીન નદી વાંકીચૂકી વહે છે ઉન્હા પ્રખર તાપમા એ નદી વિરહવેદનાથી બળતી હોય તેમ સુકાઇ જાય છે, ને એક રૂપેરી તારના માફક ચળકતી વહે છે વર્ષાના આગમને એનો હર્ષ માતો નથી એના પાણી તટને ભીંજવે છે, ને ઘુઘવાટથી નીરવતાને તોડે છે આ રળિયામણા માર્ગ પર બે વટેમાર્ગુઓ ચાલ્યા જાય છે તે વખતે સાયંકાળનો વખત હતો, ને કુદરતી સુંદરતામા વૃદ્ધિ થતી હતી એ બે એક નવજવાન છે તેની ઉમ્મર આશરે ત્રીસ વર્ષની છે બીજો પ્રૌઢ છે ને તે પચ્ચાસ વર્ષનો છે એકમા અમીરી છે, ને મનોહરતા છે બીજામા રૂપેરી વાળ સાથે કાળા વાળ બેન કરે છે, આંખોમા ઉજ્જ્વળતા છે, ને અનુભવના ચિન્હો છે બન્નેના કપડા સ્વચ્છ પણ સાધારણ છે

પચાસ વર્ષના પેલા પ્રૌઢ આદમીને તમે ઓળખી શકો છો? મારી બ્હેન માસાની દુર્દશા કરનાર પેલા જનરલ મર્ટિયાનફને તમે વીસરી ગયા હો તો ફરી યાદ કરો. અત્યારે તે પેરિસમાં રહે છે અને ગુપ્ત-ચરોનો તે શિરોમણી છે. આ સરિયામ સડક પર પેલા નવજવાન સાથે ચાલતા જનરલ મર્ટિયાનફ અમારી મુઠમાંથી બચી શકે એમ નથી. અમારી સમિતિએ એની ખાસ તપાસ કરવા માટે મને મુક્યો છે. ખુબ રવડી રવડી મને અત્યારે એના ઝાંખા દર્શન થાય છે. જેણે અમારા અસંખ્ય આદમીઓને જેલ કોટડી બતાવી, સાઇબિરી આના પ્રદેશના દેશવટા અપાવ્યા, અને શૂળી પર જેણે અમારા માણસોના બલિદાન હોમાવ્યા તે જનરલ મર્ટિયાનફ હવે કેમ કરી છટકી જશે? હ! હવે તે મારા પંજામાં આવ્યો છે. જોઇએ હવે એ કેમ બચી શકે છે! એ નરપિશાચ ચાહે તેટલા પ્રપંચો રમે પણ હવે તે ફોગટ સમજવા.

જનરલ મર્ટિયાનફ અહીં જમી રસાલો લઇ રહ્યો છે. એ ધનની છોળો ઉરાડે છે, બે ઘોડાઓ દ્દાવે છે. એક ગાડી ફેરવે છે, અને ગાડીવાન તરીકે રશિયનોને રોકે છે. એના ચપરાસીઓની સંખ્યા જેવી તેવી નથી. એ બધા આ હોટલમાં ખાણા લે છે અને નાટકોના તમાસા જૂએ છે. આજુબાજુના શહેરોમાં તેઓ ભમે છે ને પોતાની ચાલાકીના બણગાં ફુંકે છે. આટલું છતાં સમાજ એમના પર વિશ્વાસ નથી બેસાડતી, એમને કોઇક કોઇક વખત પોતાને ઘેર જમવા ન્હોતરે છે પરંતુ તેમની સાથે શ્રદ્ધાપૂર્વક મૈત્રી નથી બાંધતી.

પણ, બધા થોડા એવાં બેફીકર હોય છે! આ સડક પર એક મકાન છે, અને તે મકાનના માલિકને બાશા છે ને

શ્રદ્ધા છે અહીં જનરલ સાહેબની કીર્તિ ગાથા ગવાય છે, અહીં તેમની પ્રશંસા મેળવવાની ધગશ રાખનારાઓની ભીડ થાય છે

મેં પણ એ મકાનનો ભાગ ભાડે રાખ્યો એક વખત સૂર્યાસ્ત થયો હતો, અને જનરલ સાહેબ પોતાના કમ્પાને લઇ બહાર જતા હતા ઝાડોની ગુંચવાયલી ઝાડીઓમાં લપાતો લપાતો હું તેમની પાછળ ગયો ગેસ્ટન નામનો જનરલ મટિયાન્દનો સાથી સ્હેજ આગળ ચાલતો હતો, ને પછી વધારે વેગે ચાલવા લાગ્યો અને બીજાની નજર ન પહોંચે એવી એણે ગતિ લીધી હું ઝાડની ગુચ્છોમાં લપાતો ચાલતો હતો, અને મેં એ ઝાડોના આકામાંથી ગેસ્ટનને નિહાળ્યો મેં જોયું તો ચળકતા વાળવાળી એક યુવતી સામી આવતી હતી દૂરથી પણ હું નીહાળી શક્યો કે તેનામાં સૌન્દર્ય હતું મારા આશ્ચર્યની વચ્ચે, એ રમણી મારી નજીક આવી પહોંચી એને જોતા હું સહેજ ચમક્યો પરંતુ તરત સમજી ગયો અહો! આ તો નેટલિયા! નેટલિ! લેમેડેકની પુત્રી! નેટલિયા તો અમારી મંડળીનો અગ્રગણ્ય સભ્ય રશિયાના રાજ્યમાંથી એ ભાગી ગઇ હતી ત્યારે પેરીનના એક અજાણમાં તમંચો એક હુકમ ઉઠાવ્યો મેંડો હતો

એ યુવતી મારી પાસેથી ગઇ, પરંતુ મને તે જોઇ શકી નહિ ચોપાસ ઉગેલાં વનવૃક્ષોમાં એણે તો પોતાની મંઝિલ આગળ કાપી હું પણ બીજું કામ પડતું મૂકીને પાછળ પાછળ થયો

વળાંકવાળા રસ્તાઓ વટાવી, ગુંથાયલાં ઝાડોને ઓળંગી, અનેક ચઢઉતર કરી અમે એક નદી પાસે આવી ઉભા એ સરિતાના કિનારા પર એક પહાડ હતો એ પહાડ પર એક ઝુંપડી હતી નદીનાં નીર ડુંગરને ઘસી આગળ વધતાં હતાં, અને તે ઘસારાની જગ્યા આગળ

ગીચુના ફેરાઓ જણાતા સીન નદીનો આ એક ફાંટો હતો, અને એ નાનો ઝરો કાંઠક એટો બેકારી હતો

અરે ! આજ ભેખડના ઉપર ગેમ્ટન ઉભો હતો ! જેણે બવાની નજર ચૂનાના આગળ ઘસારો કર્યો હતા તે અહા અ ઉગની ભેખડ પર બેઠી યુવતીની રાહ જતો ખડો હતો ! આ યુવતીને જોતા ગેમ્ટનની આખમા જૂદ જ તેજ ચમક્યુ આછુ સ્મિત કરી તેણે ચુમન માટે હાથ લબાવ્યો, પરતુ બેઠી રમણીએ ચુમન કરવાની ના ભણી આવી નિરાશા મળ્યા છતા ગેમ્ટન હતાશ થયા નહિ તે બોલ્યો, ' બધે નેટાલિયા ! તમને એમ ગમ્યુ ને બને એમ થયુ અહા ! મારો હાથ અનેક કન્યાથી પવિત્ર થયો છે, તેથી તમે તેને ચૂમવા ના પાડો છો ! પણ નેટાલિયા ! તમારા હૃદય મંદિરમા મને જગ્યા કરી આપો મને તને એટલુ સુખ આપો જૂઓ મને આ સિવાય બીજી કંઈ ઉમેદ નથી મને એક વખત તમારા સ્નેહ માટે લાયક બનાવો ... ... કગ ... ... પડશે ... તેનો તમારે જોઈએ ... ... મને ... ... ફત, તમારા દિલમા અરે માટે સ્નેહનું ... કિરણ ... મને તમારા પ્રેમ માટે પાવન કરો '

બેઠી રમણીએ કાગળપત્ર ... લીધા અને ઉભી થઈ બોલી, જાઓ, તમારા બધા દોષો માફ ' આ પછી તેઓ બન્ને નદીના તટ પર ફરવા લાગ્યા બેઉ કંઈ બોલતા ન હતા, બેઉ એકએકની ચિન્તામા પડ્યા હતા આ વખતે અચાનક ઉપર ઝાડની ઘટામાથી ... મારથી ... શક્યો નહિ આખરે હુ તો ત્યાથી મારી હોટલમા આવ્યો અને બીજે દિવસે પેરિસ પહોચ્યો

પેરિસની એક હોટલમા હુ રહ્યો એક રાતે, રૂડીમનગો નામના રસ્તા પર મે મર્ટિયાનફને જોયો એનામા આ વખતે સુન્દરતા હતી એનો પોશાક રાતો હતો, અને રાતમા બરાબર પારખી શકાય નહિ એવો એનો દેખાવ હતો મે જોયુ તો એ એક હોટલમા જમવા જતો હતો હુ મારી હોટલમા આવ્યો, અને મર્ટિયાનફ આ હોટલમા રહેતો હતો એવી મને એક જણે ખાત્રી આપી અત્યારે જમવા માટે એ બીજે ક્યાક જતો હતો તે તો મે જોયુ, તોપણ મર્ટિયાનફની ઓરડી આગળ જઇ મ બારણુ ખખડાવ્યુ, તો એક વિચિત્ર રશિયન નોકરે મને કહ્યુ "સાહેબ તો બ્હાર ગયા છે એ ક્યારે આવશે તેની મને ચોક્કસ ખબર નથી"

મે કહ્યુ, "મારે તો સરકારી કામ છે લો, આ મહોર લો મને આ ઘર જોવા દો, મારે અગત્યની તપાસ કરવી છે"

નોકર મને જનરલના ઓરડામા લઇ ગયો એ ઓરડાનો દેખાવ મનોહર હતો એની બારીએ કિમતી પડદાઓ લટકતા હતા એક ટેબલ પર મોહક દીવો જલતો હતો અને ચાર બાજુ સોફાઓ સોહતા હતા એ સોફાઓ પર રેશમી ચાદર બીછાવી હતી, અને નજીકમા પુસ્તકના કબાટો ગોઠવ્યા હતા આ ઓરડાની સજાવટ આકર્ષક હતી એટલુજ નહિ, પરતુ મનને હારનારી હતી મે આ ઓરડો બરાબર જોયો ટેબલ પર એક ખુણામા કાગળની ચોકડી પડી હતી તે પર મે મારી નજર ઠેરવી

બિચારો નોકર મને અહી મુકી ચાલ્યો ગયો હુ તો એ કાગળ ઉપર નીચે કરવા લાગ્યો, અને મને જણાયુ કે એમા તો પેગીસના નિહિલિસ્ટોના નામો હતા બીજા કાગળિયા ઉથલાવતા મને વધારે માહીતી મળી એ કાગળ લીલા રગનો હતો, અને તે ઉપર છૂપી

પોલીસનો અહેવાલ લખ્યો હતો વધારે ઝીણવટથી જોતા મને ખબર પડી કે નેટાલિયા પર આ છૂપી પોલીસોની નજર હતી, ને તેને પકડવાની તેઓ પેરવી કરી રહ્યા હતા વળી, એક કાગળ પર નીચેના પ્રશ્નો મૂકયા હતા —

શહેનશાહનુ પોલીસ ખાતુ

(આ પત્રક દરેક અઠવાડિયે વડા અમલદારને મળવુ જોઇએ, અને પૂરતી માહીતી મેળવવામા પાકી સાવધાની રાખવી, તેમા જરા પણ ગફલત ન હોય)

(૧) જે વ્યકિત પર કશો પણ સદેહ હોય તેનુ નામ, તેના બાપનુ નામ તથા તેનુ રહેઠાણુ તે વ્યકિત સ્રી છે કે પુરૂષ ?

(૨) તે કયા નબરના ઘરમા રહે છે, તથા તે ઘર કયી સડક પર, કયા ગામમા, તથા કયા ફીરકામા છે ?

(૩) પહેલા એને કયા જોયેલી ? એના પર શક લાવવાના કારણ ન જોયેલી હોય તો તે જણાવવુ

(૪) અત્યારે કયા રહે છે ? કયાથી અહી આવી છે ? અહી કેવી રીતે દિવસો કાઢે છે ? એના સબધમા હાલમા કઇ બન્યુ છે ?

(૫) એ એકલી રહે છે કે કોઈ સાથી છે ? અને સાથી હોય તો તેનુ નામ, રહેઠાણુ તથા ઓળખ વગેરે

(૬) એ નોકર રાખે છે કે કેમ ? રાખતી હોય તો કેટલા ? નોકરનો પોશાક, કામકાજ, તથા ઘરના માલિકનુ નામ વગેરે

(૭) એ જમે છે કયા ? બીજે જમતી હોય તો તેનુ સ્થળ તથા ઓળખ

(૮) એ ઘરની બહાર નીકળે છે ? નીકળતી હોય તો પાછી ઘર કયારે આવે છે ? એ પુસ્તકાલયમા જાય છે ? જતી હોય તો કયારે ? અને કયા કયા પુસ્તકો વાંચે છે?

(૯) ઘરમા કેવી રીતે વખત કાઢે છે ?

(૧૦) એનુ કુટુબ છે કે નહિ ? એને બાળબચ્ચા છે ? અને હોય તો કેટલા ?

(૧૧) એને કોઈ સ્ત્રી સાથે સ્નેહ છે ? જો સ્નેહ હોય તો તે સ્ત્રીનુ નામ, રહેઠાણ, ઓળખાણ વગેરે

(૧૨) આ અઠવાડિયા દરમ્યાન એને કોણ કોણ મળવા આવ્યુ ? મળવા આવ્યુ હોય તો દિવસે કે રાતે ? એના નામ, કામ વગેરે

(૧૩) કોઇ સ્ત્રી 'પુરુષ એની સાથે સૂતુ હતુ ? તેના નામ રહેઠાણ વગેરે

(૧૪) આ વ્યક્તિ દારૂ પીએ છે ? રશિયાથી એના નામનો કઇ કાગળ આવ્યો છે ?

(૧૫) એને ગિરફતાર કરવા માટે કયો વખત બરોબર છે ?

આ પ્રશ્નાવલિમા જે જવાબ ભર્યા હતા, તે જોઇ હુ તો દગ થઇ ગયો નિહિલિસ્ટોને જે વાતની ખબર નહોતી તે વાતની આ પોલીસ ડિપાર્ટમેન્ટને ખબર હતી ! આ કાગળ પર તકવિતર્ક કરવામા હુ તો ગુલતાન થઇ ગયો અને મારી પાછળ એક આદમી આવી ઊભો હતો તે પણ મને ભાન રહ્યુ નહિ મારી ગળચી પકડી તેણે કહ્યુ, " એન્ગન પ્રેજનેવ ! હવે જલ્દી કરો જનરલને આવવાનો વખત થઇ ગયો છે "

હુ તો આવી દિલ્લગી સાભળી છક થઇ ગયો જનરલ સાહેબનો આ રશિયન નોકર મને આ બધુ કહે ! મે કહ્યુ. "તમે મને ઓળખો છો, એમ મને લાગે છે "

'હા' તેણે ટુકામા પતાવ્યુ, અને નિહિલિસ્ટની સજ્ઞાઓ પ્રમાણે મને સમજાવ્યો

"તમે તો અમારા દળના માણસ લાગો છો. તમે આ જન-રલની તહેનાતમાં ક્યાંથી?" મેં ગભરાઇ જઇને પૂછયું

"ભાઇ! મારૂં નામ પોલ સિરિયાલફ છે પિટર્સબર્ગમાં મને આ જનરલ સાહેબે ખિજમતદારની નોકરી અપાવી પરંતુ હું તો ખુદાનો સેવક છું" મારૂં અકળામણ શમાવવા છેલ્લા શબ્દો પર ભાર મુકતાં તેણે જણાવ્યું

'ત્યારે તો તમે છૂપી પોલીસના બધા કામકાજે અને કાગળિયાથી વાકેફ હશો?' મેં પૂછયું 'કેમ નહિ? નહિ તો નોકરી શું કામ કરીએ!' તેણે માર્મિક ઉત્તર વાળ્યો 'અને વળી જૂઓને, હું તો તેમની ચાલબાજી જાણી જાઉં છું, તેના કાગળિયાની નકલો કરી લઉં છું, ને પછી પિટર્સબર્ગની નિહિલિસ્ટ સમિતિને જણાવી દઉં છું મેં પૂછયું, "તમે લેમોડેફને ખબર આપી છે! તેને ચેતવ્યો છે?"

'હા તેણે કહ્યું 'હવે તો તે લંડન જવાની તૈયારીમાં હશે'

"એના છોકરીને આ બધી વાતની ખબર છે ખરી?' મેં પ્રશ્ન મૂક્યો, પરંતુ એટલામાં તે બોલી ઉઠયો, "હવે ભાગો, મટિયા નફ આવી પહોંચ્યો છે આપણા બાર વાગ્યા સમજજો" તેણે આમ કહી મને પાસેના ઓરડામાં ધકેલી દીધો, અને ગુપ્ત સીડીથી ઉતરી હોટલની બ્હાર મને માર્ગ બતાવ્યો હું ચાલ્યો ગયો

થોડાક દિવસ વીત્યા અને હું મારા સુવાના ઓરડામાં પડયો હતો, એટલામાં કોઇએ મારા દ્વાર ઉઘાડયાં મારી આગળ મારી સમિ-તિનો પારમન આવ્યો તેણે ગભરાટમાં કહ્યું, "એન્ટન! લેબોડેફને પોલીસે ગિરફતાર કર્યો છે ગઇ રાતે એના ઘરમાં પોલીસો પેઠા હતા અને જડતી લીધા પછી તેમને વિદ્રોહી કાગળો જડયા છે એ કાગળના જોર પર તેમણે એને પકડયો હતો" "પણ હમણાં તો

પોલીસોએ એને સાવધાન કર્યો હતો ?" મે સદેહથી પૂછ્યુ 'હા, વાત ખરી પરતુ તે બરોબર તૈયાર થઇ શકયો નહિ એટલે પકડાઇ ગયો' પારમને ઉત્તર આપ્યો

મે વધારે પૂછપરછ કરી નેટાલિયાની છોકરી વિષે પૂછ્યુ તો મને જવાબ મળ્યો કે ' એ તો બ્હાર નીકળે છે, પરતુ લપાતી ફરે છે "

"ઠીક, ત્યારે,' મે આખરે કહ્યુ, "લેમોડેફને આપણે બચાવવો તો જોઇએજ ગેસ્ટને નેટાલિયાની દિકરીને ખબર તો આપી હશે, પરતુ મને લાગે છ કે જનરલ મર્ટિયાનફ સાથે એ કઇ કાવત્રામાં જોડાયલો છે"

અરે ! બિચારો લેમોડેફ માર્યો જવાનો ! એને દેશવટો અપાશે ! પોલીસોએ સાક્ષી પૂરાવા મેળવવામા જેવી તેવી ચાલાકી નથી વાપરી એટલે એને માટે સાઇબિરિયાનો વગડોજ સમજવો ! પણ હવે હુ શુ ? અત્યારે રાત છે, કાલે સવારે કઇ વિચાર કરીશ, અને પગલા લઇશ એમ નિશ્ચય કરી ઉંઘ માટે તરફડીઆં માર્યા પણ ઉઘ આવી નહિ બીજી સવાર ઉગી અને મારા હાથમા એક છાપુ આવ્યુ મે તેમા વાચ્યુ, "સીન નદીના વ્હેનમા એક કાળી વસ્તુ તણાતી હતી પાછળથી તપાસ કરતા જણાયુ કે એ કોઇ સ્ત્રીનુ શબ હતુ એ શબને હાલમા ઇસ્પિતાલમાં રાખવામાં આવ્યુ છે"

આ મર્મવિદારક સમાચાર વાચી મારા મનમા અનેક વિચારો આવ્યા નેટાલિયા લેમોડેફની છોકરી તો ન હોય ! એક સાથીને લઇને હુ ઇસ્પિતાલમા ગયો, અને શબ તપાસ્યુ મને ખાત્રી થઇ કે એ નેટાલિયાજ હતી ! ત્યારે એને મારનાર કોણ ? ગેસ્ટન તો ન હોય !

આ બધી કાર્ય પરપરા પર વિચાર કરવા પેરિસમા નિહિલિસ્ટ સમિતિ બેઠી તેમાં અનેક કાગળો રજૂ કરવામાં આવ્યા અને પુરાવા

ચર્ચા પછી સાબીત થયુ કે જનરલ મર્ટિયાનફ એજ ફ્રાંસના રાજ-દૂતોનો વડો છે એને લઇનેજ અનેક માણસોને જેલ જવુ પડયુ છે મા એને મારીજ નાખવો મમામા આ વખતે ક્રોધ માતો ન હતો સર્વાનુમતે ઠરાવ કરવામા આવ્યો કે એને ઠાર કરવો, ને છૂપી પોલીસની પ્રગતિને ડામતી આ મહાપુરૂષને મારવા માટે ચિઠ્ઠીઓ નીકળી, અને એ મહાન કાર્ય મને સોપાયુ

હુ તો આ નવા કામનો બોજ લઇ તેજ ગને પેરિસથી નીકળ્યો મારી માથે સિરિયોલફ પણ હતો માર્ગમાં સિરિયોલફ સાથે મસલત કરી અમે આખરે ઠેરવ્યુ કે તેણે જનરલની સેવામાથી રાજીનામુ આપવુ, અને મારે તેના બદલી તેની જગ્યા સ્વીકારવી મારી પાસે એક કોઝેક સેનાપતિનુ પ્રમાણપત્ર હતુ, એટલે સિરિયોલફે રાજીનામુ આપ્યુ કે તરત મર્ટિયાનફે મારી નિમણુક કરી હવે હુ મર્ટિયાનફનો સેવક બની રહેવા લાગ્યો થોડાક દિવસ પછી મને એક છાપા દ્વારા ખબર પડી કે લેબોડેફને દેશપારની સજા કરવામા આવી હતી, અને સાયબિરિયામાં એને કેદીજીવન ગાળવાનુ ઠર્યું હતુ

એક રાતે એક ઠીંગણા કદનો આદમી આવ્યો તે નશો જણાતો હતો મને પૂછયા કર્યા વિના સીધો તે જનરલના ઓરડામા ભરાયો અને કાનમા વાતો કરવા અડી ઉભો રહ્યો જનરલ સાહેબે પેલા મહેમાનને હસતા હસતા કહ્યુ, " જોયુ ને, બડી કોશીશથી એને ગુન્હેગાર તો ઠેરવ્યો હવે રશિયાના એકચક્રી રાજાધિરાજ મારી હોશિયારીના કેવા વખાણ કરશે ! "

" એ તો ઠીક, પરતુ નિહિલિસ્ટોને જેવા તેવા સમજશો નહિ તેઓ તમારી સામે ધૂધવાઇ રહ્યા છે " તેણે કહ્યુ

"અરે ! એની પરવા છે કોને ? જ્યાં સુધી નિહિલિસ્ટોની મે જડ કાઢી નથી, ત્યાં સુધી મને કળ વળવાની નથી મને શાંતિ તો ત્યારે જ વળશે, જ્યારે નિહિલિસ્ટોને આ દુનિયા પર રહેવાનું અશક્ય કરીશ " જનરલ સાહેબે બડાશ મારતા કહ્યું.

પેલા આગન્તુકે એ વાત લંબાવી તેણે કહ્યું, "પણ, એક નિહિલિસ્ટને ખસેડશો એટલે રાજ્યના સિંહાસનના પાયાને ખોદશો જાઓ તમે ગમે તેટલી બડાશ મારો તોપણ નિહિલિસ્ટો વિના સામ્રાજ્ય પોલું છે એ તમારે કોઇ કાળે પણ માનવું પડશે તમારા કહ્યા પ્રમાણે મે નેરાલિયાને જળસમાધિ આપી, અને કાગળપત્રો પાણીમા ડૂબાડયા, પરંતુ હજી શું કરવું છે ? "

માર્ટિયાનફે કહ્યું, "મે સાંભળ્યું છે કે તમે પેલી યહૂદી છોકરીને અચ્છી રીતે મેથી પાક આપ્યો છે આ વાત મને બહુ ગમે છે તમારા આ કાર્ય માટે તમને હું જરૂર કંઇ બક્ષીસ આપીશ જૂઓને, એ છોકરી એવી તો કમજાત છે કે આપણા પક્ષના કાગળિયા મેળવી જાય છે ને બ્હાર ઉડાવે છે, એટલે આપણા કાવત્રા નિષ્ફળ જાય છે, ને આપણી મુરાદ બર આવતી નથી વળી, છાપાઓમા એ એવા તો લેખો ચિતરી મારે છે કે આપણને રહેવાનું મુશ્કેલ થઈ પડે સાચું કહોને, તમે એને સારી રીતે મારી છે ને ? બિરાદર ! તમને જરૂર ઇનામ આપીશ "

પેલા માણસે કહ્યું, "હા, હા પણ સાહેબ, તમને તો ઝાર સમ્રાટ ખૂબ આપશે, ને તમે અમાત્ય થઇ બેસશો પછી અમારૂં શું ? "

"અરે ! એમ તે હોય," જનરલે હસતા કહ્યું

"પણ સાહેબ! તમારા જેવા મહા પુરૂષ આગળ તે વખતે મારૂ શુ ચલવાનુ! કયા રાજા ને કયા તેલી! આપણો મેળ ક્યાંથી બેસે!" પેલા ઠીંગણા સજ્જને કહ્યુ

આ વાત એટલેથી રહી, અને પેલો ફ્રેંચ ચાલ્યો ગયો જનરલ સાહેબે મને એક ચિઠ્ઠી લખી આપી અને મને એવન્યુ ડી ઓપેરામા મોકલ્યો.

અરધા કલાક પછી હુ પાછો આવ્યો, તો મારા ઓરડામા મે પોલ સિરિયોલફને જોયો એના હાથમા એક કાગળ હતો, અને તે પર જનરલ માર્ટિયાનફનુ અસલ નામ હતુ

તેણે મને કહ્યુ, "દોસ્ત! પેલી કનમમા બાળનૃત્ય થવાનુ છે, તે માટે જનરલ સાહેબને આમત્રણ આપવા હુ અહી આવ્યો છુ' સિરિયોલફ આવી રીતે ઘણી વખત આવતો હતો એટલે તેના આજના આવવાની મને ખાસ ઉપયોગિતા જણાઇ નહિ

પણ થોડીક વારમા મે જનરલના ઓરડામા બદૂકની ગોળીના અવાજ સાભળ્યા મને લાગ્યુ કે એકાદ ભીંત તૂટી પડી હશે સિરિયોલફ ઓરડાની બ્હાર આવ્યો, પરતુ ચૂપકીદીથી તે કયાક ચાલ્યો ગયો હુ ઓરડામા ગયો તો જનરલની છાતીમાથી લોહીની શેરો નીકળતી હતી અને બબડતો હતો, "વેર, વેર"

ધીરેધીરે એના હ્રદયના ધબકારા બધ થવા લાગ્યા થોડીક ક્ષણમા એનો જીવ ઉડી ગયો, એનુ મુડદુ ત્યા પડી રહ્યુ

આવી રીતે પેરિસમા રહેતા રશિયન રાજદૂતના જીવનનો અસ્ત થયો. એક નરપિશાચ આ સસાર છોડી ચાલ્યો ગયો !નિહિલિસ્ટોના૧

માર્ગ પરન્તુ એક કંટક દૂર થયુ બસ ! પાપી મર્યો એમા ખોટુ શુ ! પણ ઓરડામા પીખાઈ ગયેલા કાગળો તરફ મે નજર નાખી મને જણાયુ કે કોઇ હત્યાકારીએ એની તપાસ કરી હશે ગમે તેમ હોય ! પણ જનરલ ગયો, જીવતો મૂઓ !

મારે મ્હારાગ્નો દેખાવ કરવો જોઇએ એટલે મે દાકતરને બોલાવ્યો પોલીસો પણ આવ્યા પરંતુ મે કોઇને પણ સિરિયોલક્ વિષે કહ્યુજ નહિ મ તો મારી જુબાનીમા કહ્યુ કે "હુ માંડ માંડ બચી શક્યો છુ"

જનરલના મૃત્યુ સમાચાર સાભળી નિહિલિસ્ટોના હર્ષનો પાર રહ્યો નહિ પેરિસમા કોલાહલ મચ્યો, પોલીસોએ ધમાચકડી કરી, પરંતુ ખૂની ન જડયો કોણ જાણે કોણે ખૂન કર્યુ હશે ?

આ બાજુ સિરિયોલક્ વિષે પણ કઈ ખબર ન મળી એવુ સાભળવામા આવ્યુ કે પેરીસથી તે બ્રુસેલ્સ ગયો, અને ત્યાથી એન્ટવર્પ, લડન પાલેરામા, જીબ્રાલ્ટર વગેરે સ્થળોમા રવડયો સિરિયોલક્ પાસે પૈસા હતા તે ખર્ચાઇ ગયા હતા, એટલે તેણે પોલીસ આગળ છતા થઇ જવાની ધમકી આપી નિહિલિસ્ટોએ આ ઉપરથી તેને આર્થિક મદદ કરી એ મને ચોકસ ખબર હતી

આ બનાવ પછી હુ લડન આવ્યો હુ મારા મકાનમાં બેઠો હતો, ત્યા મારી બ્હેન મારા હસતી હસતી આવી, અને તેણે કહ્યું, "એન્ટન ! તુ ખુશ થશે કે મે ગઇ કાલે પેરીસમા લગ્ન કર્યાં છે"

"પણ, બ્હેન ! કોની સાથે ?" મે પૂછ્યુ "કોની સાથે ? તમે મારા ભરથારને દીઠો જ નથી ! ગેરટ્ર વાથનોને તમે જાણતા નથી ?" તેણે કહ્યુ

મે આશ્ચર્યચકિત થઇ કહ્યુ, "અરે ! કોણ ! ગેસ્ટન ! કાઉન્ટ જૂલી વાયનનો છોકરો !"

"હા એજ" તેણે ઉમેરી કહ્યુ, 'પેરિસમા એ રશિયાનો રાજદૂત હતો એ સમયે મારે એની સાથે વાતચીત થઇ હતી ત્યા અમારા બન્નેનો પ્રેમ ગઠાયો પછી જનરલ મર્ટિયાનફ સાથે એ રહેવા લાગ્યો મે ગેસ્ટનને મારી ચિતક સમજાવી હતી, અને જનરલ પર મારે વેર લેવુ છે, એની મે જાણ કરી હતી તે વખતે મને ખબર નહિ કે તુ પણ જનરલ પર દ્વેષ રાખે છે"

"માસા ! હુ તો એમ જાણુતો હતો કે જનરલને મારનાર સિરિયોનફ હતો" મે કહ્યુ

માસાએ કહ્યુ, "ના, તુ ભૂલ કરે છે સિરિયોલફે જનરલને નથી માર્યો"

"અરે ! તુ શુ બોલે છે ? મે એને જનરલના ઓરડામા જતો જાતો જાત જોયો છે" એ નહિ તો બીજો કોણ ખૂની ?" મે આશ્ચર્યથી પૂછ્યુ

"વીરા, એ નહિ વાત ખરી છે કે જનરલને મારવાનુ કામ એના પર નખાયુ હતુ, તોપણ એણે નથી માર્યો મારુ અપમાન કરનાર નરપિશાચ મારા પ્રયાસે જ મૂઓ છે પારમરને તુ ઓળખે છે ને ? એને મારા પર વ્હાલ છે મારી ખાતર એણે જનરલને મારવાની પ્રતિજ્ઞા લીધી એ પ્રતિજ્ઞા લઇ, ઉત્સાહભેર એ જનરલના ઓરડામા ઘૂસ્યો, અને તેને મારી નાખ્યો પછી તે મારી આગળ આવ્યો અને બોલ્યો, "બ્હેન ! લે, તારા

દુશ્મનને વીંધી નાખ્યો" આ પછી એણે મને છૂપા કાગળિયાં આપ્યા, અને અંગતના ગ્રણી ગયો ત્યાર બાદ, જનતાના ખૂની તરીકે સિરિયાનકનું નામ ચડ્યું પરંતુ એ વાત જૂઠી હો" મામાએ સમજૂત આપી

મે પૂછ્યું 'પણ ત્યારે, સિરિયાનક દેશ વિદેશમાં કેમ રખડે છે?'

'એ તો પેટામાં ખત્ત ખરડવાના બાકી આ રહ્યો એનો ન્યુયોર્કથી લખેલો કાગળ' મામાએ જણાવ્યું

મે કાગળ વાંચ્યો, અને તેના અક્ષરો સિરિયાનકના જ હતા એની મને ખાત્રી થઇ આખરે મને ખાત્રી થઇ કે જ્યારે હું બ્હાર ગયો હતો ત્યારે પારમર ઓરડામાં પેઠે હતો, અને ખૂન કરી નાસી છૂટ્યા હતો

હવે મારી કથા પર છેલ્લો પડદો પડે છે મારી બ્હેન મામા પોતાનું વિવ [illegible] ન કુપ [illegible] અ અનત્યથી ગળે [illegible] હું કેટ-લીયે સ્ત્રીઓ સાથે પ્રણય કરી ચૂક્યો પરંતુ એકકી જીવન ગાળું છું પણ મારા પ્રિય દેશબાંધવોના અત્યાચારના જડ કાઢવા માટે જીવન સોંપવાનો નિશ્ચય કરી હું કામ કરું છું, ન મારે મારી આગળ બહુ દુશ્મનનો નથી મારો જીવનરાગ અત્યાચારના જડ કાઢવાનો ? અને તે આદર્શ આજે નહિ, કાલે નહિ, વર્ષે નહિ, પરંતુ અનંત કાળે પણ સિદ્ધ થશે એટલી મને શ્રદ્ધા છે એ શ્રદ્ધા ભરી હું આગળ ધપું છું મને તો ખાત્રી છે કે દીનદુઃખહારન દેવ આ મારા પવિત્ર કાર્યમાં સહાય આપે છે, ને મને તે આશા છે જ્યારે જુલમના નામનિશાન ઉખડી જશે, ત્યારે મારા અંતરનો ઉકળાટ

આમશે, ત્યારે મને શાંતિ લાધશે અત્યત શ્રદ્ધા સાથે નિહિલિસ્ટ સમિતિમા હુ જોડાયો, અને અત્યત શ્રદ્ધા સાથે મારા દેશના સ્વાતંત્ર્ય યુધ્ધમા મારૂ બલિદાન આપીશ, બાકી, એક વખત આરભેલા મુક્તિ જુધ્ધને આખરે તો જયજ છે, પરાજય એને માટે નથી, એને પરાજય ન મળે ઓ સ્વતંત્રતા ! ઓ સ્વતંત્રતા !
' ક્યારે થશે !

સમાપ્ત.